સળંગ અંક-૩૧, વર્ષ-૯, ઓક્ટોબરથી ડિસેમ્બર-૨૦૨૧

ISSN : 2321-4880


ગુજરાતની ઐતિહાસિક અને સાંસ્કૃતિક
ધરોહરને ઉજાગર કરતું સામયિક

અતુલ્ય વારસો®

Know Your Identity

અંબાજી વિશેષાંક

या देवी सर्वभूतेषु शक्ति-रूपेण संस्थिता ।
नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः॥



VISIT…

LANZAROTE Caliente.COM

ધાર્મિકતા, સુગમતા અને યાત્રિક સવલતોથી સજ્જ: અંબાજી

– સુધેન્દ્રસિંહ જે. ચાવડા (જી.એ.એસ.)




ભારતીય સંસ્કૃતિમાં ઉત્સવ અને આનંદનું અનેરુ મહત્વ છે.ભારતની ભવ્ય સંસ્કૃતિ ધાર્મિક પરંપરા અને શ્રધ્ધાના શિખર પર આલેખ પામી છે. તંત્ર ચુડામણિ અને દેવીભાગવતમાં ઉલ્લેખ છે કે માં સતીનું હૃદય અહિં પડયુ છે તેમજ શ્રી કૃષ્ણ ભગવાનની ચૌલક્રિયા આ સ્થાનકે થયેલ હોવાની માન્યતા પણ છે. વળી શ્રી રામ માઁ સીતાની શોધમાં જ્યારે અહી પસાર થયેલ ત્યારે માતાજીએ રાવણનું વધ કરવા તેમને અજયબાણ આપેલ હતું. શાસ્ત્રોમાં જણાવેલ ૫૧ શકિતપીઠની આબેહૂબ પ્રતિકૃતિઓ ગબ્બર પરિક્રમા માર્ગમાં વર્ષ ૨૦૧૪માં નિર્માણ કરવામાં આવેલ છે. આ શકિતપીઠોમાં મૂળ શક્તિપીઠોની જેમ જ પૂજનઅર્ચન કરવામાં આવે છે. શકિતપીઠ અંબાજીના પૂજારીશ્રીઓને જે તે શકિતપીઠમાં તાલીમ માટે મોકલી તે મુજબની પૂજા અહી કરવામાં આવે છે. ગબ્બર પર્વત પર મા અંબે જયોત સ્વરૂપે બિરાજમાન છે. અંબાજી શક્તિપીઠ અંબાજી ખાતે સમગ્ર દેશ તથા વિદેશમાંથી પણ શ્રદ્ધાળુઓ પધારી ધન્યતા અનુભવે છે.

અંબાજીના રહેવાસીઓ, આવનાર યાત્રાળુઓ તથા આજુબાજુના વિસ્તારમાં રહેતા વનવાસી બંધુઓ માટે યોગ્ય વ્યવસ્થા ઉપબ્ધ કરી સુચારૂ વહીવટ અને ઉત્તમ સગવડ આપવી એ રાજય સરકારશ્રી, જીલ્લા વહીવટીતંત્ર બનાસકાંઠા અને શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટની આગવી પ્રાથમિકતા છે અને તે માટે અમે કટિબદ્ધ છીએ. ભારતભરમાં શક્તિપીઠ તરીકે મશહુર યાત્રાધામ અંબાજી ગુજરાત રાજયના બનાસકાંઠા જીલ્લાના દાંતા તાલુકામાં આવેલ છે. અંબાજી ધામમાં લાખો ભાવિક ભકતો માના દર્શનાર્થે આવે છે. અંબાજી મંદિરના મુખ્ય શિખરને લોકભાગીદારી દ્વારા સુર્વણમય બનાવવાનું ભગીરથ કાર્ય કરવામાં આવેલ છે. જેનાથી શક્તિપીઠ અંબાજીની ઓળખ સુર્વણશકિતપીઠ તરીકે થશે. ૬૧ફુટ સુધી શિખરને સુર્વણમય બનાવવામાં આવેલ છે. જેમાં ૧૪૦ કિલો ૪૩૫ ગ્રામ સોનાનો ઉપયોગ થયેલ છે. આ કામગીરીમાં ૧૫.૭૧૧ કિ.ગ્રા. તાંબાનો વપરાશ થયેલ છે. ૫૧ શકિતપીઠોમાં હૃદયસમુ અંબાજી શકિતપીઠ લાખો ભકતોની શ્રધ્ધાનું કેન્દ્ર છે. દક્ષ પ્રજાપતિ ધ્વારા કરવામાં આવેલ ''બૃહસ્પતિ-સક'' નામના મહાયજ્ઞમાં સતી માતાએ પોતાનો દેહ ત્યાગ કર્યો તે કથા શાસ્ત્રોમા સુપ્રચલિત છે. વનવાસ દરમ્યાન સીતાજીને શોધતા ભગવાન રામ અને લક્ષ્મણ પણ અર્બુદના જંગલોમાં શૃંગત ઋષિના આશ્રમમાં આવ્યા હતા. ઋષિએ તેઓને માતાજીના આશીર્વાદ મેળવવા દર્શનાર્થે મોકલ્યા ત્યારે માતાજીએ પ્રસન્ન થઈ રાવણને મારવા ભગવાન રામને અજયબાણ આપ્યુ હતું. અને એ બાણથી રાવણનો નાશ થયાની માન્યતા છે. અનેક દંત કથાઓ અને લોકવાયકાઓ આ પૌરાણિક ધામનો પરિચય આપે છે. અંબાજીના વર્ણન, સ્તુતિઓની પરંપરા છે કે પુરાણોથી લઈને આદિ શંકરાચાર્ય તથા અર્વાચીન ઈતિહાસ અને પ્રવાસ વર્ણનોમાં જોવા મળે છે. સરસ્વતી નદીનુ ઉદ્‌ગમ સ્થાન કોટેશ્વર મહાદેવ મંદિરનું પણ અનેરૂં મહત્વ છે.અંબાજી મંદિર, પ્રાગઐતિહાસિક કાળનું હોવાનુ મનાય છે. પણ ઉપલબ્ધ પરિસ્થિતિ જોતા અત્યારનું સ્થાનક બારસો વર્ષ પુરાણું જણાય છે. અંબાજી ધામમાં દર વર્ષે સવા કરોડ ઉપરાંત ભાવિક ભકતો માના દર્શનાર્થે આવે છે.

અંબાજીમાં દર વર્ષે ભાદરવા માસના શુકલ પક્ષમાં ભાદરવી પૂનમનો મહામેળો યોજાતો હોય છે. પવિત્ર યાત્રાધામ અંબાજી સમગ્ર ભારતના લોકોની આસ્થાનું કેન્દ્ર છે. ભાદરવી પૂર્ણિમા પ્રસંગે લાખો શ્રદ્ધાળુઓ મા અંબાના પ્રસિદ્ધ શકિતપીઠ અંબાજીમાં પધારે છે.લાખોની સંખ્યામાં માઈ ભકતો પદયાત્રા કરીને માના ચરણોમાં શીષ ઝુકાવીને પોતાના ગામમાં કે શેરી મહોલ્લામાં નવરાત્રિમાં માને પધારવા માટે આમંત્રણ આપવા આવે છે. જેથી ભાદરવી પૂર્ણિમા ઉત્સવનું એક વિશિષ્ટ અને અનેરું મહત્વ છે.

***લેખક: વહીવટદાર અને નાયબ કલેકટર શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજી છે.**




પૂર્ણેશ મોદી

શુભેચ્છા સંદેશ

મંત્રીશ્રી, માર્ગ અને મકાન,
વાહન વ્યવહાર, નાગરીક ઉડ્ડયન,
પ્રવાસન અને યાત્રાધામ વિકાસ,
ગુજરાત રાજ્ય
તા. ૦૨-૧૨-૨૦૨૧

ગુજરાતની પવિત્ર ધરા પૌરાણિક કાળથી સમગ્ર દેશ અને વિશ્વમાં તેના ધાર્મિક અને ઐતિહાસિક વારસા માટે પ્રસિધ્ધ છે. ગુજરાતમાં અનેક દેવ-દેવીઓના પદ્ચિહ્નો સમગ્ર રાજ્યને ધર્મનગરી તરીકે પ્રસ્થાપિત કરે છે. તેમાં પણ અરવલ્લીની ગિરિમાળામાં વસેલા મા અંબાજીનું તીર્થ ન માત્ર ગુજરાતમાં કે ભારતમાં પણ વિશ્વમાં જ્યાં જ્યાં ભારતીય વસવાટ કરે છે એ સૌનાં માટે આસ્થાનું દિવ્ય કેન્દ્ર સમાન છે. વળી, ૩૫૮ સુવર્ણ કળશ ધરાવતું ભારતભરમાં આ એકમાત્ર શકિતપીઠ છે જેનો આપણે સૌએ ગર્વ લેવો રહ્યો. ૫૧ શક્તિપીઠોમાં હૃદયસમા અંબાજી ધામમાં વાર્ષિક ૧ કરોડથી પણ વધુ શ્રદ્ધાળુઓ માતાજીના ચરણોમાં શીષ નમાવીને ધન્યતા અનુભવે છે.

અંબાજી ધામમાં લાખો ભાવિક ભકતો માના દર્શનાર્થે આવે છે. આવનાર યાત્રાળુઓ અને અંબાજી ગ્રામજનો માટે ઉત્તમ સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે રાજય સરકારશ્રી દ્વારા અથાગ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટનુ સુચારું વ્યવસ્થાપન અને ભાદરવી પૂનમ જેવા વિશ્વફલક પર ધ્યાન આકર્ષિત કરતા ભવ્ય મેળાનું વ્યવસ્થાપન એ ટ્રસ્ટની ખુબ મોટી સિધ્ધિ સમાન છે. તત્કાલિન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન એવા માન.શ્રી નરેન્દ્રભાઈ મોદીનાં માર્ગદર્શન હેઠળ અંબાજી ગબ્બર ખાતે પ્રસ્થાપિત ૫૧ શકિતપીઠની આબેહૂબ પ્રતિકૃતિઓ અતુલ્ય છે. દેશ-વિદેશમાં પ્રસ્થાપિત શક્તિપીઠોની પ્રતિકૃતિ ગબ્બર ખાતે વર્ષ ૨૦૧૪ માં નિર્માણ કરવામાં આવેલ છે. આ શક્તિપીઠોમાં મૂળ શક્તિપીઠોની જેમ જ પૂજન-અર્ચન કરવામાં આવે છે અને શકિતપીઠ અંબાજીના પૂજારીશ્રીઓને જે-તે શકિતપીઠમાં તાલીમ માટે મોકલી તે મુજબની પૂજા અહીં કરવામાં આવે છે જે ખુબ મોટી સિધ્ધિ છે. અતુલ્ય વારસોનાં અંક દ્વારા અંબાજીને વિશેષ રીતે ઉજાગર કરવાનો અને ૫૧ શક્તિપીઠોને ઉજાગર કરી તેની જીણવટપૂર્વક માહિતીને ઉજાગર કરવા બદલ સમગ્ર ટીમને અને શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટની ટીમને અભિનંદન પાઠવું છું.

આપનો સ્નેહાધિન

(પૂર્ણેશ મોદી)





અરવિંદ રૈયાણી

શુભેચ્છા સંદેશ

માન. રા.ક. મંત્રીશ્રી,
વાહન વ્યવહાર, નાગરિક ઉડ્ડયન,
પ્રવાસન અને યાત્રાધામ વિકાસ
ગુજરાત રાજ્ય

તા. ૦૨-૧૨-૨૦૨૧

આપણું ગુજરાતએ ધર્મ અને સંસ્કૃતિની દ્રષ્ટીએ અજોડ છે. એમાં પણ રાજ્યનાં ઉત્તરે બિરાજમાન અંબાજી ન માત્ર ગુજરાત પણ દેશનું સૌથી મોટું અને સુપ્રસિધ્ધ યાત્રાધામ છે. અંબાજી ખાતે માત્ર ભાદરવી પૂનમનાં મેળા દરમ્યાન જ ૩૦ લાખ જેટલા યાત્રાળુઓ મા અંબાના દર્શનાર્થે પગપાળા અને વિવિધ સંઘો સાથે માતાજીના ગુણગાન ગાતા આવતા હોય છે. અહીં મુખ્ય સ્થળોમાં અંબાજી શક્તિપીઠ સાથે સંકળાયેલ માનસરોવર કુંડ (માથાના વાળ ઉતારવાની વિધિ), ભગવાન શ્રીકૃષ્ણના ચૌલકર્મ, દેવોને મહિષાસુર રાક્ષસના ત્રાસમાંથી છૂટકારો અપાવનાર અંબાજી માતાનું અસલ સ્થાન એવો અંબાજીનો ગબ્બર, સરસ્વતી નદીના ઉત્પત્તિ સ્થાન તરીકે જાણીતું કોટેશ્વર મંદિર અને તેની પાસે આવેલ પૌરાણિક વાલ્મિકી આશ્રમ, આરસની ભવ્ય કલાકોતરણી માટે પ્રખ્યાત કુંભારિયા જૈન દેરાસર તેમજ અંતરિયાળ વિસ્તારમાં આવેલ કુંભેશ્વર મહાદેવનું મંદિર અને ત્યાંથી ર કિમીના અંતરે આવેલ રીંછડિયા મહાદેવ, દક્ષિણ ભારતના શિલ્પ-સ્થાપત્યો અનુસાર રચના ધરાવતું કામાક્ષી મંદિર ઉપરાંત અજય માતાનું મંદિર, ગાયત્રી મંદિર અને ચૂંદડીવાળા માતાજીનું સ્થાન જેવાં ઘણા જાણીતાં ધર્મસ્થળો આવેલા છે. ગબ્બર પર્વત પર મા અંબે જયોત સ્વરૂપે બિરાજમાન છે અને ગબ્બરની ફરતે ૫૧ શકિતપીઠની આબેહૂબ પ્રતિકૃતિ તૈયાર કરવામાં આવી જે રાજ્ય સરકારની ખુબ મોટી સિધ્ધિ છે અને તત્કાલિન મુખ્યમંત્રી અને વર્તમાનમાં વડાપ્રધાન માન. શ્રી નરેન્દ્રભાઈ મોદીનું દિવાસ્વપ્ન હતુ જે સાકાર થયું છે.

દેવી માહાત્મ્ય, અંબાજી ધામની ઐતિહાસિક અને ધાર્મિક મહત્વતા અને ખાસ કરીને ગબ્બર પરિક્રમા માર્ગમાં તૈયાર કરવામાં આવેલ ૫૧ શક્તિપીઠોને ઉજાગર કરતા અતુલ્ય વારસોનાં અંબાજી વિશેષાંકને મારી શુભકામનાઓ પાઠવું છું અને અને મહત્તમ લોકો આ અંક દ્વારા મા અંબાનાં માહાત્મ્યને ઊંડાણપૂર્વક સમજી ગબ્બરની ફરતે સ્થાપિત કરવામાં આવેલ ૫૧ શકિતપીઠનાં દર્શન કરી ધન્યતા અનુભવશે તેવી મને આશા છે.

આપનો સ્નેહાધિન

(અરવિંદ રૈયાણી)

અતુલ્ય વારસો®

Know Your Identity

ISSN : 2321- 4880

નોંધણી નંબર :

સોસાયટી નોંધણી નં. : ગુજ/૧૪૩૩૬/અ'વાદ.

જાહેર ટ્રસ્ટ નોંધણી નં. : એફ/૧૪૧૪૯/અ'વાદ.

પ્રકાશક :
હિસ્ટોરીકલ એન્ડ કલ્ચરલ રિસર્ચ સેન્ટર(HCRC), અમદાવાદ

તંત્રી : કપિલ ઠાકર

સહતંત્રી : કિન્નરી શાહ

સલાહકાર સમિતિ :

શ્રી પ્રવીણ ક. લહેરી
શ્રી વાય. એસ. રાવત
ડૉ. વિશાલ જોષી
શ્રી કીર્તિ ઠાકર

કો-ઓર્ડિનેટર : રોનક રાણા

ફોટોગ્રાફ : નરેન્દ્ર ઓતિયા, શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ

પ્રુફ રીડર : ધ્રુવા જેટલી

મુખપૃષ્ઠ ફોટો :
શ્રી અંબાજી મંદિર
ચિત્રકાર: એહમદ હાડા

લે-આઉટ એન્ડ ડીઝાઈન : રાજ કુમાવત

Keep in touch with us for Subscription :

9825129703, 9328312363

atulyavarso

@AtulyaVarso001

atulyavarso.magazine

atulyavarso@gmail.com

www.atulyavarso.com

અતુલ્ય વારસો

સહયોગ રાશિ: રૂ. ૧૦૦/-

તંત્રી લેખ



નમસ્કાર મિત્રો,

સૌ પ્રથમ તો આપ સૌને દિવાળી અને નવા વર્ષની શુભકામનાઓ. સાથે આપણે સૌ કોરોના જેવી મહામારીમાંથી ઉગરી સામાન્ય સમય તરફ પાછા ફરી રહ્યા છીએ એ માટે આપ સૌને અભિનંદન.

અમારો આ અંક અંબાજી વિશેષાંક છે અને જેમાં આપને મા અંબાજીનાં ધામ વિશે અને આસપાસ જોવાલાયક ધાર્મિક, સાંસ્કૃતિક અને ઐતિહાસિક સ્થળોની માહિતીઓ મળી રહેશે. અંબાજી વિશે મારો નાતો મારા હેરીટેજ અને કલા ક્ષેત્રે કામગીરીનાં પ્રારંભથી જ છે એમ કહીએ તો ચાલે કે મારી કામગીરીનો પ્રારંભ જ અંબાજીથી થયેલો. અંબાજી જ્યારે જ્યારે જવાનું થયું ત્યારે ત્યારે અંબાજી નવી નજરે જોવા મળ્યું. સૌપ્રથમ દાંતા-અંબાજી વિસ્તારમાં આવેલા ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસાને શોધી તેનું યોગ્ય દસ્તાવેજીકરણ કરવાનું કામ અમોએ શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ સાથે મળી ૨૦૧૦-૧૨ દરમ્યાન કરેલું. તે દરમ્યાન દાંતા તાલુકામાં આવેલ પૌરાણિક સ્થાપત્યોનો અભ્યાસનો મોકો મળ્યો અને અનેકવિધ નવી બાબતો, પ્રાચીન શિલ્પો, જળ સ્થાપત્યો જોવા જાણવા મળ્યા. આજે આપણે અંબાજી આવી મંદિર અને ગબ્બરનાં દર્શન કરી પરત ફરીએ છીએ અને બીજા સ્થાનોએ જવાનો કે નવા સ્થળો શોધવાનો સમય પણ આપણી પાસે નથી હોતો. વધુમાં વધુ કોટેશ્વેર, કુંભારીયાની મુલાકાત લઈએ છીએ. અંબાજી અને તેના આસપાસનાં વિસ્તારમાં ઐતિહાસિક, સાંસ્કૃતિક અને કુદરતી વિરાસતનો ખજાનો રહેલો છે. ઈ.સ. ૧૧મી સદીનાં તરસંગ નગરીની ગોદમાં વસેલ મા અંબાનું સ્થાન હજારો વર્ષની પુરાતન માનવ સભ્યતાનું સાક્ષી છે. સેબલપાણીનાં ગુફા ચિત્રો, ગરાસિયા આદિવાસી સમાજની વિશેષ સંસ્કૃતિ, ભગવાન શ્રી કૃષ્ણ સાથે સંકળાયેલ માનસરોવર કુંડ, પ્રાચીન જળ સ્થાપત્યો, ટ્રેકીંગ અને નૈસર્ગિક ટુર માટે યુવાનોને આકર્ષિત કરતી અરવલ્લી ગિરિમાળા, વૈશ્વિક સ્તરનો માર્બલ ઉધોગ આ બધી બાબતો અંબાજીની શાન છે, એમાં વળી અંબાજીનો ભાદરવી પુનમનો મેળો તો સમગ્ર વિશ્વને આકર્ષિત કરે છે. અતુલ્ય વારસોનાં આ વિશેષાંક દ્વારા અમે અંબાજીને સર્વાંગીપણે ઉજાગર કરવાનો પ્રયાસ કરવાનાં છીએ અને આ કાર્યમાં સહયોગ બદલ અમો શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટની સમગ્ર ટીમનાં ખુબ જ આભારી છીએ. અમારો આ પ્રયાસ અહીં આવનાર યાત્રાળુઓ, પ્રવાસીઓ અને સંશોધકો માટે એક દિવાદાંડી બની રહેવાનો છે. અંબાજીને ધાર્મિક, આધ્યાત્મિક, પ્રવાસન, વન વૈભવ, લોક સંસ્કૃતિ એવા તમામ વિષયોને અનુલક્ષીને તૈયાર કરવામાં આવેલો અમારો આ અંક અહી આવનાર યાત્રિકો,

– કપિલ ઠાકર

અનુક્રમણિકા









અંબાજી શક્તિ, ભક્તિ અને પ્રકૃતિનો ત્રિવેણી સંગમ

– આનંદ પટેલ (આઈ.એ.એસ.)



શકિત, ભકિત અને પ્રકૃતિનો ત્રિવેણી સંગમ એટલે યાત્રાધામ અંબાજી. ગુજરાતનું ગૌરવ અને શાસ્ત્રોમાં શકિતપીઠ તરીકે જાણીતુ અંબાજી ધામ મા જગદંબાનો સાક્ષાત્કાર કરાવે છે.

आराधिता सैव नृणां भोगस्वर्गापवर्गदा ॥

आराधना करने पर मनुष्यों को समृद्धि, स्वर्ग तथा मोक्ष प्रदान करती हैं।

આ બ્રહમાંડના ઉદ્‌ભવમાં શકિત સ્વરૂપે અંબાજી ધામમાં મા જગદંબા બિરાજમાન છે. ભારતભરમાં યાત્રાધામ તરીકે મશહુર અંબાજી ગુજરાત રાજયના બનાસકાંઠા જીલ્લાના દાંતા તાલુકામાં આવેલ છે. અરવલ્લીની ગિરીમાળામાં પ્રકૃતિના સાનિધ્યમાં વસેલુ અંબાજી તીર્થમાં લાખો ભાવિક ભકતો માના દર્શનાર્થે આવે છે. તેમની સુખ અને સુવિધાઓ જળવાઈ રહે તથા આધ્યાત્મિક ઉન્નતિ સાથે સંસ્કૃતિના જતન અને રક્ષણ માટે રાજય સરકારશ્રીએ અથાગ પ્રયત્નો ધ્વારા મંદિરનો જીર્ણોદ્ધાર કરી સુવર્ણ શિખરની કામગીરી પૂર્ણ કરી સુવર્ણ કળશો પ્રતિષ્ઠિત કરેલ છે. ૩૫૮ સુવર્ણ કળશ ધરાવતું ભારત ભરમાં એક માત્ર શકિતપીઠ છે. ૫૧ શકિતપીઠોમાં હ્રદયસમા અંબાજી ધામમાં વાર્ષિક ૧ કરોડથી પણ વધુ શ્રદ્ધાળુઓ માતાજીના ચરણોમાં શીષ ઝુકાવી ધન્યતા અનુભવે છે. પ્રકૃતિના ખોળામાં વસેલ અંબાજી થી ૨ કિ.મી.ના અંતરે મૂળ શકિતપીઠ ગબ્બર આવેલ છે. ગબ્બર પર શકિતસ્વરૂપા માં જયોત સ્વરૂપે બિરાજમાન છે. અંબાજીમાં ચાચરચોકમાં યંત્ર સ્વરૂપે વિદ્યમાન રહી આખા જગતને પ્રકાશિત કરે છે. એવી જ એક મહાશકિતનું એક અલૌકિક સ્વરૂપ એટલે કે અપરાજીતા દેવી, દેવી ભાગવતમાં અપરાજીતા દેવીનું મહાત્મ્ય વિસ્તૃત રૂપથી જોવા મળે છે. જે દેવીનું સ્વરૂપ અંબાજીમાં "અજયમાતા'' તરીકે પુજાય છે. અપરાજીતા અપ્રભ્રંશ થઈ અજયમાતા તરીકે પ્રચલિત બન્યુ. માનસરોવરની બાજુમાં અજયમાતાનું દિવ્ય મંદિર આવેલુ છે. ગુજરાતના ઈશાન ખુણામાં અરવલ્લીની ગીરીમાળાની મધ્યે અંબાજી ધામ આવેલુ છે. શ્રધ્ધા, ભકિત અને પ્રવિત્રતાનો સમન્વય એવુ અંબાજી ધામ કરોડો માઈ ભકતોની શ્રધ્ધાનું કેન્દ્ર છે. અંબાજી ધામ પ્રકૃતિ અને પુરાતત્વોનું સમન્વય ધરાવે છે. માતૃપુજાનો મહિમા સિંધુ સંસ્કૃતિના ખોદકામ સમયે પણ જોવા મળ્યો હતો કે જયાં મોંહે-જો-દેરો, હડપ્પા જેવી સંસ્કૃતિઓના ખોદકામ દરમ્યાન માતૃદેવીની મૂર્તિઓ મળી આવી હતી. સૃષ્ટીના સર્જન માટે માતૃત્વ અને દેવીશકિતનો મહિમા આ સંસ્કૃતિમાં જોવા મળે છે. હિન્દુ સંસ્કૃતિમાં પથ્થરના મંદિરોનું નિર્માણ ગુપ્તકાળ દરમ્યાન શરૂ થયેલ હતું. આ પૂર્વે ખડકો કોતરીને મંદિરોનું નિર્માણ કરવામાં આવતા હતા. અંબાજી મંદિરની ઐતિહાસિક બાબતો સોલંકીકાળ સાથે સંકળાયેલી છે. ભીમદેવ સોલંકીના મંત્રી અને સલાહકાર વિમળશા કે જેઓ ચંદ્રાવતી નગરના કર્તાહર્તા હતા અને અંબાજી માતાના પરમ ઉપાસક હતા. માઉન્ટઆબુના દેલવાડાના દેરામાં વિમળશાએ સ્થાપેલી અંબાજી માતાની મૂર્તિ આજે પણ જોઈ શકાય છે. પરમારોની રાજધાની ચંદ્રાવતી નગરના ભગ્નાવશેષો પાલનપુર – આબુરોડ હાઈવે પર આજે પણ હયાત છે જે આ વિસ્તારની ભવ્યતાની ગવાહી પુરી પાડે છે. ૧૧મી સદીમાં આરાસુર વિસ્તારમાં કેદારસિંહના ભાઈ જશપાલે ઈ.સ.૧૧૯૨માં અંબાજીનું મંદિર બંધાવ્યુ હોવાનું ઈતિહાસકારો માને છે.અંબાજી મંદિરની પાછળ આવેલ માનસરોવર ૧૪મી સદીમાં રાજા માલદેવે બનાવ્યું હોવાનું જણાય છે. આમ ૧૧મી સદીથી અંબાજી ધામ લોક વિખ્યાત હશે એમ ઐતિહાસિક પુરાવાઓથી જાણકારી પ્રાપ્ત થાય છે. લોકવાયકા પ્રમાણે મેવાડના મહારાણા પ્રતાપે પણ અંબાજીના દર્શન કરેલ. મરાઠા કાળમાં પણ અંબાજી મંદિરનો જીર્ણોદ્ધાર કરાયો હોવાનું મનાય છે.વર્તમાન અંબાજી મંદિર મુળમંદિરના મુખ્ય શીખરની નીચે યથાવત સ્થિતિમાં રાખવામાં આવેલ છે.

મા અંબાના પ્રાગટ્યની ગાથા મુજબ પ્રજાપતિ દક્ષે ''બૃહસ્પતિ-સક'' નામના મહાયજ્ઞનું આયોજન કર્યું હતુ. દક્ષે બધા જ દેવોને નિમંત્રણ આપ્યું હતું. પરંતુ પોતાના જમાઈ અને ભગવાન શંકરને બોલાવ્યા ન હતા. પિતાના ત્યાં યજ્ઞ છે તેવા સમાચાર સાંભળીને ભગવાન શંકરનો વિરોધ હોવા છતાં સતી દેવી પિતાના ત્યાં પહોચી ગયા. પિતાના ત્યાં યોજાયેલ મહાયજ્ઞમાં ભગવાન શિવને આંમત્રણ ન જોતાં અને પિતાના મોંઢે પતિનિ નિંદા સાંભળતા તેમણે યજ્ઞકુંડમાં પડી પોતાના પ્રાણ ત્યજી દીધા. ભગવાન શિવે સતી દેવીના નિઃચેતન દેહ જોઈને તાંડવ આદર્યું અને દેહને ખભે ઉપાડી ત્રણે લોકમાં ઘુમવા માંડયા.

ત્યારે આખીય સૃષ્ટિનો નાશ થઈ જશે તેવા ડરથી ભગવાન વિષ્ણુએ પોતાના ચક્રથી સતીના શરીરના ટુકડા કરી પૃથ્વી પર આંતરે વેરાવી દીધા. સતી દેવીના શરીરના ભાગ તથા આભૂષણો બાવન સ્થળો પર પડયાં. આ સ્થળોએ એક એક શકિત તથા એકએક ભૈરવ ટચુકડાં સ્વરૂપો ધારણ કરી સ્થિર થયા.

"તંત્ર-ચુંડામણિ'' માં બાવન મહાપીઠોનો ઉલ્લેખ છે. આ પૈકી એક શકિતપીઠ આરાસુર માં અંબાજીનું ગણાય છે. આરાસુરમાં માતાજીના હૃદયનો ભાગ પડયો હોવાની માન્યતા છે. ' ભાગવત' માં ઉલ્લેખ છે કે ભગવાન શ્રીકૃષ્ણની ચૌલક્રીયાની વિધિ આરાસુરમાં અંબાજી સ્થાને થઈ હતી. એ પ્રસંગે નંદ - યશોદાએ માતાજીના સ્થાનકે જવારા વાવ્યા હતા અને સાત દિવસ સુધી અંબાજી રહ્યા હતા. આજે પણ એ સ્થળ ગબ્બર પર્વત ઉપર જોવા મળે છે. પાંડવો પણ વનવાસ દરમ્યાન આરાસુરમાં માતાજીનું તપ કરવા રોકાયા હોવાનો ઉલ્લેખ શાસ્ત્રોમાં જોવા મળે છે. વનવાસ દરમ્યાન સીતાજીને શોધતા ભગવાન રામ અને લક્ષ્મણ પણ અર્બુદના જંગલોમાં શૃંગત ઋષિના આશ્રમમાં આવ્યા હતા. ઋષિએ તેઓને માતાજીના આર્શિવાદ મેળવવા દર્શનાર્થે મોકલ્યા ત્યારે માતાજીએ પ્રસન્ન થઈ રાવણને મારવા ભગવાન રામને અજયબાણ આપ્યુ હતું અને એ બાણથી રાવણનો નાશ થયાની માન્યતા છે. અનેક દંત કથાઓ અને લોકવાયકાઓ આ પૌરાણિક ધામનો પરિચય આપે છે. અંબાજીના વર્ણન, સ્તુતિઓની પરંપરા પુરાણોથી લઈને આદિ શંકરાચાર્ય તથા અર્વાચીન ઈતિહાસ અને પ્રવાસના વર્ણનોમાં જોવા મળે છે. મંદિર, પ્રાગઐતિહાસિક કાળનું હોવાનુ મનાય છે. ઉપલબ્ધ પરિસ્થિતિ જોતા અત્યારનું સ્થાનક બારસો વર્ષ પુરાણું જણાય છે.





શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અંબાજી ધ્વારા સંસ્કૃતિના ઉત્થાન અને સમાજસેવાના ઉમદા કાર્ય માટે વિવિધ શૈક્ષણિક તથા આરોગ્ય વિષયક સંસ્થાઓનું સંચાલન કરવામાં આવે છે. જેમાં શ્રી અંબાજી આર્ટ્સ કોલેજ, શ્રી અંબાજી કોમર્સ કોલેજ, શ્રી બી.સી.એ. કોલેજ, શ્રી સંસ્કૃત મહાવિદ્યાલય, શ્રી ઉચ્ચત્તર માધ્યમિક વિજ્ઞાન પ્રવાહ શૈક્ષણિક સંસ્થાઓ ચલાવવામાં આવે છે જેમાં ૧૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ નજીવા દરે શિક્ષણનો લાભ લઈ રહ્યા છે. ભાઈઓ તથા બહેનો માટે ભોજન સુવિધા સહીતના છાત્રાલય ઉપલબ્ધ છે જેમાં માત્ર રૂા. ૫૧/-ના માસિક દરે રહેવા જમવાની ઉત્તમ વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવેલ છે. યાત્રાળુઓ માટે ટ્રસ્ટ ધ્વારા શ્રી અંબિકા ભોજનાલય ખાતે ભોજન સુવિધા પણ ઉપલ્બધ કરવામાં આવેલ છે. આરોગ્ય વિષયક સુવિધામાં શ્રી આદ્યશકિત હોસ્પિટલમાં આર્થિક સહયોગ આપવામાં આવે છે. આ ઉપરાંત નજીવાદરે શ્રી અંબિકા વિશ્રામગૃહ, શ્રી જગજ્જનની પથિકાશ્રમ તથા હોલીડે હોમ, શ્રી દિવાળીબા ગુરૂભવન ધર્મશાળામાં યાત્રિકોને આવાસની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

અંબાજી ધામમાં લાખો ભાવિક ભકતો માના દર્શનાર્થે આવે છે. આવનાર યાત્રાળુઓ અને અંબાજી ગ્રામજનો માટે ઉત્તમ સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે રાજય સરકારશ્રી ધ્વારા અથાગ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. છે. ૫૧ શકિતપીઠોમાં હૃદયસમું અંબાજી શકિતપીઠ લાખો ભકતોની શ્રધ્ધાનું કેન્દ્ર છે. અંબાજીથી માત્ર ૮ કી.મી. દૂર શ્રી કોટેશ્વર મહાદેવનું પ્રાચીન મંદિર આવેલ છે, જે પવિત્ર કુંડ સાથે જોડાયેલ છે. ગાયના મુખ (ગૌમુખ)માંથી સરસ્વતી નદીના વહેણ વહે આ નદીને કુમારિકા નદી પણ કહેવામાં આવે છે. કારણ કે આ નદીનો બીજી નદીઓની માફક કોઈ સમદ્ધમાં અથવા બીજો નદીમાં સંગમ ન થતા તેના વહેણ અહીં જ સમાઈ જાય છે. કોટેશ્વર મહાદેવ મંદિર સરસ્વતી નદીનું ઉદ્ગમ સ્થાન ગણાય છે. એક દંતકથા મુજબ રામાયણના રચિયતા વાલ્મિકી ૠષિનો આશ્રમ કોટેશ્વર મહાદેવ મંદિરની નજીક હતો અને મેવાડના રાજા મહારાણા પ્રતાપે આ પવિત્ર મંદિરનું નવીનીકરણ કરાવ્યું હતું. એવુ કહેવામાં આવે છે કે, ૧૮૫૭નાં સ્વાતંત્રતા વિદ્રોહના સમયમાં નાના સાહેબ પેશ્વાએ આ મંદિરની ગુફામાં વાસ લીધો હતો.

યાત્રાધામ અંબાજી ખાતે શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટની રચના સરકારશ્રી ધ્વારા તા. ૧૭/૩/૧૯૬૦થી કરવામાં આવેલ છે. જેના અધ્યક્ષ તરીકે બનાસકાંઠા જિલ્લા કલેકટર છે. આવનાર યાત્રાળુઓ માટે સરકારશ્રી, જિલ્લા વહીવટીતંત્ર બનાસકાંઠા તેમજ શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ ધ્વારા ઉત્તમ વ્યવસ્થાઓ કરવામાં આવે છે. યાત્રિકોને વધુમાં વધુ સારી સુવિધાઓ પ્રાપ્ત થાય તેના માટે અમે કટિબદ્ધ છીએ. અંબાજી મંદિર અને આસપાસના વિસ્તારોને સાંકળી લઈ અતુલ્ય વારસાની ટીમ ધ્વારા સંસ્કૃતિને ઉજાગર કરવા માટે યાત્રાધામ અંબાજી ઉપર આ વિશેષ અંક કરવા બદલ અતુલ્ય વારસાની ટીમને ખૂબ ખૂબ અભિનંદન.

***લેખકઃ કલેકટર બનાસકાંઠા અને અધ્યક્ષ, શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજી છે.**



અંબાજી મંદિરની નાગર શૈલીની વાસ્તુકલા

– જી. એલ. પટેલ



ભારતીય હિન્દુ મંદિર સ્થાપત્ય રચના મુખ્યત્વે બે ભાગમાં વહેંચાયેલી છે; એક છે નાગર શૈલી અને બીજી છે દ્રાવિડ શૈલી. ઉત્તર અને પશ્ચિમ ભારતના મંદિરો મુખ્યત્વે નાગર શૈલીમાં નિર્માણ પામેલા છે. સોમનાથ, દ્વારકા, કેદારનાથ, ખજુરાહો મંદિર સમૂહની જેમ અંબાજી માતાનું મંદિર પણ નાગર શૈલીમાં નિર્માણ પામેલું છે. અંબાજી માતાના અલગ અલગ કાળમાં નિર્માણ પામેલા મંદિરો અને જીર્ણોદ્ધાર નાગર શૈલીને કેન્દ્રમાં રાખીને થયેલ છે.

અંબાજીનું વર્તમાન મંદિર ગર્ભગૃહ, સભા મંડપ અને નૃત્ય મંડપ એમ કુલ ત્રણ ભાગમાં વહેંચાયેલું છે. અંબાજી ટ્રસ્ટનું નિર્માણ ૧૯૬૩ માં થયું. તે પશ્ચાત ૧૯૭૫ થી ૧૯૮૮ નાં સમયગાળામાં મંદિરના ગર્ભગૃહ અને મુખ્ય શિખર વાળા ભાગનું બાંધકામ થયું. સોમનાથ મંદિરના મુખ્ય સ્થપતિ શ્રી પ્રભાશંકર સોમપુરા નાં માર્ગદર્શન તળે અંબાજી માતાના મંદિરનો જીર્ણોદ્ધાર આરંભાયો હતો. મંદિરના નિર્માણમાં અંબાજી અને આસપાસની આરસની ખાણોમાંથી કાઢવામાં આવેલ સફેદ આરસનો વપરાશ થયેલો છે. માતાજીના જૂના મંદિરને યથાસ્થિત રાખીને તેની ઉપર નવા શિખરનું નિર્માણ થયેલું છે. યાત્રિકો જ્યારે માતાજીના દર્શન કરીને બહાર નીકળે છે, ત્યારે ગર્ભગૃહ ની બંને બાજુએ રહેલા નાના દરવાજાઓ માં પ્રવેશીને માતાજીના જૂના મંદિરને જોઈ શકે છે, તથા પ્રદક્ષિણા પણ થઈ શકે છે.

૧૯૮૬ થી ૧૯૮૯ નાં ગાળા માં મંદિરના ૧૦૩ ફૂટ ઊંચા શિખર નું કામ પૂર્ણ થયું. મંદિરની સૌથી ઊંચે આમલક પર જે કળશ બેસાડેલો છે, તે અખંડ પથ્થરમાંથી કોતરેલ છે, તથા તેનું વજન ૩ ટન છે અને શુદ્ધ સોનાનું જડતર તેની ઉપર છે. કળશ સ્થાપન વિધિ સમયે ભારત અને નેપાળના ૧૪૫ બ્રાહ્મણો એ ૩૦ યજ્ઞ કુંડોમાં આહુતિ આપેલી. મંદિરનાં મુખ્ય શિખર પર અન્ય નાના શિખરના સમૂહો છેક આમલક થી શરૂ કરીને શિખરની જંઘા સુધી જોઈ શકાય છે. નાગર શૈલીનાં પેટા પ્રકાર એવા આ પ્રસાદ શૈલીના મંદિરમાં આ વિશેષતા જોવા મળે છે. કળશની નીચે જે આમલક છે, તેનો વ્યાસ ૧૩ ફૂટ છે. શિખરના મુખ્ય કળશની સાથે અન્ય ૫૬ જેટલા કળશ છે તથા નૃત્ય મંડપ પર ૨૮૮ સુવર્ણ કળશોનું સ્થાપન થયેલું છે.

મંદિરનું સભા ગૃહ એટલે કે દર્શનાર્થીઓ જ્યાં ઉભા રહીને માતાજીના દર્શન કરે છે, તે ખંડમાં સોમપુરા સ્થપતિઓએ અદભુત કલાનું મંડાણ કર્યું છે. સભાગૃહની વચ્ચોવચ ઊભા રહીને ઉપર નજર કરશો તો સફેદ પથ્થરમાં કોતરેલા ઝુમરો દેલવાડાના દેરાની યાદ અપાવશે. ઘુમ્મટની આસપાસ ચારેકોરે વિવિધ મુદ્રામાં નૃત્યાંગનાઓ પથ્થરમાં કંડારેલી નજરે ચડે છે. સભાગૃહમાં માતાજીની સવારી એવો વાઘ માતાજીની સન્મુખ ખૂબ કલાત્મક મુદ્રામાં નજરે ચડે છે. સભાગૃહના સ્તંભો પર તથા મુખ્ય શિખરની નીચે જંઘા થી પીઠિકા સુધીના ભાગમાં વિવિધ દેવી દેવતાઓ, ગાંધર્વો, યક્ષ યક્ષિણીઓનાં શિલ્પો નજરે ચડે છે.

સભાગૃહ ની આગળ નૃત્ય મંડપ નું નિર્માણ ૨૦૦૩ની સાલમાં પૂર્ણ થયું. નૃત્યમંડપનો ઉદ્દેશ દેવી સમક્ષ નૃત્યકારોને પોતાની કૃતિ રજુ કરવા માટેનો રહ્યો છે. આજે પણ માતાજી સમક્ષ વિવિધ પ્રસંગોએ નૃત્ય મંડપમાં કલાકારો દ્વારા નૃત્ય કરી માતાજીને રાજી કરવામાં આવે છે. મંદિરમાં ગર્ભગૃહની સમક્ષ ભટ્ટજીને બેસવાનું આસન તથા તથા પૈસા દાન સંગ્રહ માટેની મોટી આરસની જાળીવાળી પેટી છે, જેમાં દર્શનાર્થીઓએ જે રૂપિયા પૈસા નાખે છે તે સીધા મંદિરના સભાગૃહની નીચે બનાવેલા ભંડાકિયામાં જમા થાય છે. જેને સમયાંતરે મંદિર નીચે બનાવેલા ભંડાર ગણતરી કક્ષમાં લાવીને ગણવામાં આવે છે. ચાચર ચોક નીચેના ભાગમાં બહુચરાજી તથા બટુક ભૈરવના પ્રાચીન સ્થાનકો છે. ભંડાર ગણતરી કક્ષથી થોડા આગળ જઈએ એટલે પ્રાચીન વાવ જોવા મળે છે. જૂના સમયમાં યાત્રિકો માટે તે પેય જળની સુવિધા આ વાવ મારફતે પૂરી પડાતી હશે એવું અનુમાન છે.

અંબાજી માતાના મંદિરનો શિખરથી જંઘા સુધીનો ભાગ સુવર્ણ જડિત કરાયો છે. આજે અંબાજી માતાનું મંદિર ભારતના સુવર્ણજડિત મંદિરોની યાદીમાં સ્થાન પામે છે. જેનો સંપૂર્ણ શ્રેય માં અંબાના ભાવિક ભક્તોને જાય છે કે, જેમના યોગદાન થકી આજે ગુજરાતના ઉત્તર છેડે અરવલ્લીની ગિરિમાળાઓની મધ્યે સ્થાપત્ય વિદ્યાના ઉત્તમ નમૂના સ્વરૂપ અંબાજી માતાનું જાજવલ્યમાન મંદિર સર્વના હૃદયને આનંદની અનુભૂતિ કરાવી રહેલ છે.

***લેખક શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજીનાં નાયબ ઇજનેર છે.**





અંબાજીનો સ્થાપત્યકીય વારસો

- કપિલ ઠાકર



ગુજરાતની ઉત્તરે અને રાજસ્થાનની સરહદ પર આવેલ અંબાજી ગુજરાતનું સૌથી મોટું અને સુપ્રસિદ્ધ યાત્રાધામ છે. ૩૦ લાખ જેટલા યાત્રાળુઓ મા અંબાના દર્શનાર્થે પગપાળા તેમજ ભાદરવી પૂનમના મેળા સમયે વિવિધ સંઘો સાથે માતાજીના ગુણગાન ગાતા આવતા હોય છે. અહીં મુખ્ય સ્થળોમાં અંબાજી શક્તિપીઠ સાથે સંકળાયેલ માનસરોવર કુંડ (માથાના વાળ ઉતારવાની વિધિ), ભગવાન શ્રીકૃષ્ણના ચૌલકર્ણ, દેવોને મહિષાસુર રાક્ષસના ત્રાસમાંથી છૂટકારો અપાવનાર અંબાજી માતાનું અસલ સ્થાન એવો અંબાજીનો ગબ્બર, સરસ્વતી નદીના ઉત્પત્તિ સ્થાન તરીકે જાણીતું કોટેશ્વર મંદિર અને તેની પાસે આવેલ પૌરાણિક વાલ્મિકી આશ્રમ, આરસની ભવ્ય કલાકોતરણી માટે પ્રખ્યાત કુંભારિયા જૈન દેરાસર તેમજ અંતરિયાળ વિસ્તારમાં આવેલ કુંભેશ્વર મહાદેવનું મંદિર અને ત્યાંથી ૨ કિમીના અંતરે આવેલ રીંછડિયા મહાદેવ, દક્ષિણ ભારતના શિલ્પ-સ્થાપત્યો અનુસાર રચના ધરાવતું કામાક્ષી મંદિર ઉપરાંત અજય માતાનું મંદિર, ગાયત્રી મંદિર અને ચૂંદડીવાળા માતાજીનું સ્થાન જેવાં ઘણા જાણીતાં ધર્મસ્થળો આવેલા છે. ધર્મસ્થળો ઉપરાંત અહીં ઘણા પ્રવાસન કેન્દ્રો આવેલાં છે, જે અંબાજીને માત્ર યાત્રાધામ પૂરતું સીમિત ન રાખતા દરેક પ્રકારના પ્રવાસીઓને લાંબા સમય સુધી રોકાણ માટે આકર્ષિત કરે છે.

જેમકે અંબાજીથી વિરમપુર તરફ જતા ૧૦ કિ.મી. આગળ સેબલપાણી નામે ગામ આવેલ છે, જે કુદરતી સૌંદર્ય, આદિવાસી સંસ્કૃતિ અને ઐતિહાસિક ગુફાચિત્રો એ ત્રણે બાબતોનો સમન્વય ધરાવે છે. સેબલપાણી ગામમાં બસ સ્ટેન્ડની પાસે જ લોક નિકેતન, રતનપુર સંચાલિત આશ્રમશાળા આવેલી છે, જ્યાં પૂર્વમંજૂરી લેવાથી રોકાવા અને જમવાની વ્યવસ્થા થઈ શકે તેમ છે. એવી જ રીતે અંબાજીથી ૪૦ કિ.મી. જેટલા અંતરે દાંતા તાલુકાના જ બે ગામો ગઢ મહુડી અને કાંટીવાસનો વિસ્તાર આવેલો છે. અગિયારમી સદીથી સોળમી સદી સુધી આ વિસ્તાર પરમાર રાજાઓની રાજધાની હતી અને તરસંગ નામે જાણીતું સમૃદ્ધ નગર હતું. અહીં પ્રાચીન પંચાયતન મંદિરો, મકાનો, મહેલો, શિલ્પો તેમજ વાવના અવશેષો ખંડિત અવસ્થામાં મળી આવેલા છે. વધુમાં, અંબાજીની પ્રાચીન અરવલ્લી પર્વતની હારમાળામાં આવેલ ટેકરીઓમાં ખમીરવંતી આદિવાસી પ્રજા વસવાટ કરે છે તેમજ તેમની ગૌરવરૂપ સંસ્કૃતિનો ઈતિહાસ આ ટેકરીઓમાં છુપાયેલો છે. અહીં મુખ્યત્વે ભીલ અને ગરાસિયા આદિવાસી પ્રજા જોવા મળે છે અને અંબાજીની આસપાસમાં નવા વાસકાંઠા, લોટોલ, જબેરા, નાગેલ, ગુડા, વિરમપુર, સનાલી વગેરે જેવા ગામો જોવા જેવા છે.

ફોટોગ્રાફ: અશ્વિન વ્યાસ

વૃક્ષ અને પહાડની મૈત્રી અંબાજીમાં સહજ છે, પણ વૃક્ષ, પહાડ અને પ્રકૃતિનાં સમન્વયને એકસાથે જોવા માટે અંબાજીમાં જ હિંમતનગર માર્ગ પર સ્થિત માંગલ્યવન અને કૈલાશ ટેકરી આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. અંબાજીની વિશેષતા એ છે કે અહીં બારેમાસ પ્રવાસીઓ આવી શકે છે. ઉનાળા દરમિયાન આ સમગ્ર વિસ્તાર કેસુડાનાં ફૂલોના કેસરી રંગથી છવાઈ જાય છે. એ જ રીતે ચોમાસા દરમિયાન સમગ્ર વિસ્તાર લીલોછમ થઈ જાય છે.

વધુમાં અંબાજીથી ૪૦ કિ.મી. દૂર લોટોલ ગામમાં માણેકનાથની ગુફા આવેલ છે, જે અમદાવાદના માણેકચોક સાથે સંકળાયેલ હોવાનું મનાય છે. આ સાથે જ, દાંતાનગર ઘણું પ્રાચીન છે અને અહીં હાલમાં પણ ઘણા પ્રાચીન અવશેષો જોવા મળે છે. ખાસ તો અહીં ઘણો જ સુંદર પ્રાચીન મહેલ આવેલો છે, જ્યાં હાલમાં હેરિટેજ હોટેલ ચાલે છે અને આ વિસ્તારમાં રાત્રિરોકાણ માટે તે યોગ્ય સ્થાન છે. અહીં રાત્રિરોકાણ દરમ્યાન રાત્રિ સફારી પણ કરાવવામાં આવે છે. "અંબાજીની પ્રાચીન અરવલ્લી પર્વતની હારમાળામાં આવેલ ટેકરીઓમાં ખમીરવંતી આદિવાસી પ્રજા વસવાટ કરે છે તેમજ તેમની ગૌરવરૂપ સંસ્કૃતિનો ઈતિહાસ આ ટેકરીઓમાં છુપાયેલો છે."

અંબાજીની વિશેષતા એ છે કે અહીં બારેમાસ પ્રવાસીઓ આવી શકે છે. ઉનાળા દરમિયાન આ સમગ્ર વિસ્તાર કેસુડાનાં ફૂલોના કેસરી રંગથી છવાઈ જાય છે. એ જ રીતે ચોમાસા દરમિયાન સમગ્ર વિસ્તાર લીલોછમ થઈ જાય છે. યાત્રિકોને રહેવા માટે શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ સંચાલિત અંબાજી વિશ્રામ ગૃહ, દાંતા રોડ પર આવેલ દિવાળીબા ગૃહ ભવન તેમજ મંદિર સામે આવેલ હોલીડે હોમ જેવા યાત્રીગૃહો આવેલા છે. આ સિવાય પણ અંબાજી ખાતે ઘણી ખાનગી હોટેલો અને ધર્મશાળાઓ આવેલી છે, જ્યાં રાત્રિરોકાણ અને ભોજન માટે ઘણી સારી વ્યવસ્થાઓ મળી રહે છે.

તરસંગ – અંબાજી પાસેનું એક વિસરાયેલું શહેર :

આજથી થોડાક વર્ષો પહેલાં જ્યારે બનાસકાંઠાની વાવો પર સંશોધન કરી રહ્યો હતો, ત્યારે મારે દાંતા-અંબાજી ઘણી વાર જવાનું થતું. તે સમય દરમિયાન એક વાર મારે ગઢ મહુડી નામના ગામમાં જવાનું થયું. આ ગામ દાંતાથી ૧૫ કિ. મી.ના અંતરે આવેલ એક નાનકડું ગામ છે, જ્યાં મુખ્યત્વે ઠાકોર અને આદિવાસી વસ્તી વસવાટ કરે છે. અહીં શિક્ષણનું પ્રમાણ પણ સારું એવું છે. પહાડની બિલકુલ તળેટીમાં આવેલા આ ગામમાં સ્થાનિક લોકોને મળીને મેં મારો પરિચય આપ્યો અને હું જૂની વાવો પર સંશોધન કરી રહ્યો છું તે બાબત જણાવી. તમારી આસપાસ આવી કોઈ પ્રાચીન વાવ છે કે કેમ તે અંગે તપાસ કરવાનો પ્રારંભ કર્યો. જોકે પહેલાં ચાર વ્યક્તિઓને મળ્યો તો તેઓએ મને પોતે આ બાબતે અજાણ હોવાનું જણાવ્યું. અંતે એક વડીલ સાથે મુલાકાત થઈ. તેમણે મને ગામની પાછળની બાજુએ આવેલા પહાડોની તળેટીમાં સ્થિત જંગલ પહેલાં જે ખેતર આવે છે તેમાં મહદ્અંશે પુરાયેલી હાલતમાં એક પ્રાચીન વાવ હોવાનું જણાવ્યું.

આ વાતે મને એક અનેરી શક્તિ પ્રદાન કરી. જાણે કે એક તરસ્યા માણસને પાણી મળ્યું! હું એ વડીલ સાથે ત્યાં ખેતરમાં ગયો મને વાવના કૂવાનાં ઉપરના પડથાર નજરે પડ્યા. એ જોતાં જ હું ચોંકી ગયો! કેમ કે આ વાવ કોઈ આજકાલની બનેલી નહોતી. વાવના પથ્થર અને શિલ્પ-સ્થાપત્ય પરથી જણાયું કે વાવ અંદાજે તેરમીથી ચૌદમી સદી આસપાસની હતી. વાવના બહાર દેખાતા અવશેષો પરથી વાવ ત્રણ માળની તેમજ લંબાઈમાં ૧૦૦ ફૂટથી વધારે હોવાનું જણાઈ આવે છે.

વાવથી થોડાક જ આગળ કેટલાક બીજા શિલ્પો જોવા મળ્યા જે વાવનાં ન હતા. આ શિલ્પો જોવા હું થોડોક આગળ વધ્યો એ જોઈ મારી સાથેના વડીલે મને જણાવ્યું કે "ઓ ભાઈ, ઓંય તો આવા કેટલાય પથરા પડ્યા હૈ, જૂના જૂના તમે જોતા જોતા થાકશો" આ વાત મારી માટે ચોંકાવનારી તેમજ ઘણી જ આનંદદાયક હતી. ત્યારબાદ હું અને ગામનાં વડીલ આગળ વધ્યા. જેમ-જેમ અમે આગળ વધતા રહ્યા તેમ-તેમ મારી સામે એક પ્રાચીન સમયની ભવ્ય નગરી આવવા લાગી.

વાવનાં થોડાક ઉપરના પડથાર નજરે પડ્યા, એ જોતાં જ હું ચોંકી ગયો! કેમ કે આ વાવ કોઈ આજકાલની બનેલી નહોતી. વાવના પથ્થર અને શિલ્પ-સ્થાપત્ય પરથી વાવ અંદાજે તેરમીથી ચૌદમી સદી આસપાસની હતી.આસપાસ પુરાણા મંદિરોના ખંડિયેર મકાનનાં પાયા તેમજ તૂટેલી ભીંતનાં ઢગલાઓ પથ્થર સ્વરૂપે જોવા મળે છે. અહીં પ્રાચીન મંદિરોનાં અવશેષો પણ જોવા મળ્યા જેમાં મંદિરના શિખર ભાગના શૃંગો, ઉર્રહો, સભામંડપનાં સ્તંભો, ગર્ભગૃહનો તૂટેલો ભાગ, મંડોવરની જંઘા ઉપરની ભગ્ન મૂર્તિ નજરે ચડે છે. વધુમાં અહીં પાસના ડુંગર પર દીપા રાણીનો મહેલ હોવાનું પણ જાણવા મળ્યું. આ પ્રાચીન નગરના ઈતિહાસ વિશે ગ્રામજનો પાસેથી તેમજ સંશોધનોને આધારે કેટલીક માહિતી મળી જે નીચે મુજબ છે.

ઉજ્જૈનીના પ્રખ્યાત રાજા વીર વિક્રમની ચાલીસમી પેઢીએ રવપાળ પરમારે સિંધમાં રાજ્ય સ્થાપ્યું. તેની ચૌદમી પેઢીએ થયેલો દોજી નામનો રાજા મુસ્લિમો સામેના યુદ્ધમાં માર્યો ગયો તેમજ તેનો પુત્ર જસરાજ મુસલમાનો સામે ન ટકી શક્યો એટલે તેણે અર્બુદ મંડળના આરાસુરના ડુંગરામાં ગબ્બર પર રાજ્ય સ્થાપ્યું. આ જસરાજના પુત્ર કેદારસિંહે ઈ. સ. ૧૦૫૯માં બનાસકાંઠા જિલ્લાના તરસંગ નામે ડુંગર ઉપર તથા ડુંગરની તળેટીમાં કિલ્લા બંધાવી ગઢવાડા પ્રદેશ જીતી આ વિસ્તારમાં તરસંગ નામે રાજધાની સ્થાપી. કેદારનાથની સાતમી પેઢીએ થયેલ જગતપાળ પરમારના સમયમાં એટલે કે ઈ.સ ૧૨૯૫થી ઈ. સ. ૧૩૧૬ વચ્ચે અલ્લાઉદ્દીન ખીલજીએ આ વિસ્તાર જીતી લીધો. તે પછી અલ્લાઉદ્દીનનું લશ્કર પાછું દિલ્હી જતાં જગતપાળે પોતાનું રાજ્ય ફરીથી સર કર્યું. જગતપાળના પુત્ર મેઘજી પરમારને ઈડરના રાવભાણે ઈ. સ. ૧૩૪૫માં હરાવીને તરસંગ જીતી લીધું. રાજા મેઘજીએ અમદાવાદના મોહમ્મમદ બેગડાની મદદથી પોતાનું રાજ્ય પાછું મેળવી લીધું. રાજા મેઘજીના પુત્ર આસકરણ બીજાના વખતમાં શહેનશાહ અકબરનો એક શહજાદો પોતાના પિતાથી રિસાઈને તરસંગને આશરે આવીને રહ્યો. થોડા સમય પછી અકબર શાહજાદાને મનાવીને પાછો દિલ્હી લઈ ગયો. ત્યાં શાહજાદાએ અકબરને આસકરણની મહેમાનગતિ અને વીરતાની વાતો કરી. જેથી પ્રભાવિત થઈ આસકરણને દિલ્હી બોલાવી "રાણાજી'ની પદવી આપી. આસકરણના પુત્ર રાણાવાઘે ઈડર રાજ્ય સાથે ઘણાં વર્ષો સુધી યુદ્ધ ખેલ્યું. એક યુદ્ધમાં રાણોવાઘ હારી જતાં રાવ કલ્યાણમલના સૈનિકોના હાથે કેદ પકડાયો અને કલ્યાણમલે તેનું અપમાન કરતાં તેણે આત્મહત્યા કરી. રાણાવાઘના મૃત્યુ પછી કલ્યાણમલે ગઢવાડા પ્રદેશ જીતી લીધો અને તરસંગનો કિલ્લો તોડી નાખ્યો. તરસંગ નગર ઈ. સ. ૧૦૫૯ થી ઈ. સ. ૧૫૪૪ સુધી ગઢવાડા પ્રદેશની રાજધાની રહ્યું. એ કાળે આ પ્રદેશની આસપાસ અનેક ઉપનગરો બંધાયા હતા. રાણાવાઘનાં મૃત્યુ પછી તેના પુત્ર જયમલ પરમારે દાંતા નામે નવું નગર વસાવી ત્યાં પોતાની રાજધાની સ્થાપી. સમય જતાં તેણે ગઢવાડાનો પ્રદેશ તથા તરસંગ નગર પુનઃ પ્રાપ્ત કર્યું. રાજધાનીનું નગર તો દાંતા જ રહ્યું એટલે તરસંગ નગરીની પડતી થતી ચાલી, જેથી સમયાંતરે ત્યાંની ઉજળીયાત વસ્તી દાંતા ચાલી ગઈ એટલે તે વિસ્તારમાં આદિવાસીઓની જ વસ્તી રહી ગઈ.

કાંટીવાસ નગરના અવશેષો પરથી આ નગરમાં મંદિરો અને બજારો યોજનાબદ્ધ રીતે બંધાયા હોવાનું જાણવા મળે છે. અહીં બાંધકામ મુખ્યત્વે સ્થાનિક પથ્થરોથી અને ક્યાંક ક્યાંક ઈંટોના ઉપયોગથી કરવામાં આવ્યું છે. અહીં ૧૯ દેવ મંદિરો હોવાનું જાણવા મળ્યું છે, જેમાં ૪ નાના, ૧૦ મધ્ય શ્રેણીના અને ૫ (પાંચ) પંચાયતન મંદિરો હશે તેવું અવશેષો પરથી અનુમાન લગાવી શકાય છે. ખરેખર આ એક અદ્ભુત અનુભવ હતો અને મનમાં એક અનેરી લાગણી થઈ રહી હતી, પણ હું એ જ વિચારમાં હતો કે આજના આધુનિક ટેક્નોલોજીના યુગમાં પણ આ નગર કેવું છુપાઈને રહ્યું છે! આવા સ્થળોને ઉજાગર કરવા ઘણા જ જરૂરી છે.



ધાબાની વાવ : તા : દાંતા

ધાબાની વાવએ દાંતાથી ૧૫ કી.મી. દૂર આવેલા ધાબાની વાવ ગામમાં આવેલી છે. ધાબાની વાવ વિસનગરના નાગર વાણિયા છબીલ શાહે ઈ.સ. ૧૭૬૯માં (વિ.સં. ૧૮૨૫) બંધાવી હતી. આ વાવ બંધાવાની શરૂઆત ઈ.સ. ૧૭૬૪માં થઈ હતી અને વાવ ઈ.સ. ૧૭૬૯માં બંધાઈ હતી. ધાબાની વાવ એ નંદા પ્રકારની અને પથ્થરની બનેલી છે. કદમાં વાવ નાની અને સ્થાપત્યની દ્દષ્ટિએ સાદી છે. વાવ પાણીથી ભરેલ હોવાથી અંદરનું સ્થાપત્ય દેખાતુ નથી. વાવના પ્રવેશદ્વાર આગળ ચાર દરવાજા વાળી ઓરડી છે જે અંબાજી જતા યાત્રાળુઓના વિરામ માટે બંધાવવામાં આવી હતી. આ ઓરડી પર વાવનો શિલાલેખ છે. હાલમાં સિંચાઈ ખાતા દ્વારા વાવને રીપેર કરવામા આવી છે. ગામનાં નામ ઉપરથી આ વાવને ધાબાની વાવ તરીકે ઓળખવામાં આવે છે.

દાંતાની વાવ : તાઃ દાંતા

આ વાવ દાંતામાં જૈન દેરાસર પાસે હતી. હાલમાં આ વાવ પૂરાઈ ગઈ છે.દાંતામાં દરબારની વાવ ઉપરાંત એક અન્ય વાવનો ઉલ્લેખ મળે છે જે આ દેરાસર પાસેની વાવ હશે.મહીકાંઠા ડીરેકટરીમાંથી આ વિશે મળતી માહિતી પ્રમાણે દાંતાના રાણા શ્રી જાલમસિંહ ઈ.સ. ૧૮૫૧માં દાંતામાં બગીચો અને ધર્મશાળાઓ કરાવી અને આશરે ૫૦૦ ખર્ચીને રૈયતમાં સુખ માટે કૂવા, તળાવ, વાવ બંધાવી. આ પછી આવનાર રાણા હરિસિંહે દાંતાની આ વાવને દુરસ્ત કરાવી.

પીપળાવાળી વાવ : તાઃ દાંતા

પીપળાવાળી વાવ એ દાંતાથી અંબાજી જતા ૧૦ કિ.મી.ના અંતરે આવેલી છે.પીપળાવાળી વાવએ ઈ.સ. ૧૮૬૬ માં દાંતાના રાણા હરિસિંહે બંધાવી હતી. મહીકાંઠા ડીરેકટરી મુજબ હરિસિંહે ૧૮૬૬માં ૩૫૦૦ ખર્ચી માતાજીના રસ્તે બે વાવો બંધાવી હતી. જેમાં આ વાવનો સમાવેશ થાય છે. વાવ પર અભિલેખ છે પણ તે ખંડીત અવસ્થાને લીધે ઉકેલી શકાતો નથી.પીપળાવાળી વાવએ નંદા પ્રકારની અને પથ્થરની બનેલી છે. કદમાં નાની અને સ્થાપત્યની દ્રષ્ટિએ સાદી છે તેમજ કૂવાને બાદ કરતા બાકીનો ભાગ પૂરાઈ ગયો છે. માત્ર પ્રવેશદ્વારનાં બે સ્તંભ દેખાય છે. હાલમાં વાવનાં પાણીનો ઉપયોગ ખેતી માટે કરવામાં આવે છે. ગામના નામ પરથી આ વાવને પીપળાવાળી વાવ કહેવામાં આવે છે

દેવલીયાળી વાવ : તા : દાંતા

દાંતાથી ૧૦ કી.મી.ના અંતરે આવેલા દેવલીયાળી વાવ ગામના બસ સ્ટેશનથી થોડે દૂર આવેલી છે. દેવલીયાળી વાવ દાંતાના રાણા હરિસિંહે ઈ.સ. ૧૮૭૩ (વિ.સં. ૧૯૨૯) માં અંબાજી માતાજીના રસ્તે જતાં દર્શનાર્થીઓ માટે બંધાવી હતી. દેવલીયાળી વાવ એ નંદા પ્રકારની અને પથ્થરની બનેલી છે. કદમાં વાવ નાની અને સ્થાપત્યની દ્રષ્ટિએ સાદી છે. કૂવાને બાદ કરતા બધો ભાગ પૂરાઈ ગયો છે. વાવના પ્રવેશદ્વાર આગળ ચાર દરવાજા વાળી ઓરડી છે જે અંબાજી જતા યાત્રાળુઓના વિરામ માટે બંધાવવામાં આવી હતી. આ ઓરડી પર શિલાલેખ છે. હાલમાં દેવલીયાળી વાવને સિંચાઈ ખાતા દ્વારા રીપેર કરવામાં આવી છે. ગામનાં નામ ઉપરથી આ વાવને દેવલીયાળી વાવ તરીકે ઓળખવામાં આવે છે.

હરિવાવ :

હરિવાવ દાંતાથી ૪ કી.મી.ના અંતરે અંબાજી જવાના રસ્તે હરિવાવ ગામનાં બસ સ્ટેશન પાસે આવેલી છે. દાંતાના રાણા જસવંતસિંહ ના કારવી શ્રી હેમચંદ પાનાચંદ એ બંધાવી છે. અભિલેખમાં વાવ બંધાવવાનું વર્ષ ઈ.સ. ૧૮૮૭ (વિ.સં. ૧૯૪૩)નું દર્શાવેલ છે. હરિવાવએ નંદા પ્રકારની અને પથ્થરની બનેલી છે. કદમાં વાવ નાની અને સ્થાપત્યની દ્રષ્ટિએ સાદી છે. વાવ પાણીથી ભરેલ હોવાથી અંદરનું સ્થાપત્ય જોઈ શકાતુ નથી. વાવના પ્રવેશદ્વાર આગળ ચાર દરવાજા વાળી ઓરડી છે જે અંબાજી જતા યાત્રાળુઓના વિરામ માટે બંધાવવામાં આવી હતી. આ ઓરડી પર શિલાલેખ છે. હાલમાં હરિવાવ ને સિંચાઈ ખાતા દ્વારા રીપેર કરવામાં આવેલ છે. ગામના નામ પરથી આ વાવને હરિવાવ કહેવામાં આવે છે.

દરબારની વાવ :

આ વાવ દાંતામાં જ સરકારી દવાખાના પાસે દરબારનાં ખેતરમાં આવેલી છે. દાંતાએ પાલનપુરથી ૪૦ કિ.મી.ના અંતરે આવેલ છે. દરબારની વાવનો ઉલ્લેખ મહીકાંઠા ડીરેકટરીમાંથી મળે છે. તે ઉલ્લેખ પ્રમાણે દરબારની વાવ દાંતામાં રાણા જસવંતસિંહના સમયમાં બંધાઈ છે. મહીકાંઠા ડીરેકટરી મુજબ દાંતામાં બે વાવ હોવાની માહિતી મળે છે. અને તેમાં એક દાંતાના રાણા જાલમસિંહે બંધાવી જે રાણા હરિસિંહે દુરસ્ત કરાવી અને બીજી રાણા હરિસિંહના ભાઈ જસવંતસિંહે બંધાવી. જો કે આમાં હાલ દરબારની વાવ જ હયાત છે અને દરબારની વાવને જોતા આ વાવ ઘણી પ્રાચીન હોય કે તેનો દુરસ્તી કરવામાં આવી હોય તેમ કંઈ જણાતું નથી. આથી દાંતામાં હાલમાં જે દરબારની વાવ છે તે રાણા જસવંતસિંહે ઈ.સ. ૧૮૭૮ થી ઈ.સ. ૧૯૦૫-૦૬ ના સમયગાળામાં બંધાવી હોવાનું માની શકાય છે. આ વાવ નંદા પ્રકારની છે અને તે ર્ન(એલ) આકારની છે. વાવનું સંપૂર્ણ બાંધકામ પથ્થરનું છે જેને ૫ જેટલા પગથિયા છે જે બહાર દેખાય છે અને બાકીનો ભાગ પાણીમાં છે દરબારની વાવ ત્રણ માળની છે. જ્યારે વાવમાં કોઈ શિલ્પ જોવા મળતું નથી. વાવમાં કમાનો છે જે સ્તંભો આધારિત છે. પ્રથમ કમાનની સામ સામે ગોખલા છે. વાવના સ્તંભો ચોરસ અને સાદી કોતરણી યુકત છે. વાવની ઉંડાઈ આશરે ૮૫ફુટ જેટલી છે.

આ વાવની માલિકી હાલમાં દાંતા દરબારની છે માટે તે દરબારની વાવ તરીકે ઓળખાય છે. વાવના પાણીનો ઉપયોગ બાજુનાં ખેતરમાં કરવામાં આવે છે. વાવમાં હાલમાં ૬૦ ફુટ જેટલું પાણી ભરાયેલ છે. વાવની સફાઈ ત્યાંના સ્થાનિક રહેવાસી દ્વારા કરવામાં આવે છે.

ડૂબેલીવાવ(ડાયમંડ જયુબલી વાવ) અંબાજી : તા. દાંતા

ડુબેલી વાવએ અંબાજીથી ગબર જવાના રસ્તા પર આવેલી છે. અંબાજીએ દાંતાથી ૨૦ કિ.મી. દૂર આવેલ છે.મહીકાંઠા ડીરેકટરી મુજબ આ વાવ દાંતાના રાણા જસવંતસિંહના સમય (ઈ.સ. ૧૮૭૮ થી ઈ.સ. ૧૯૦૫-૦૬)માં બંધાઈ હતી. અભિલેખ મુજબ આ વાવનો સમય ઈ.સ.૧૮૯૭(સંવત ૧૯૫૩) જાણવા મળે છે. અંબાજીએ આવનાર દર્શનાર્થીઓને વ્યવસ્થિત સમયસર પાણી મળી રહે તેમજ પોતાના રાજયનો પૈસો વ્યવસ્થિત ઉપયોગમાં લેવાય તે હેતું આ વાવનું નિર્માણ થયું છે.

આ વાવ નંદા પ્રકારની છે અને તેનું સ્થાપત્ય પથ્થર અને ઈટોથી જોવા મળે છે. તેમાં સ્થાપત્યની દ્રષ્ટિએ કોઈ વિશેષતા જોવા મળતી નથી. આ વાવ સાદી છે. બાંધકામ માં કોઈ ખાસ પ્રકારની વિશેષતા જોવા મળતી નથી. વાવનો ઘણો મોટોભાગ પૂરાઈ ગયો છે. વાવની ઉંડાઈ આશરે ૨૫ ફુટ જેટલી જ છે અને તેમાં ૧૫ ફુટ પાણી છે. હાલમાં આ વાવને સિંચાઈ ખાતા દ્વારા રીપેર કરવામાં આવેલ છે.

અંબાજી માતાની વાવ : અંબાજી, તા. દાંતા

અંબાજી માતાની વાવ એ અંબાજી ગામમાં અંબેમાતાના મુખ્ય મંદિરના નીચેના ભાગમાં આવેલી છે અને હાલમાં પુરાઈ ગઈ છે. વાવ એ દાંતાથી ૨૦ કી.મી. દૂર અંબાજીમાં જ ગબ્બર જવાના રસ્તે પેટ્રોલપંપ પાસે આવેલી છે. મહીકાંઠા ડીરેકટરીમાં આ વાવ વિશે માહિતી મળે છે જે મુજબ દાંતાનાં રાણા જસવંતસિંહનાં સમયમાં (ઈ.સ. ૧૮૭૮ થી ૧૯૦૫-૦૬) આ વાવ બંધાઈ હોવાનું જાણવા મળે છે. હાલના વાવના કુવાનો ભાગ દેખાય છે.

જવારીયા વાવ : ગોરાડ, તા. દાંતા

આ વાવ દાંતાથી હડાદ જતાં બેડા ગામના ત્રણ રસ્તા આવે છે. ત્યાંથી ૯ કી.મી. અંદર ગોરાડ ગામની સરહદના ખેતરમાં આવેલી છે. આ વાવની માહિતી તેના અભિલેખ માંથી મળે છે. આ અભિલેખ મુજબ આ વાવ ઈ.સ. ૧૯૪૦માં ભાટી સરદારોના ગોરગામ ચાંપલપુરના રહેવાસી જોશી વલ્લભરામની વિધવાબાઈ ગંગાએ લોકાપયોગી કાર્યો માટે બંધાવી હતી આ વાવ જુવારના ખેતરમાં આવેલી હોવાથી તે જવારીયા વાવ તરીકે ઓળખાય છે. જવારીયા વાવ નંદા પ્રકારની છે અને સમગ્ર બાંધકામ ઈંટોની બનેલી છે. આ વાવમાં દાખલ થતાં જ થોડા પગથિયા ઉતરતા વાવની આજુબાજુ બે નાના ગોખલા છે. હાલ એ બંને ગોખલાની અંદર જૈન તીર્થંકરની એક એક મૂર્તિ મૂકેલી છે. આ બે મૂર્તિઓ સિવાય અન્ય કોઈ શિલ્પ કે પ્રતિમા જોવા મળતી નથી. અહીં ગુજરાતીમાં અભિલેખ છે. ૨૮ જેટલા પગથિયા બહાર દેખાય છે અને પછી પાણી શરૂ થાય છે. આ વાવની ઉંડાઈ આશરે ૪૫ ફૂટ જેટલી છે. હાલમાં આ વાવ સાફ સફાઈ કરેલી જોવા મળે છે અને ગામ લોકો આ વાવથી પરિચિત છે. તેમજ વાવના પાણીનો ઉપયોગ આસપાસનાં ખેતર માટે થાય છે.

***લેખક અતુલ્ય વારસો નાં તંત્રી છે.**



ભટ્ટજી મહારાજની દ્રષ્ટિએ અંબાજી

- શ્રી ભાનુપ્રસાદ રામશંકર ઠાકર



અંબાજી માતાની આરાધના, પૂજા સાથેનો જે નિત્યક્રમ છે, તે બ્રાહ્મણ પૂજારી ભટ્ટજી મહારાજ દ્વારા નિભાવવામાં આવે છે. જ્યારથી માં અંબાની આરાધના પ્રાચીનકાળમાં આરંભાઈ ત્યારથી સિદ્ધપુરના મૌનસ ગૌત્રના બ્રાહ્મણો જ અંબાજી માતાની નિત્ય પૂજા કરતા આવ્યા છે. અંબાજીના પૂજારીઓને ભટ્ટજી મહારાજના નામથી ઓળખવામાં આવે છે. અંબાજી માતાની પૂજાનો અધિકાર સિદ્ધપુરના મૌનસ ગૌત્રના બ્રાહ્મણ પરિવારોને વંશ પરંપરાનુગત છેક સોલંકી કાળથી પ્રાપ્ત થયેલ છે. કુલ ચાર પરિવારો અંબાજી માતાની પૂજા કરે છે, પરંપરા અનુસાર દરેક પરિવાર એક વર્ષ માટે અંબાજીની પૂજાનો અધિકાર ધરાવે છે. આમ દરેક પરિવાર એક-એક વર્ષ માટે નિયમ અનુસાર પૂજા કરે છે તથા પરિવારના મોભીને મુખ્ય ભટજી તરીકેનું સ્થાન પ્રાપ્ત થાય છે.

ચાચરચોકમાં માતાજીના દર્શન કરીને બહાર નીકળીએ એટલે મુખ્ય મંદિરની દક્ષિણ તરફ માતાજી ગાદીની નામનો કક્ષ જોવા મળે છે, જ્યાંથી ભટ્ટજી મહારાજ અને તેમનો પરિવાર અંબાજીની પૂજાનો કાર્યક્રમ તથા વિધિ વિધાન નક્કી કરે છે. દર્શનાર્થીઓ માતાજીની ગાદી પરથી જે પ્રસાદ ખરીદે છે, તે રાજભોગ તરીકે ઓળખાય છે. જે ભટ્ટજી મહારાજ દ્વારા અલગથી બનાવવામાં આવે છે. અંબાજી મંદિરના ગર્ભગૃહમાં ગોખ છે, જેમાં વીસાયંત્ર પ્રસ્થાપિત છે, જેની પૂજા-આરાધના ભટ્ટજી કરે છે. ખુલ્લી આંખે આ યંત્ર જોવાનો નિષેધ હોઈ આંખે પાટા બાંધીને વીસાયંત્રની પૂજા કરવામાં આવે છે. યંત્ર પર શણગાર એવી રીતે કરવામાં આવે છે કે, જાણે માતાજી બેઠેલા હોય તેવું દર્શનાર્થીઓને લાગે. અઠવાડિયાના સાતેય દિવસ માતાજીની જુદી-જુદી સવારી હોય છે, જેમાં મયુર, નંદી, વાઘ, સિંહ, ગરુડ, ઐરાવત અને હાથીનો સમાવેશ થાય છે. સવારે માતાજી બાલ સ્વરૂપમાં, બપોરે યુવતીના સ્વરૂપમાં અને રાત્રે વૃદ્ધાના સ્વરૂપમાં હોય છે. રાત્રે માતાજીને સવારી હોતી નથી. માતાજીને દિવસમાં ત્રણ વખત ભોગ ધરાવાય છે, જેમાં સવારે બાલભોગ જેમાં શીરો હોય છે, તે ધરાવાય છે. બપોરે રાજભોગમાં માતાજીને પુરી, શાક, દાળ, ભાત, મિષ્ટાન્ન ધરાવાય છે તથા રાત્રે શયન ભોગમાં માતાજીને ફળો ધરાવાય છે.



સિદ્ધિવિનાયક મંદિર, અંબાજી ચાચર ચોક



શ્રી બટુક ભૈરવનું મંદિર

વીસાયંત્રની પૂજા જે અત્યંત ગુપ્ત છે, તેનું વર્ણન ભટ્ટજી મહારાજ કોઈની આગળ કરતા નથી. યંત્રને આંખેથી જોવાનો નિષેધ એટલા માટે છે કે, યંત્ર એ દિવ્યશક્તિ છે, તેને જોવા માટે દિવ્ય નેત્રો જોઈએ. જો એ દિવ્ય નેત્રો આપણી પાસે ન હોય તો યંત્ર જોવાનો આપણને કોઈ અધિકાર નથી. ઘણાને એવો પ્રશ્ન થતો હશે કે, કોઈએ તો યંત્રને ક્યારેક તો જોયું હશે ને? તો એનો જવાબ છે, 'હા'. જ્યારે ભારતમાં રાજા-મહારાજા તથા અંગ્રેજોનું શાસન હતું તે સમયે દાંતા રાજ્યના રાજવી ભવાનીસિંહજી કે જેઓ માતાજીના અનન્ય ઉપાસક હતા તેમણે ભટ્ટજી આગળ એકવાર જીદ કરી કે મારે માં ને જોવી છે. ભટ્ટજીની અનેક વિનંતીઓ છતાં રાજવી માન્યા નહીં અને છેલ્લે કંટાળીને ભટ્ટજીએ ભવાનીસિંહની સમક્ષ વીસાયંત્ર ખુલ્લું કર્યું. ભવાનીસિંહ અને ભટ્ટજી બંનેએ ખુલ્લી આંખે યંત્રને જોયું. ભવાનીસિંહનું મૃત્યુ જળોદરથી બે વર્ષ સુધી પીડાઈ પીડાઈને થયું અને ભટ્ટજીને લકવો થયો.

ગીતાના અગિયારમા અધ્યાયમાં શ્રીકૃષ્ણ અર્જુનને તેમનો વિશ્વરૂપ બતાવતા પૂર્વે કહે છે કે, 'હે, અર્જુન ! તું તારી સામાન્ય આંખોથી મને નહીં જોઈ શકે; મારા અસલ સ્વરૂપને જોવા માટે હું તને દિવ્ય નેત્ર પ્રદાન કરું છું.' એ જ રીતે જો માં ને તેમના અસલ રૂપમાં નિહાળવી હોય તો દિવ્ય નેત્રો જોઈએ. સામાન્ય ચક્ષુ તેનું તેજ સહન નહીં કરી શકે.

માતાજીના પ્રથમ પ્રતિનિધિ છે, ભટ્ટજી મહારાજ. માતાજી તેમનો ગમો-અણગમો સૌપ્રથમ ભટ્ટજી આગળ રજૂ કરે છે. માતાજીએ જ્યારે અડધી રાત્રે વાણીયાનું જહાજ સમુદ્ર તોફાન માંથી ઉગાર્યું ત્યારે માતાજીએ ભટ્ટજીને રાત્રે સ્વપ્નમાં આવીને જગાડ્યા અને કહ્યું કે, “ઉઠ! મારા વસ્ત્રો ભીના થઈ ગયા છે” અને ભટ્ટજીએ અડધી રાત્રે મંદિરના કપાટ ખોલ્યા અને જોયું તો માતાજીના વસ્ત્રોમાંથી પાણી ટપકતું હતું. ભટ્ટજીએ એ પાણી ચાખ્યું તો તે સમુદ્રી જળ હતું.

ભટજી મહારાજને માતાજીની આરતી ઉતારતા જોવા એ જીવનનો અમૂલ્ય લહાવો છે. કેટલી ભાવ પૂર્ણતાથી યુક્ત થઈને ભટ્ટજી માંની આરતી ઉતારે છે! ભટ્ટજી જ્યારે માતાજીની પાવડી શ્રદ્ધાળુંના શિરે મૂકે છે, ત્યારે અનેરી આહ્લાદકતા અનુભવાય છે.

***લેખક અંબાજી મંદિરના ભટ્ટજી મહારાજ છે.**



શ્રી અંબિકેશ્વર મહાદેવ

કુંભારિયાના કલામય જૈન પ્રાસાદો

– નરેશ અંતાણી



ભારતીય સંસ્કૃતિના પુરાતત્વ, સંસ્કૃતિ, શિલ્પ અને સ્થાપત્યના વિકાસમાં ગુજરાતનું પ્રદાન અનેરું છે. આપણા ભૂતકાળની સાક્ષી પૂરતા આપતા અનેક પ્રમાણો ગુજરાત રાજ્યમાંથી ઠેરઠેર પ્રાપ્ત થાય છે. ઈતિહાસના પાના વાંચતા જાણવા મળે છે કે, હંમેશ યાયાવર ટોળાંઓ અને નિર્વાસિતોએ ગુજરાતને પોતાનું આશ્રય સ્થાન બનાવ્યું છે. છેક પ્રાગ ઐતિહાસિક કાળ થી અર્વાચીન કાળ સુધી આ પ્રક્રિયા ચાલુ રહેવા પામી છે, જેને કારણે ગુજરાત પ્રદેશમાં એક અનોખી સંસ્કૃતિનું નિર્માણ થયેલું જોવા મળે છે. કેટલીય સંસ્કૃતિઓનો સુમેળ રાજ્યમાં થયેલો છે. અને પરિણામે આપણા ઈતિહાસ, ભૂગોળ, ધર્મ, રીત-રિવાજોની ઘેરી અસર ગુજરાતની પ્રજા પર જોવા મળે છે. ભારતીય સંસ્કૃતિમાં ગુજરાતના રંગીન લોકનૃત્યો, કલા સભર નિવાસો, સરસ અને સાલસ રીત રિવાજો, હસ્તકલાઓનો ગુજરાતની સંસ્કૃતિના વિકાસમાં અનેરૂં પ્રદાન છે. દેશના અન્ય પ્રદેશોની જેમ ગુજરાતમાં પણ સંસ્કાર ધર્મ સાથે ગાઢ રીતે સંકળાયેલ છે. સાહિત્ય, સ્થાપત્ય, ચિત્રકલા અને સંગીત જેવાં વિવિધ સાંસ્કૃતિક ક્ષેત્રો આપણા સંસ્કાર વારસાની ધરોહર છે. આમ તો સમગ્ર ગુજરાત પ્રાચીન અને અર્વાચીન બન્ને ક્ષેત્રે દેશભરમાં આગવું સ્થાન ધરાવે છે. અમદાવાદ નજીક લોથલ અને કચ્છના વાગડ વિસ્તારમાં આવેલું ધોળાવીરા ની ૫૦૦૦ વર્ષ જુની હડપ્પીય સંસ્કૃતિએ ગુજરાતને વિશ્વભરમાં ખ્યાતિ અપાવી છે. ગુજરાતના પુરાતન વારસમાં સમ્રાટ અશોકના ત્રીજી સદીના શિલાલેખો, કચ્છના ખડીર વિસ્તારમાંથી મળતા ક્ષેત્રપના બીજી ત્રીજી સદીના શિલાલેખો પણ મૌર્ય, ગુપ્ત અને ક્ષત્રપ વારસાની ઝાંખી કરાવે છે. તો તારંગા, મોઢેરા, કુંભારિયા, ગિરનાર અને પાલિતાણાના જૈન મંદિરોનું અદ્ભૂત શિલ્પ સ્થાપત્ય આપણા ભવ્ય સાંસ્કૃતિક વારસાનું સ્મરણ કરાવે છે. ગુજરાતના મુસ્લિમ સ્થાપત્યનો વારસો પણ ભારતીય અને આરબ કલાનું મિશ્રણ ધરાવતી ભવ્ય ઈમારતોમાં સચવાયો છે. જો કે ગુજરાતનું સ્થાપત્ય મોગલ સ્થાપત્યથી જૂદું પડે છે. ગુજરાતની ઈમારતો વિશાળ નથી પણ તેનું શિલ્પ, કોતરકામની કારીગરી ઉચ્ચ કક્ષાની છે. ગરવી ગુજરાતની આપણી આ ધરોહર પૈકીકુંભારીયાના જૈન દેરાસરના સ્થાપત્યોમાં સચવાયેલી આપણા સંસ્કાર વારસાની ઝલક અહીં મેળવીશું.

આબુના દેલવાડાંના જૈન મંદિરો વિખ્યાત છે અને આબુ જનાર પ્રવાસી તેની મુલાકાત અવશ્ય લે છે પરંતુ આબુરોડની તદન નજીક અંબાજી પાસે આવેલાં કુંભારિયાના જૈન મંદિરો પણ પ્રમાણમાં સાદા હોવા છતાં શિલ્પ અને સ્થાપત્યની દ્રષ્ટિએ ઓછાં ઉતરે એમ નથી. આરાસુર પર્વતોની શૃંખલાઓ વચ્ચે આ તીર્થ આવ્યું હોઈ કુંભારિયાતીર્થ ૧૭મી સદી સુધી અરાસરા તરીકે તરીકે જાણીતું હતું. આ પછી મેવાડના કુંભા રાજપુતના નામ પરતી કુંભારિયા તરીકે જાણીતું થયું.

કુંભારિયાના મૂળ નાયક નેમિનાથની પ્રતિષ્ઠા વિક્રમ સંવત ૧૦૮૮માં વિમલસા મંત્રીએ કરી હતી . સંવત ૧૩૫૬માં અલ્લાઉદીન ખીલજીએ ગુજરાત પર ચડાઈ કરી ત્યારે આ મંદિરોને પણ વ્યાપક નુકસાન કર્યું હતુ. આ પછી તેનો જીર્ણોદ્ધાર અને જૈન પ્રાસાદોની પ્રતિષ્ઠા વિજયસેનસૂરિશ્વરજીએ માગસર વદ ૪ વિક્રમ સંવત ૧૬૭૫ના કરી હતી . અહીંના જૈન પ્રસાદો માટે પુરાતત્વવિદ્ જિનવિજયજીએ ભારતના પુરાતત્વીય સર્વેક્ષણ વિભાગની એક મોંજણીનો હવાલો આપતાં નોંધ્યું છે તે મુજબ કુંભીરયાના મંદિરોનું સ્થાપત્ય, બાંધણી, આકાર વગેરે આબુ, નાગદા અને કચ્છના ભદ્રેશ્વરના જૈન મંદિરો જેવું જ છે. જો કે આ પૈકી કચ્છના ભદ્રેશ્વર મંદિરોનું નવનિર્માણ થતાં તેનું સ્થાપત્ય હવે બદલાયું છે. કુંભારિયાના મંદિરના સ્તંભો દ્વારો અને છતમાં કરવામાં આવેલું કોતરકામ આબુના દેલવાડાને બિલકુલ મળતું આવે છે. આ મંદિરોનો વારંવાર જીર્ણોદ્ધાર થયો હોવાથી શિલ્પસૃષ્ટિમાં આવેલો તફાવત નોંધી શકાય છે. મંદિરની છતનું કામ એટલું સૂક્ષ્મ અને કલા સૌષ્ઠવથી ભરેલું છે કે, તેનું બારીક કરતાં કલાકો નીકળી જાય. કહેવાય છે અહીં મંદિરોનો વિશાળ સમુહ હતો જેની નોંધ અહીંના શિલાલેખોમાં પણ જોઈ શકાય છે પરંતુ હવે કુંભારિયાના કલામય પ્રાસાદોમાં મુખ્યત્વે પાંચ મંદિરોનો સમાવેશ થાય છે. આ બધાં મંદિરોમાં ભગવાન નેમિનાથનો સંગેમરમરનો પ્રાસાદ સૌથી મોટો છે. તેની પૂર્વ બાજુ સફેદ આરસપહાણનું મહાવીર સ્વામીનું મંદિર, તેની સામે પાર્શ્વનાથ, શાંતિનાથ અને સંભવનાથના દેરાસર આવેલા છે.

મંડપના સ્તંભો, તોરણો ને ભીતો, ઝરુખા અને ઘુમ્મટ વગેરે ઉપર કંડારવામાં આવેલી કોતરણી જોનારને અત્યંત વિસ્મયમાં નાખી દે છે. અહીંના પ્રાગણમાં આવેલા શિલાલેખો આરાસર નગરની પ્રાચીનતા દર્શાવે છે. ભક્તિભાવનાની સાથે શિલ્પ સ્થાપત્યના સમન્વયથી વિવિધ પાસાઓ વ્યક્ત કરતા સામાજિક લોકજીવનના પણ અહી દર્શન થાય છે જે માનવતાના મૂલ્યાંકનોમાં અનેરો ભાવ જગાડે છે. અહીં કંડારાયેલા શિલ્પોમાં સાહિત્ય, સંગીત અને કલાનું સાચું રસદર્શન આપણને થાય છે અને તે દ્વારા તત્કાલીન સમાજના ઉચ્ચ આદર્શ ની પ્રતીતિ દર્શકને થાય છે. કુંભારિયાના પ્રાસાદો અનુપમ અને રમ્ય અભિનવ શિલ્પકળા વ્યક્ત કરતાં કલાનિકેતન છે એવું કહી શકાય. તે શિલ્પ, સ્થાપત્ય અને કારીગરીના અપૂર્વ સંયોજન ધરાવતાં અદ્વિતિય બની રહ્યાં છે. એક માન્યતા એવી પણ છે કે કુંભાર્ક ઉપરથી કુંભારિયા નામ ધારણ કરનાર જૂના આરાસર નગરના અવશેષરૂપ એવાં આ કલામંદિરો તેના પ્રાચીન ઈતિહાસ અને ગૌરવગાથા કહેતા અહીં તેનું સ્થાન સાચવી રહ્યાં છે.

***લેખક પત્રકાર, કટાર લેખક, ઇતિહાસ સંશોધક તથા વિજયરાજજી સાર્વજનિક પુસ્તકાલય, ભુજનાં મંત્રી છે.**





અંબાજીમાં નિર્માણ પામેલ ૫૧ શક્તિપીઠો

ફોટોગ્રાફઃ અશ્વિન વ્યાસ

પ્રાસ્તાવિકઃ

ભારત વર્ષમાં આવેલાં વિવિધ શક્તિપીઠોની ચેતનાને એક જ સ્થળે સ્થાપિત કરવાની યોજનાની પરિપૂર્ણતાના આ અવસરે અંબાજીમાં ક્યાં ક્યાં શક્તિપીઠ છે, અને મૂળ શક્તિપીઠો સાથે તેનું શું સામ્ય છે તે દર્શાવવાનો અત્રે ઉપક્રમ છે.

શક્તિપીઠનું સ્થાન વિશેષઃ

જગતના સર્વથી પ્રાચીન અરવલ્લીની ગોદમાં પ્રકૃતિની જીવંત છાયામાં ગબ્બર નામનો પહાડ આવેલો છે. હજારો વર્ષથી ગબ્બર માતાજીની ચેતનાને સાચવીને બેઠેલો છે. આ ગબ્બર પહાડની ચોતરફ શક્તિપીઠોનું નિર્માણ કરવામાં આવેલ છે. હૃદયની જેમ વચ્ચે ગબ્બરનું ધબકતું કેન્દ્ર છે.

અંબાજીમાં એક તરફ મંદિર છે. તેનાથી ત્રણેક કિલોમીટર દૂર ગબ્બરનો પહાડ છે. ગબ્બર વિષે અનેક પ્રકારની જનશ્રુતિઓ ચાલે છે. કહેવાય છે કે સૌપ્રથમ અંબાજી માતાનું પ્રાગટ્ય ગબ્બર ગઢમાં થયું હતું. પ્રાચીન સમયમાં અહીં એક મોટો ગઢ હતો. દૂરથી જોતાં ત્યાં મોટો કમાનદાર દરવાજો હોય તેવું લાગે છે. ત્યાં એવી વાત ચાલતી હતી કે - માતાજી ડુંગરાના પોલાણમાં રહે છે. ત્યાં આસપાસ કેટલાક ગોવાળો રહેતા હતા. આ ગોવાળો ડુંગરામાં પોતાની ગાયો ચરાવતા હતા. એક ગોવાળને ત્યાં એક ગાય આવતી અને આખો દિવસ ચરીને સાંજે છૂટી પડી ડુંગરામાં ચાલી જતી હતી. ગોવાળને થયું કે આ ગાય કોની હશે ? તેણે નિશ્ચય કર્યો કે આના માલિકને શોધી કાઢી, તેની પાસે ચરાઈના પૈસા વસૂલ કરવા. એક સાંજે નિત્યની જેમ ગાય પોતાને ઘેર જવા નીકળી ત્યારે ગોવાળ તેની પાછળ-પાછળ ગયો અને તેની સાથે ડુંગરામાં અંદરને અંદર ગયો. એટલે તેના જોવામાં એક ભવ્ય મહેલ આવ્યો. તેના મુખ્ય ઓરડામાં માતાજી બિરાજમાન થયેલાં હતાં. તે હીંચકે હીંચતાં હતાં અને ઘણી દાસીઓ તેમની આસપાસ ઊભી હતી. ગોવાળ હિંમત કરીને માતાજીની પાસે ગયો અને પૂછ્યું કે - આ ગાય તમારી છે ? તેમણે હા કહી. તે ઉપરથી આગળ બોલવાની ગોવાળને હિંમત આવી. તેણે કહ્યું કે એ ગાયને મેં વર્ષ સુધી ચરાવી છે ને તેની ચરાઈ લેવાને આવ્યો છું. હીંચકે બેઠેલાં તે દેવીએ દાસીને પાસે પડેલા ઢગલા જવમાંથી થોડા જવ આ ગોવાળને આપવા આજ્ઞા કરી. દાસીએ સૂપડું ભરીને જવ ગોવાળને આપ્યા. તેનાથી નિરાશ થઈને તે બહાર નીકળ્યો અને ક્રોધમાં આવીને તેણે મહેલના ઉંબરાની બહાર આવીને જવ ફેંકી દીધા. પણ ઘેર પહોંચતાં તેના કપડામાં ચોંટી રહેલા જવના દાણા સોનાના બની ગયા હતા. તે આશ્ચર્યચકિત થઈ ગયો. બીજે દિવસે તે મહેલમાં જવા ગયો પણ તેને રસ્તો જડ્યો નહીં અને માતાજીની ગાયે પણ ફરી દેખા દીધી નહીં. પણ આ કથાના માધ્યમથી એ ટુક ઉપર માતાજીની સ્થાપના થઈ અને લોકો ત્યાં દર્શનાર્થે આવવા લાગ્યા. ગબ્બર ઉપર રહેલ મંદિર એવા પ્રકારે બનેલું છે કે અંબાજીના મંદિરમાં ઊભા રહીને ગબ્બર ઉપર જલતી દીવાની અખંડ જ્યોતને નિહાળી શકાય. ગબ્બર ઉપર ઘણા વર્ષોથી જ્યોત પ્રગટે છે.

ગબ્બર ઉપર ચડવાનો એક આગવો મહિમા હતો. અંબાજીનાં દર્શન કરવા આવવાવાળા ગબ્બર ચડીને માતાજીનાં દર્શન કરે, ત્યારે દર્શન પરિપૂર્ણ થાય તેવી માન્યતા છે. ગબ્બર પર ચડવું કઠિન હોવાને કારણે એક કહેવત પડેલી કે 'જે જાય ગબ્બર, તે થાય જબ્બર'.

ગબ્બર ઉપર માતાજીની મૂર્તિ સ્થાપિત કરેલી છે, જ્યારે મંદિરમાં માતાજીનું શ્રીયંત્ર પધરાવેલું છે. આ શ્રીયંત્રને એવી રીતે શણગારવામાં આવે છે કે જેથી દૂરથી માતાજીના મૂર્તિ આકાર જેવું દૈદીપ્યમાન લાગે છે. આ સગુણ સાકાર મત અને શાક્તમત પ્રમાણે શક્તિના શ્રીચક્ર યંત્ર દ્વારા પૂજન-અર્ચન બન્નેનો સમન્વય અંબાજી શક્તિપીઠમાં થયો છે. એ તેની વિશેષતા છે. ગબ્બરની આવી પવિત્ર ભૂમિમાં એકાવન શક્તિપીઠોને ઉજાગર કરવામાં આવ્યાં છે. ગબ્બરમાં પ્રવેશ કરીએ ત્યાં ડાબી બાજુથી શક્તિપીઠનો પ્રારંભ થાય છે. લગભગ ૨૮૫ કિલોમીટર જેટલા વિસ્તારમાં આ શક્તિપીઠો આવેલાં છે. ગોળ ગોળ ફરીને ગબ્બરની બીજી બાજુએ આવી શકાય. ગોળાકારમાં આવેલાં આ શક્તિપીઠો બ્રહ્માંડનું પ્રતીક છે. સૂર્યમાળાની આસપાસ ફરતા ગ્રહોની જેમ રચાયેલાં આ મંદિરો ગરબાની પ્રતિકૃતિ હોય તેવાં લાગે છે.

જાણે એક રાસલીલા ચાલે છે. શિવજીનું લોકપ્રિય નૃત્ય જાણે સાકાર થતું હોય! મંદિરની આસપાસ ગોળાકાર પરિક્રમાની વ્યવસ્થા એ બ્રહ્માંડની નૃત્યલીલાનો જ એક પ્રકાર છે. માતાજીની નવરાત્રિમાં ગરબાની પરંપરા એ શક્તિની વિશેષ સાધનાનો પ્રકાર છે. આખી સૃષ્ટિનું સર્જન નૃત્યમય છે. માનવ શરીરથી લઈને નિર્જીવ પથ્થરોમાં પણ સતત ચાલતું પરમાણુ નૃત્ય એ ગોળાકારની આકૃતિમાં રચાતું વૈશિષ્ટ્ય છે. પ્રોટોન અને ઈલેક્ટ્રોનની રાસલીલા એ અશ્રુથી વિરાટ સુધી વ્યાપ્ત છે.

શક્તિપીઠમાં જેવા પ્રકારની પૂજા - અર્ચના થતી હોય તે જ પ્રકારની પૂજા - અર્ચના અહીં પણ કરવામાં આવે છે. દરેક શક્તિપીઠની સ્થાનિક વિશેષતાઓ હોય છે. તેનો અભ્યાસ કરીને તે મુજબની ભૌતિક સંરચના, મૂર્તિ વિધાન અને પ્રતિમાની શણગાર વિધિ વગેરે કરવામાં આવે છે. સ્થાનીય ભાષામાં ગવાતી સ્તુતિ તથા સ્તવન વગેરેનો અમલ થાય તેવા પણ પ્રયાસો છે. નેપાલથી શ્રીલંકા સુધી વ્યાપ્ત આ શક્તિપીઠોમાં ભાષા, લોકબોલી તથા પૂજા - અર્ચનામાં ઘણી વિભિન્નતા પ્રવર્તે છે. તેને તે રૂપમાં સાકાર કરવાના પ્રયાસો છે. એકાવન શક્તિપીઠો વિષે ટૂંકમાં માહિતી આ પ્રમાણે છે.

બિહારનાં શક્તિપીઠો :

ભગવાન બુદ્ધ અને મહાવીરના સંન્યાસીઓના વિહારને કારણે વિહારમાંથી અપભ્રંશ થઈને બનેલા બિહાર રાજ્યમાં પવિત્ર ગંગા જેવી નદીઓ, ગયા જેવું માતૃશ્રાદ્ધ કેન્દ્ર અને અનેક પાવન તીર્થો આવેલાં છે. મંદિરોની આ ભૂમિમાં અનેક દેવોનાં મંદિરો છે. પણ લોકજીવનમાં દેવીઓનું પણ આગવું મહત્વ છે.

શક્તિ ઉપાસનાના બે પ્રકારો વૈષ્ણવ અને તાંત્રિક (બિહારના શક્તિપીઠો માં). બન્ને રૂપોમાં અહીં દેવીની ઉપાસના થાય છે. ખૂબ પ્રાચીન મંદિરો અહીં આવેલાં છે. દેવીનાં વિભિન્ન નામો પણ અહીં પ્રયોજાય છે ને લોકજીવનમાં તેનું આગવું મહત્ત્વ છે. ભગવતી પછી ચંડી, બૂઢી, માઈ વગેરે દેવીઓ અહીં વિભિન્ન રીતે પૂજાય છે. ભારતીય સતીઓમાં જેની પ્રથમ ગણના થાય છે તેવી સીતા-જનકસુતા એમનું અંબાજીમાં બનાવવામાં આવેલ શક્તિપીઠોમાં સ્થાન છે. આ પ્રદેશમાં દેવી સતીના દેહનાં ત્રણ અંગો મૂળભૂત શક્તિપીઠની આબેહૂબ પ્રકૃતિ બની રહે તેવાં પડયાં હતાં. એટલે અહીં ત્રણ શક્તિપીઠો આવેલાં છે, જેની સંક્ષિપ્ત માહિતી આ પ્રમાણે છેઃ

(૧) મિથિલાઃ ગબ્બરથી ડાબી બાજુ પ્રવેશ કરતાં પહેલું જ શક્તિપીઠ જે આવે છે તે સ્થળ મિથિલા છે. મિથિલાનું નામ લેતાં જ આપણને જનકરાજા યાદ આવે. જનકરાજાની પુત્રી સીતા કે જે મૈથિલીને નામે વિખ્યાત છે. બિહારમાં આ શક્તિપીઠ આવેલું છે. મિથિલાની આસપાસ કેટલાંક દેવી મંદિરો છે, જેને લોકો શક્તિપીઠને નામે ઓળખાવે છે.

જનકપુર નેપાળથી લગભગ ૫૧ કિલોમીટર દૂર પૂર્વ દિશામાં ઉચ્ચડ નામના એક સ્થાન પર દુર્ગા માતાનું મંદિર છે. બીજું એક મંદિર સહરસા સ્ટેશનની પાસે ઉગ્રતારાનું મંદિર છે. ત્રીજું સમસ્તીપુરથી પૂર્વે ૬૧ કિલોમીટર દૂર સલોના રેલ્વે સ્ટેશનથી ૯ કિલોમીટર દૂર વયમંગલાદેવીનું મંદિર છે.

ઉપરોક્ત ત્રણે મંદિર વિદ્વાનજનો દ્વારા શક્તિપીઠ માનવામાં આવે છે. અહીંની શક્તિ 'મા' કે 'મહાદેવી' છે.

ઉમા ભગવાન શિવની અર્ધાંગિની છે. શૈવપુરાણોમાં શિવ-પત્નીનાં બે સ્વરૂપોની ઉપાસના આલેખાઈ છે. સૌમ્ય અને રૌદ્ર. પાર્વતી, અંબિકા અને ઉમા સૌમ્ય સ્વરૂપ છે, જ્યારે દુર્ગા, ચંડી, કાલી વગેરે રૌદ્ર સ્વરૂપ છે. શિવ મહાપુરાણમાં ભગવતી ઉમાની જ જગદંબા, અંબિકા દુર્ગાના રૂપમાં દેવોએ કરેલી સ્તુતિઓ પ્રાપ્ત થાય છે. જેમાં ઉમા સંહિતાના ૪૫મા અધ્યાયમાં ઉમાનાં પ્રથમ, મધ્યમ અને ઉત્તમ ચરિત્રો પ્રાપ્ત થાય છે. શિવની સચ્ચિદાનંદમયી પરમ શક્તિની તાંત્રિક ઉપાસના તે મા શક્તિ. સાધનામાં જગતનાં ઉત્પતિ, સ્થિતિ અને પ્રલયના હેતુરૂપ એકમાત્ર શક્તિ છે. દેવીનો આત્મા જ જગતમાં સર્વ તત્વરૂપે પરિણમે છે. શિવ તત્વ પણ શક્તિથી યુક્ત થઈને વિશ્વરૂપે પ્રકાશે છે. સ્વતંત્ર રીતે નહીં.

શિવઃ શકત્યા યુક્તો યદિ ભવતિ શક્તઃ પ્રભવિતુમ

શિવ-શક્તિનું સદા સામરસ્ય છે. શિવ-ઉમાનો અખંડ સંબંધ છે.

'વનદુર્ગા' એ દુર્ગાનું લૌકિક નામ છે. મૂળ નામ દુર્ગા છે. ઉગ્રતારા તાંત્રિક નામ ધરાવે છે. જેમાં તારાના રૌદ્ર સ્વરૂપને વિશેષ બતાવવા ઉગ્ર શબ્દ પ્રયોજાયો છે. રૌદ્ર સ્વરૂપની ઉપાસનામાં તંત્ર ગ્રંથોએ દુર્ગાનાં નવ સ્વરૂપો જુદા જુદા નામે બતાવ્યાં છે. કાલી, તારા, ત્રિપુરા, ભુવનેશ્વરી, ભૈરવી, છિન્ન મસ્તા, ધૂમાવતી, માતંગી, કમલા અને બગલામુખી એ દસ મહાવિદ્યાઓ છે. શૈવ સંપ્રદાયની શાકત શાખા શિવ કરતાં પણ ઉમાને ઉત્કૃષ્ટ શક્તિશાળી બતાવીને શક્તિતત્વની ઉપાસનાને સર્વોત્કૃષ્ટ નિરૂપે છે.

આ શક્તિપીઠની દેવીનું બીજું નામ મહાદેવી છે. દેવોના દેવ તરીકે જેમ શિવને મહાદેવ કહેવાય છે, તેમ શૈવપંથમાં અને શાકત વિચારધારામાં શિવની અર્ધાંગિનીને મહાદેવી કહેવાય છે. કહેવાય છે કે આ સ્થળ ઉપર સતીનો ડાબો હાથ પડયો હતો. વિષ્ણુએ જ્યારે સતીના દેહના ચક્રથી ટુકડા કર્યા અને જ્યાં જ્યાં સતીનાં અંગ પડયાં, ત્યાં ભગવાન શિવનું તાંડવ શમી જશે અને ત્યાં શિવનું સ્થાન નહીં હોય તેવી એક માન્યતા છે. પણ શિવને બદલે દરેક શક્તિપીઠમાં ભૈરવનું સ્થાન હશે. આ શક્તિપીઠમાં 'મહોદર' નામના 'ભૈરવ'નું સ્થાન છે.

(૨) વૈદ્યનાથઃ વૈદ્યનાથ ગબ્બરમાં આવેલ શક્તિપીઠમાં બીજા નંબરે આવેલ શક્તિપીઠ છે. એ બિહાર રાજ્યમાં ગિરિડીહ વિસ્તારમાં આવેલું છે. બિહારમાં દેવી પૂજનની પરંપરા લોકજીવનમાં વર્ષોથી છે. અહીં શક્તિ ઉપાસનામાં વૈષ્ણવ અને તાંત્રિક બન્ને રૂપો છે. અહીંની દેવી શક્તિ 'જયદુર્ગા' છે. આ સ્થાન ચિત્તાભૂમિમાં છે. એક માન્યતા એવી છે કે ભગવાન શિવે સતીના દેહનો અગ્નિસંસ્કાર અહીં કર્યો હતો. એટલે ચિત્તા ભૂમિમાં આ સ્થાન બનાવવામાં આવ્યું છે.

માર્કંડેય પુરાણમાં દુર્ગા સપ્તશતી છે, જેને લોકો 'ચંડીપાઠ' તરીકે ઓળખે છે. તેમાં દુર્ગાના સ્વરૂપનું વર્ણન કરવામાં આવ્યું છે. તેના હાથમાં ધનુષ્ય, શૂલ, બાળ, ચર્મ, તલવાર, શંખ, ચક્ર, ગદા હોય છે. તથા દિવ્યમાળા, વસ્ત્ર, આલેપ અને રત્નાભૂષણોથી તે સુશોભિત છે. દુર્ગાના પૂજન માટે આમાં વિવિધ વર્ણનો છે. અગ્નિપુરાણમાં દુર્ગાની બે પ્રતિમાઓનું વર્ણન છે. એક પ્રતિમા ૧૮ હાથવાળી અને બીજી ૧૬ હાથવાળી છે. અઢાર હાથવાળી દુર્ગાના વર્ણનમાં જમણી તરફના હાથમાં મુંડ, ખેટક, દર્પણ, તર્જની, ધ્વજ, ડમરું, ઢાલ અને પાશ હોય છે. તથા ડાબી તરફના હાથ શક્તિ, મુદ્ગર, શૂળ, વજ, ખડગ, અંકુશ, બાણ, ચક્ર અને શલાકાથી યુકત હોય છે. ૧૬ હાથવાળી દુર્ગાના વર્ણનમાં ૧૮માંથી ડમરું અને તર્જનીને બાદ કરતાં બાકીનાં ઉપયુકત આયુધ ધારણ કરેલાં હોય છે. આ વર્ણન દ્વારા દુર્ગાનું રૌદ્ર સ્વરૂપ વ્યકત થાય છે. શૈવ આગમો દુર્ગાનાં નવ રૂપ ગણાવે છે. જેમાં એક 'જયદુર્ગા' છે.

અહીં દેવીનું હૃદય હતું. તેવી માન્યતા છે. આ શક્તિપીઠના ભૈરવ વૈદ્યનાથ છે.

(૩) મગધ : બિહારનું એક વખતનું ભવ્ય સામ્રાજય મગધ કે જ્યાં ચાણકય અને ચંદ્રગુપ્તની ઐતિહાસિક યુતિ રચાઈ હતી. એ મગધમાં શક્તિપીઠ આવેલું છે. ગબ્બરમાં ત્રીજા સ્થાન ઉપર નિર્મિત મગધ શક્તિપીઠ બિહારની રાજધાની પટણામાં આવેલું છે. પટણામાં સીટી ચોકથી લગભગ પાંચ કિલોમીટર પશ્ચિમ મહારાજગંજમાં આ મંદિર આવેલું છે. તેને પટણેશ્વરી દેવી કહેવાય છે. જો કે મૂળ શક્તિનું નામ 'સર્વાનંદકરી' છે. મહિષાસુરના વધ પછી સર્વત્ર આનંદ પ્રસરી ગયો હતો. આ માતાજીની પૂજા - અર્ચનાથી સર્વાનંદ થાય છે એવી લોકમાન્યતા છે. સર્વાનંદકરી શક્તિના ભૈરવ 'વ્યોમકેશ' છે.

મહારાષ્ટ્રનાં શક્તિપીઠ :

મહારાષ્ટ્રમાં ભગવતી પૂજાનું સ્વરૂપ મુખ્યતઃ દેવી પરક છે. આ પ્રદેશની કુળદેવી તુલજાભવાની છે. મુંબાદેવીના નામ ઉપર આ પ્રદેશની રાજધાનીનું નામ 'મુંબઈ' પડયું છે. મુંબઈ ભારતનું સૌથી મોટું આર્થિક, વિકસિત નગર છે. મુંબાદેવીની જેમ જગજ્જનની જગદંબા દેવી મહાલક્ષ્મીનું નિવાસ સ્થાન કોલ્હાપુરમાં છે. તે પણ આ રાજ્યમાં છે. મુંબઈમાં પણ મહાલક્ષ્મીનું મોટું મંદિર છે. આ રાજ્યમાં કાલબાદેવી, અમ્બાજોગાઈ, રખુમાઈ, રેણુકાદેવી, શાન્તાદુર્ગા, લપરાઈદેવી વગેરે અનેક નામધારી દેવીઓની પૂજા થાય છે. આ પ્રદેશમાં બે શક્તિપીઠ આવેલાં છે. એ બન્ને શક્તિપીઠનું નિર્માણ અંબાજી ગબ્બર ખાતે કરવામાં આવેલ છે. તેનું ટુંકમાં વર્ણન આ પ્રમાણે છે.

(૪) કરવીર : વર્તમાન સમયમાં કોલ્હાપુર તરીકે ઓળખાતું આ સ્થળ પુરાણ પ્રસિદ્ધ કરવીર ક્ષેત્ર છે. અહીં જૂના રાજમહેલની પાસે ખજાનાઘર છે. તેની પાછળ મહાલક્ષ્મીનું વિશાળ મંદિર આવેલું છે. તેને લોકો અંબાજીનું મંદિર પણ કહે છે. મંદિરનો મુખ્ય ભાગ નીલા પથ્થરોથી બનેલો છે. તેની પાસેજ પદમસરોવર, કાશીતીર્થ અને મણિકર્ણતીર્થ આવેલાં છે. અહીં કાશી વિશ્વનાથ, જગન્નાથજી વગેરે દેવમંદિરો આવેલાં છે.

અહીંનું મહાલક્ષ્મી મંદિર જ શક્તિપીઠ મનાય છે. સતીનાં ત્રણ નેત્રો અહીં પડયાં હતાં. અહીંની શક્તિ 'મહિષમર્દિની' છે. મહિષાસુર નામના અસુરનો સંહાર કરનાર દેવીને મહિષમર્દિની તરીકે ઓળખવામાં આવે છે. તેના ભૈરવ 'ક્રોધીશ' છે. મહિષાસુર અસુરને હણવા માટે દેવીએ જે ભૈરવો ઉત્પન્ન કર્યા તે પ્રકૃતિથી ક્રોધિત હોવાથી આ પ્રકારનું નામાકરણ થયું છે. અહીં ભગવતી મહાલક્ષ્મીનો નિત્ય નિવાસ છે તેવું માનવામાં આવે છે. આ મંદિર ખૂબ ભવ્ય છે. અનેક શિખરો ધરાવતા મંદિરની શિલ્પાકૃતિ પ્રસિદ્ધ છે.

સ્કન્દપુરાણમાં કરવીર ક્ષેત્રનો મહિમા વર્ણવતા શ્લોકો આ પ્રમાણે છે :

योजनं दश हे पुत्र काराष्ट्रो देशदुर्धरः ॥
तन्मध्ये पञ्च काश्याद्यादधिकं भुवि ।
क्षेत्रं वै करवीराख्यं क्षेत्र लक्ष्मीविनिर्मितम् ॥
तन्क्षेत्र हि महत्पुण्यं दर्शनात पापनाशनम >
तत्क्षेत्रे ऋषय: सर्वे ब्राह्मणा देवपारगा:
तेषां दर्शनमात्रेण सर्वपापकयो भवेत ।

(સહ્યાદ્રિખંડ ઉત્તરાર્ધ ૨/૨૪-૨૭)

(કારાષ્ટ્રદેશનો વિસ્તાર દસ યોજન છે. આ દેશ દુર્ગમ છે. તેની વચ્ચે કાશીથી પણ વધારે પવિત્ર શ્રી લક્ષ્મી નિર્મિત પાંચ કોસનું કરવેર ક્ષેત્ર છે. આ ક્ષેત્ર ખૂબ પુણ્યવાન તથા દર્શનમાત્રથી પાપોનો નાશ કરવાવાળું છે. આ ક્ષેત્રમાં વેદપારગામી બ્રાહ્મણ તથા ઋષિઓ નિવાસ કરે છે. તેના દર્શન માત્રથી બધાં પાપો ધોવાઈ જાય છે.)

(૫) જનસ્થાનઃ અંબાજી શક્તિપીઠમાં ગબ્બર પાસે આવેલ એકાવન શક્તિપીઠમાં પાંચમું શક્તિપીઠ જનસ્થાન તરીકે નિર્મિત કરવામાં આવ્યું છે. મહારાષ્ટ્રમાં નાસિક પાસે પંચવટીમાં આવેલ ભદ્રકાળીનું મંદિર શક્તિપીઠ ગણાય છે.

પંચવટી કે જ્યાં પાંચવડનો સમૂહ છે અને અયોધ્યાથી વનવાસમાં નીકળેલા ભગવાન રામ, લક્ષ્મણ અને સીતા અહીં પંચવટી વિસ્તારમાં રહ્યા હતા તે કથા પ્રસિદ્ધ છે. રામ, લક્ષ્મણ અને સીતાના ચરણોથી પાવન આ ભૂમિ પર આવેલ મંદિરની શક્તિ 'ભ્રામરી' છે. મંદિરની વિશિષ્ટતા એ છે કે તેના પર શિખર નથી. સિંહાસન ઉપર નવદુર્ગાઓની મૂર્તિ છે. અને ભદ્રકાળીની ઊંચી મૂર્તિ બિરાજમાન છે.

શાક્તોના બે પ્રકાર છે. દક્ષિણ માર્ગી અને વામમાર્ગી. દક્ષિણમાર્ગીઓ દેવીની સાત્વિક ઉપાસનામાં માને છે, જ્યારે વામમાર્ગીઓ દેવી ઉપાસનામાં 'પંચમકાર'ને મુખ્ય અંગ માને છે. કેટલાક મંત્ર દ્વારા ઉપાસના કરતા હોય છે. શક્તિના યંત્રને શ્રીચક્ર કહે છે. આ ઉપાસનાની દશ વિદ્યાઓ છે. તેને બે ભાગમાં વહેંચી નાખવામાં આવે છે, કાલીકુલ અને શ્રીકુલ. કાલીકુલની વિદ્યાનો પ્રચાર પૂર્વ ભારતમાં વિશેષ છે, જ્યારે શ્રીવિદ્યાનો પ્રચાર દક્ષિણ ભારતમાં છે. શ્રીકુલની દેવીઓમાં ભદ્રકાલી પણ છે.

શાક્ત સંપ્રદાયમાં દુર્ગા પ્રધાન દેવી છે. નવદુર્ગાનાં નામો વિવિધ પુરાણોમાં જુદા જુદા પણ થાય છે. જેમકે રુદ્રચંડા, પ્રચંડા, ચંડોગ્રા, ચંડનાયિકા, ચંડા, ચંડપા, અતિચંડિકા અને ઉગ્રચંડા આઠ દિશામાં અને મધ્યમાં એક ચંડિકા હોય છે.

દેવી કવચમાં નવદુર્ગા-શૈલપુત્રી, બ્રહ્મચારિણી, ચંદ્રઘંટા, કુષ્માન્ડા, સ્કંદમાતા, કાત્યાયની, કાળરાત્રિ, મહાગૌરી તથા સિદ્ધિદાત્રી. આ સ્થળે સતીની દાઢીનો ભાગ પડ્યો હતો. અહીંની શક્તિ 'ભ્રામરી' છે અને ભૈરવ 'વિકૃતાક્ષ' છે.

મધ્યપ્રદેશમાં આવેલ શક્તિપીઠ –

ઉત્તરે કાશ્મીરથી કન્યાકુમારી અને પૂર્વે આસામથી ગુજરાત સુધી ભારતની મધ્યમાં આવેલ મધ્યપ્રદેશમાં દેવી ઉપાસનાની પ્રાચીન પરંપરા છે. અહીં બુંદેલખંડ, બઘેલખંડ, નેમાંડ તથા માળવાના વિસ્તારમાં લોકદેવીના રૂપમાં વિવિધ દેવીઓની પૂજા થાય છે. કેટલીક દેવીઓનાં નામ સ્થાનીય પણ છે. અહીં મોટા ભાગનાં સ્થાનોમાં લોકદેવીનાં મંદિર તથા સ્થાનો આવેલાં છે. આ પ્રદેશમાં ચાર શક્તિપીઠ આવેલાં છે.

(૬) શોણઃ અમરકંટક કે જ્યાંથી નર્મદા નદી નીકળે છે તે વિસ્તારમાં નર્મદા મંદિરને અહીંનું શક્તિપીઠ માનવામાં આવે છે. એક બીજી માન્યતા પ્રમાણે બિહાર પ્રદેશના સાસારામમાં આવેલ 'તારા ચંડી' મંદિર આ શક્તિપીઠ છે. અહીં દેવીના દેહનો ડાબો નિતંબ પડ્યો હતો. અહીંની શક્તિ 'નર્મદા' અથવા શોણાક્ષી છે તથા તેના ભૈરવ 'ભદ્રસેન' છે. કેટલાક વિદ્વાનો ડેહરી આન સોન સ્ટેશનથી થોડે દૂર આવેલ દેવીના સ્થાનને શક્તિપીઠ માને છે.

(૭) ઉજ્જૈનઃ મહારાજા વિક્રમાદિત્યના નામથી વિખ્યાત આ સ્થળને શક્તિપીઠ માનવામાં આવે છે. ભગવતી સાધનાથી મહાકવિ બનેલ કાલિદાસની આ ભૂમિમાં દેવીપૂજાનું ખૂબ મહત્ત્વ છે. ઉજ્જૈન પ્રાચીન ઐતિહાસિક નગરી છે. ઉજ્જૈનમાં રુદ્રસાગર અથવા રૂદ્રદ્ર સરોવરની પાસે હરસિદ્ધદેવીનું મંદિર છે. તેને જ શક્તિપીઠ માનવામાં આવે છે. અહીં દેવીની કોણી પડી હતી. તેની પૂજા થાય છે. અહીંની શક્તિ 'મંગલ ચંડિકા' અને ભૈરવ 'માંગલ્ય પિતાંબર' છે. આ મંદિર ચાર દીવાલોથી ઘેરાયેલું છે. મંદિરના મુખ્ય ભાગમાં પાછળ ભગવતી અન્નપૂર્ણાની પ્રતિમા છે. સાંપ્રત સમયમાં મંદિરના ગર્ભગૃહમાં સ્થાપિત હરસિદ્ધિદેવીની પ્રતિમાની પણ પૂજા થાય છે. મંદિરમાં મહાકાલિકા, મહાલક્ષ્મી, મહાસરસ્વતી તથા મહામાયાની મૂર્તિઓ છે. મંદિરના પૂર્વ દ્વાર ઉપર વાવડી છે. જેની વચ્ચે એક સ્તંભ છે તથા તેની પાસે જ સમસાગર સરોવર છે. મંદિરના વિશાળ પ્રવેશદ્વારની સામે બે મોટા દીપસ્તંભ બનાવેલા છે. પ્રત્યેક વર્ષે આસો મહિનામાં નવરાત્રિના પાંચ દિવસ સુધી તેના પર દીપમાળાઓ પ્રજ્વલિત કરવામાં આવે છે. તે સમયે અહીંની શોભા અપૂર્વ દેખાય છે. એ સમયે અહીં હજારો દર્શનાર્થીઓ ઉમટી પડે છે. સ્કંદપુરાણના અવંતિકા ખંડમાં ઉજ્જયિનીનું માહાત્મ્ય વિસ્તારથી પ્રાપ્ત થાય છે. ઉજ્જયિની માહાત્મ્યમાં શ્રીહરસિદ્ધ દેવીનું વર્ણન આ પ્રકારે આવેલ છે.

પ્રાચીનકાળમાં ચંડ-પ્રચંડ નામના બે રાક્ષસો હતા, જેમના અત્યાચારોથી સંસાર ત્રાહિમામ થઈ ગયો હતો. એકવાર તે બન્ને કૈલાસ ઉપર ગયા અને ત્યાં શિવનાં દર્શન કરવા અંદર ઘૂસ્યા. શિવના નંદીએ એ બન્નેને રોક્યા પણ તેમણે નંદી ઉપર આક્રમણ કરીને એને ઘાયલ કરી દીધો. ભગવાન શંકરે આ બન્ને દૈત્યોની આવી હિંસક શક્તિ જોઈ ભગવતી ચંડિકાને પ્રાર્થના કરી અને ચંડ-પ્રચંડનો વધ કરીને જગતને તેમના અત્યાચારમાંથી મુક્ત કરવા માટે વિનંતી કરી.

ભગવતી દેવી ચંડીએ કહ્યું કે 'હમણાં જ તે દૈત્યોનો વધ કરું છું.' કહીને તેમણે સંકલ્પ કર્યો અને તે બન્ને દૈત્યોનો વધ કરી દીધો. ત્યારે ભગવાન શંકરે કહ્યું 'ચંડી ? તમે એ બન્ને દુષ્ટ દાનવોનો તત્કાલ સંહાર કર્યો છે, એટલે લોકમાં તમે શ્રી 'હરસિદ્ધિ'ના નામથી વિખ્યાત થશો. (હર-શંકરનું એક નામ છે.) જે મનુષ્ય પરમ ભક્તિપૂર્વક દેવી શ્રી હરસિદ્ધિનું દર્શન કરે છે, તે અક્ષય ભોગ પ્રાપ્ત કરી, મૃત્યુ પશ્ચાત શિવધામને પ્રાપ્ત કરે છે.'

જનશ્રુતિ પ્રમાણે ઉજ્જૈન નગરીના પ્રસિદ્ધ મહારાજા વિક્રમાદિત્યે આ હરસિદ્ધિદેવીનું તપ કરી તેમને પ્રસન્ન કર્યા હતાં. જ્યારે ભારત વર્ષમાં ઈસ્લામનું શાસન આવ્યું ત્યારે મુસ્લિમ આક્રમણકારીઓએ આ મંદિરને નષ્ટ-ભ્રષ્ટ કરી નાખ્યું હતું. એ પછી રાણોજી દિના મંત્રી રામચંદ્રબાબા શેણવીએ તેનું પુનઃનિર્માણ કરાવ્યું હતું. અહીં દેવી વૈષ્ણવી છે.

(૮) રામગિરિ : ગબ્બરમાં એકાવન શક્તિપીઠમાં પ્રવેશ કરતાં આઠમા નંબરે જેનું નિર્માણ કરવામાં આવ્યું છે, તે શક્તિપીઠના સંબંધમાં બે જુદી-જુદી માન્યતાઓ છે. કેટલાક વિદ્વાનો ચિત્રકૂટના શારદા મંદિરને તો કેટલાક વિદ્વાનો મૈહરના શારદા મંદિરને શક્તિપીઠ તરીકે ઓળખાવે છે. જોકે બન્ને સ્થાનો પ્રસિદ્ધ તીર્થ છે. અહીંની શક્તિ 'શિવાની' છે અને ભૈરવ 'ચંડ' છે.

શારદા એ સરસ્વતીનું નામ છે. સરસ્વતીને વાની દેવી કહી છે. ઋગ્વેદના દશમા મંડળનું 'દેવીસૂક્ત' શક્તિ ઉપાસનાનું ઉત્તમ સૂક્ત છે. તેમાં વાકશક્તિને સર્વ દેવોને આધાર આપતી સર્વોચ્ચ દેવી તરીકે તરીકે દર્શાવી છે. વાકશક્તિ પણ દેવોની સાથે રહી તે તે રૂપો ધારણ કરે છે. વાકશક્તિના આવા નિરૂપણમાં સરસ્વતી, ઉમા અને લક્ષ્મી શક્તિત્રયના ઉત્તરવર્તી સિદ્ધાંત તેમજ અવતાર ઉપાસનાનું મૂળ જોઈ શકાય છે. ઋગ્વેદમાં સરસ્વતીને મુખ્ય દેવી તરીકે રજૂ કરી છે. દુર્ગા સહસ્ત્ર સ્તોત્રમાં દુર્ગાને લક્ષ્મી, માયા, પાર્વતી અને શારદા તરીકે પણ ઓળખાવી છે.

બ્રહ્મવૈવર્ત પુરાણમાં પ્રકૃતિ સરસ્વતી, દુર્ગા, કાલી તથા રાધાની ઉપાસના કરવાનું કહ્યું છે. દેવીએ સરસ્વતી, દુર્ગા, લક્ષ્મી, રાધા અને સાવિત્રી એમ પાંચ રૂપો ધારણ કર્યાનો ઉલ્લેખ છે.

આંધ્રપ્રદેશનાં શક્તિપીઠોઃ

આંધ્રપ્રદેશના દેવસ્થાનો આખા ભારતમાં પ્રસિદ્ધ છે. અહીં શિવ, વિષ્ણુ, ગણેશ, કાર્તિકેય (સુબ્રહ્મણ્યમ) વગેરે દેવતાઓની ઉપાસના થાય છે. દેવીનાં મંદિરો પણ અહીં સ્થળે સ્થળે આવેલાં છે. પરંતુ અહીં બે શક્તિપીઠો છે.

(૯) ગોદાવરી તટઃ અંબાજી એકાવન શક્તિપીઠના પરિસરમાં ગબ્બરના પ્રવેશદ્વારથી ગોળાકાર બિંદુએ નવમા ક્રમે જે શક્તિપીઠ આવેલું છે. તે મૂળ શક્તિપીઠ ગોદાવરી તટે છે. તેની સમકક્ષ આ મંદિર બનાવવામાં આવ્યું છે.

આંધ્રપ્રદેશના ગોદાવરી સ્ટેશન પાસે કુમ્બુરમાં કોટિતીર્થ છે. ત્યાં આ શક્તિપીઠ આવેલું છે. અહીં દેવીનો ડાબો ગાલ પડ્યો હતો. અહીંની શક્તિ 'વિષેશી' અથવા 'રૂકમણિ' છે. અને તેના 'ભૈરવ' તરીકે 'દણ્ડપાણિ' છે.

(૧૦) શ્રી શૈલઃ એકાવન શક્તિપીઠ પૈકીનું દસમું શક્તિપીઠ શ્રી શૈલ છે. શ્રી શૈલમાં ભગવાન શંકરનું મલ્લિકાર્જુન નામનું જ્યોતિર્લિંગ છે. ત્યાંથી લગભગ ૪ કિલોમીટર દૂર પશ્ચિમમાં ભગવતી ભ્રમરામ્બાદેવીનું મંદિર આવેલું છે.

મૂળ મંદિર ખૂબ ભવ્ય અને વિશાળ છે. પ્રાચીન આ મંદિરમાં ખૂબ સૂક્ષ્મ શિલ્પ અને કોતરણી છે. વિશાળ અટ્ટાલિકાઓથી શોભતા આ મંદિરની બહાર આવેલ શિલ્પોમાં જુદી જુદી માતૃકાઓની મૂર્તિઓ કોતરેલી છે. ભમરા અંબાદેવીને પૂજતા. આ વિસ્તારમાં અંબાના વિવિધ રૂપોનું મહત્વ છે. અહીંની શક્તિ 'મહાલક્ષ્મી' તથા ભૈરવ 'સંવરાનંદ' અથવા 'ઈશ્વરાનંદ' છે.

ઉત્તર પ્રદેશનાં શક્તિપીઠ :

ભારતમાં તીર્થ સ્વરૂપા પાવન ધરતી ઉત્તર પ્રદેશમાં અનેક પતિત પાવની નદીઓ વહે છે. ભારતની સર્વોચ્ચ નદી ગંગા, યમુના અને બીજી હિમાલય સુતા જળરાશિ જ્યાં વહે છે તેવા ઉત્તર પ્રદેશમાં અનેક પ્રાચીન મંદિરો અને પવિત્ર સ્થાનો આવેલાં છે. ભગવાન રામ અને કૃષ્ણના જન્મસ્થાન રૂપ આ ભૂમિ હિમાલયની છાયાને કારણે પ્રકૃતિના પરમ આશીર્વાદથી લીલીછમ છે. આ સમગ્ર ધરતી દેવીમય છે. અહીં દેવ અને દેવીઓનાં અનેક મંદિરો આવેલાં છે. અહીં દેવીનાં મંદિરો, વિગ્રહ, સ્થાનક તથા યંત્રાદિ પ્રતીકો છે. આ ભૂભાગમાં દેવીનાં ત્રણ દિવ્ય શક્તિપીઠો છે, જેની સંક્ષિપ્ત માહિતી આ મુજબ છે :

(૧૧) વૃંદાવન : ભગવાન શ્રીકૃષ્ણની લીલાભૂમિ વૃંદાવન શક્તિપીઠ છે. અંબાજી તીર્થમાં ગબ્બર પરિસરમાં આ શક્તિપીઠ અગિયારમા સ્થાને નિર્માણ કરવામાં આવેલું છે. આ મૂળ મંદિર મથુરા અને વૃંદાવન વચ્ચે ભૂતેશ્વર નામના રેલ્વે સ્ટેશનની પાસે ભૂતેશ્વર મંદિરના પ્રાંગણમાં આ શક્તિપીઠ છે. આ સ્થાન ચામુંડાનું કહેવાય છે. ભગવાન શ્રીકૃષ્ણના સમયમાં પણ દેવીપૂજાનું મહત્વ હતું તેના પ્રમાણો શ્રીમદ્ ભાગવતમાં પણ મળી આવે છે.

શ્રીમદ્ ભાગવતના પાંચમા સ્કંધમાં નરબલિ ચઢાવવા માટે ભરત રૂદ્રકાલીના મંદિરમાં જાય છે. ત્યારે ચામુંડા દસ્યુઓને હણી નાખે છે. રૂકમણિ પોતાના લગ્ન પહેલાં ચામુંડાના મંદિરે પૂજા કરવા જાય છે. નંદ વગેરે ગોવાળો 'અંબિકા વન'માં જઈને દેવીની પૂજા કરે છે. સ્યમંતક મણિ માટે પ્રસેન જિતની શોધમાં ગુફામાં ગયેલા શ્રીકૃષ્ણ બહાર નહીં આવતાં વાસુદેવ-દેવકીએ શક્તિની પ્રાર્થના પૂજા કરી હતી.

તંત્ર ચૂડામણિમાં આને 'મૌલી' શક્તિપીઠ કહેવાય છે. એક ઊંચા ટેકરા ઉપર આ મંદિર આવેલું છે. માતાજીની મૂર્તિ વિશાળ છે. ખાસ કરીને દેવીની નેત્રજ્યોતિ અલૌકિક છે. ચંડ-મુંડનો નાશ કરવા આવેલી દેવી કાલિકાએ બન્નેને યુદ્ધમાં બાંધ્યા અને તે કાલિકાદેવી અંબિકા પાસે આવ્યાં. અને તેમની પાસે આવીને બોલ્યાં-'હે પ્રિયે ! જીતવા મુશ્કેલ આ બન્ને દાનવોને રણયજ્ઞ માટે બે પશુ તરીકે મેં આપ્યા છે. તેઓનો તમે સ્વીકાર કરો. એ સમયે દેવી કાલિકાએ તલવારથી બન્નેનાં મસ્તક કાપી નાખ્યાં. બન્ને દૈત્યોને મરાયેલા જોઈને અંબિકાએ પ્રસન્ન થઈને કહ્યું.

चण्डमुण्डो हतौ यस्मात ते कालिके ।
चामुण्डेति सुविख्यातं भविष्यति धरातले ॥

(દેવીભાગવત સ્કંધ-પૂ.-અ.૨૭શ્લોક-૬૫)

'હે કાલિકે, દેવોનું કાર્ય તમે કર્યું છે અને ચંડ-મુંડને તમે માર્યા માટે હું તમને વરદાન આપું છું કે તમારું 'ચામુંડા' નામ પૃથ્વી પર ખૂબ વિખ્યાત થશે.'

ચામુંડાના નામની શક્તિ દ્વારા બનેલ આ શક્તિપીઠના વિસ્તારમાં મહર્ષિ શાંડિલ્યે સાધના કરી હતી. અહીં દેવીના દેહના કેશ પડયા હતા. અહીંની શક્તિ 'ઉમા' અને ભૈરવ 'ભૂતેશ' છે.

(૧૨) વારાણસી : કાશીનું નામ ધરાવતી આ નગરી ભારતીય જનમાનસમાં સર્વોત્તમ પવિત્ર નગરી તરીકે પ્રસિદ્ધ છે. કાશીમાં મૃત્યુ પામવાથી ઈચ્છિત ફળ મળે છે તેવી માન્યતા છે. એક સમયે ભારતીય વિદ્યાનું મોટું ધામ ગણાતા આ પ્રદેશમાં અનેક વિદ્યાધરો નિવાસ કરતા હતા. સંસ્કૃત અને ભારતીય અધ્યાત્મનું ગહન અધ્યયન જ્યાં ચાલતું હતું, તેવો આ વિસ્તાર પ્રસિદ્ધ દર્શનશાસ્ત્રીઓ, તત્વવેત્તાઓ વગેરેની ભૂમિ છે. રામાનંદ અને કબીરની આ ભૂમિમાં અનેક મંદિરો છે. તેની સાથે દેવીનું શક્તિપીઠ પણ આવેલું છે.

મીરઘાટ ઉપર ધર્મેશ્વરની પાસે 'વિશાલાક્ષી ગૌરી'નું પ્રસિદ્ધ મંદિર છે. અહીં ભગવાન વિશ્વનાથ વિશ્રામ કરે છે. જે સાંસારિક કષ્ટોથી પીડિત મનુષ્યોને મુક્ત કરે છે.

विशासाक्ष्या महा सौधे मम विश्राम भूमिका ।
तत्र संसृतिखिन्नानां विश्रामं श्राणयान्यहम् ॥

(કાશીખંડ-૭૧/૭૭) અહીં દેવી દેહના હાથનાં મણિ પડયાં હતાં. અહીંની શક્તિ 'વિશાલાક્ષી' અને ભૈરવ 'કાલભૈરવ' છે. અંબાજી શક્તિપીઠ ધામમાં આ મંદિર બારમા ક્રમે આવેલું છે. મંદિરમાં વિશાલાક્ષીની સુંદર દૈદીપ્યમાન પ્રતિમા છે.

(૧૩) પ્રયાગ: પિતૃગૃહે હિમાલયથી નીકળીને ધરતીના અંગેઅંગને ભીંજવી પ્રકૃતિને લીલીછમ કરતી ત્રણ બહેનો આંકડે આંકડા ભીડીને પાછી મળે છે; તે સ્થાન પ્રયાગ છે. ભારતવર્ષનું સૌથી મોટું સંગમ તીર્થ આ સ્થળ-કુંતીમેળા તરીકે પણ વિખ્યાત છે. સમુદ્રમંથન કરતાં અમૃતનો કુંભ મળ્યો. તે લેવા માટે દેવો-અને દાનવો વચ્ચે ભીષણ યુદ્ધ થયું. દાનવો કુંભ લઈને ભાગ્યા. દેવો તેની પાછળ કુંભ લેવા પડયા. કુંભમાંથી જ્યાં-જ્યાં અમૃતનું ટીપુ પડયું તે સ્થળે કુંભમેળો યોજવાની ભારતીય પરંપરા છે. પ્રયાગમાં અમૃતનાં ટીપાં પડયાં. પ્રયાગની ભૂમિ અમૃતમય છે. ત્યાં દર બાર વર્ષે મોટો કુંભમેળો યોજાય છે. પ્રયાગમાં ત્રણ નદીઓનો સંગમ જ નહીં; પણ શક્તિપીઠ અને કુંભસ્થળનો પણ વિશેષ સંગમ સધાયો છે. પ્રયાગની પાવન ધરતીમાં અક્ષયવડની પાસે લલિતાદેવીનું મંદિર છે. કેટલાક વિદ્વાનો તેને જ શક્તિપીઠ માને છે. કેટલાક વિદ્વાનો અલોપી માતાના મંદિરને શક્તિપીઠ માને છે. ત્યાં પણ લલિતાદેવીનું મંદિર છે. ત્રીજી માન્યતા પ્રમાણે મીરાપુરમાં પણ લલિતાદેવીનું



જ્વાલામુખી શક્તિપીઠ



ગોદાવરી તટ શક્તિપીઠ



કરવીર શક્તિપીઠ



મિથીલા શક્તિપીઠ

Incredible !ndia



Khushboo Gujarat Ki

Mirage like, almost mingled in the dry foliage, the gentle, controlled, sauntering... Lion! Not just one, many. The entire lot begins moving towards us, getting closer and closer… and is now a few feet away from my hand!!

And why do I still wish that they had come closer? Maybe they will, in your tour.

Amitabh Bachchan

GIR

www.gujarattourism.com


દેવીના કાર્ય, સૌંદર્ય, રૂપ અને સ્વરૂપને કારણે વિવિધ સૂચક સંબોધનો છે. દેવીનું વાત્સલ્ય સ્વરૂપ માતા, જનની, શિવે, જગદંબા, કરુણાર્વેશી છે. તેમ તેમના સૌંદર્ય સ્વરૂપે શશિમુખી અને લલિતાદેવીનું વિશેષ નામ છે. જેમનામાં લાલિત્ય છે તેવા એ સૌંદર્યની સાક્ષાત દેવી છે. મહિષાસુર, રકત-બીજ અને શુંભ-નિશુંભ જેવા અસુરોને હણ્યા પછી જ્યારે દેવોએ રૌદ્રરૂપ ધારીણી દેવીની સ્તુતિ કરી ત્યારે એ દેવીએ યુવાન અને સોળે શણગાર સજી જે સ્વરૂપ ધારણ કર્યું તેને દેવોએ પ્રાર્થનામાં અનેક રૂપે વ્યકત કરી. આવી સ્તુતિમાં દેવીના અનુપમ સૌંદર્યનું વર્ણન છે, જેમાં તેમને લલિતા સ્વરૂપે ઓળખવામાં આવ્યાં છે. આ શક્તિપીઠની લલિતા છે. અહીં સતીના દેહના હાથની આંગળી પડી હતી. આ શક્તિપીઠના ભૈરવ 'ભવ' છે. અંબાજી તીર્થે આ શક્તિપીઠ ૧૩મા ક્રમે સ્થાપિત થયેલું છે.

હિમાચલ પ્રદેશ :

હિમથી આચ્છાદિત પ્રદેશ વિશેષ કે જ્યાં હિમાલયની ગોદમાં અનેક ઋષિ-મુનિઓ તપશ્ચર્યા કરી રહ્યા છે. જ્યાંથી અનેક પવિત્ર નદીઓ ઉદ્‌ભવે છે. ભારતનાં સર્વોત્તમ તીર્થો જ્યાં સ્થિત છે. નગાધિરાજ હિમાલય જે સ્થળે-સ્થળે દેવોના નિવાસને શીષ ઉપર ધારણ કરીને બેઠા છે, તેવો આ પ્રદેશ છે. આમ તો સ્થળે-સ્થળે તીર્થભૂમિ જ છે. મંદિરોના આ પ્રદેશમાં દેવીની વિશેષ પૂજા થાય છે. દેવીનાં ઘણાં મંદિરો અહીં આવેલાં છે. લોકજીવનમાં દેવીનું આગવું મહત્ત્વ છે. અહીં દેવીનું એક શક્તિપીઠ આવેલું છે, જેની માહિતી આ પ્રમાણે છે.

(૧૪) જવાલામુખી શક્તિપીઠ :

પઠાણકોટ-યોગીન્દર રેલમાર્ગ ઉપર આવેલ જવાલામુખી સ્ટેશનથી લગભગ ૨૧ કિલોમીર દૂર કાંગડા જિલ્લામાં કાલીધર પર્વતની સુરમ્ય તળેટીમાં જવાલામુખી શક્તિપીઠ આવેલું છે. અહીંની શક્તિ 'સિદ્ધિદા' છે અને તેના ભૈરવ 'ઉન્મત્ત' છે. અહીં દેવી સતીની જીભ પડી હતી. નાનકડી નદીના પુલ ઉપરથી આ મંદિરની ઓસરીમાં જવાય છે. મંદિરની અંદર પૃથ્વીમાંથી મશાલ જેવી જ્યોત નીકળે છે. શિવપુરાણ અને દેવી ભાગવતમાં દર્શાવ્યા મુજબ તેને દેવીનું જવાળારૂપ માનવામાં આવે છે. અહીં મંદિરની પાછળની દીવાલના ગોખલામાંથી ૪, ખૂણામાંથી એક, જમણી બાજુની દીવાલમાંથી એક અને મધ્યકુંડની ચોદિશાઓમાંથી ચાર એ પ્રકારે દસ જવાળાઓ નીકળે છે. તેના સિવાય પણ મંદિરમાં કેટલાય પ્રકાશપુંજ મંદિરની પાછળના ભાગમાંથી નીકળે છે. એમાંથી કેટલાય જાતે બુઝાઇ જાય અને પાછા પ્રકાશિત થાય છે. આ જ્યોતિઓ પ્રાચીનકાળથી સ્વયંભૂ પ્રગટી રહી છે.



આ જ્યોતિને જો દૂધ પીવડાવવામાં આવે તો તેમાં પ્રકાશની જ્યોત સ્વયંભૂ તરવા લાગે છે અને તે જ્યોત થોડો સમય સુધી નૃત્ય કરતી રહે છે. આ દ્રશ્ય માણસને મુગ્ધ બનાવી દે છે. હૃદય અવશપણે તે તરફ ખેંચાઈ જાય છે. આ સ્વયંભૂ જ્યોતિની સંખ્યા વધુમાં વધુ તેર અને ઓછામાં ઓછી ત્રણ હોય છે.

દેવીમંદિરની પાછળ એક નાનું મંદિર છે. તેમાં એક કૂવો છે. તેની દીવાલમાંથી બે પ્રકાશપુંજ નીકળે છે. બાજુના બીજા કૂવામાં પાણી ભરેલું છે. તેને લોકો ગોરખનાથની મઢી કહે છે. આસપાસ કાલીદેવીનાં અને બીજાં ઘણાં મંદિરો છે. મંદિરની સામે જળકુંડ છે. તેમાંથી જળ બહાર કાઢીને સ્નાન કરી શકાય છે. નવરાત્રિમાં અહીં મોટો મેળો ભરાય છે. અંબાજી તીર્થક્ષેત્રે ચૌદમા નંબરમાં જવાળામુખી શક્તિપીઠનું નિર્માણ કરવામાં આવ્યું છે.

(૧૫) ભેરૂ પર્વતઃ ગબ્બરની પવિત્ર ભૂમિમાં પંદરમા નંબરે આવેલ મંદિર શકિતપીઠ 'ભેરુ' પર્વતને નામે ઓળખાય છે. આ શક્તિપીઠના સંદર્ભમાં વિદ્વાનોના બે મત છે. એક મત મુજબ આ શક્તિપીઠ ગુજરાતમાં ગિરનારની નિકટ આવેલું છે. તો કેટલાક મધ્યપ્રદેશમાં ઉજ્જૈનની પાસે આવેલ ક્ષિપ્રા નદીના તટ ઉપર આવેલ ભૈરવ પર્વતને શક્તિપીઠ માને છે.

ગુજરાતમાં ગિરનાર ઉપર છ હજાર પગથિયાં ઉપર અંબાજીનું મંદિર આવેલું છે. આ પર્વતનો અને આ મંદિરનો ખૂબ મોટો મહિમા છે. આ પર્વત ઉપર ત્રણ પ્રધાન શિખરો છે. અંબાજી, ગોરખનાથ અને દત્તાત્રેય. અહીં મા અંબાની ભયાનક મૂર્તિ છે. જે વનરાજી મધ્યે ભયાનક અને ઉગ્ર દેખાય છે. આખા ભારતમાં સિંહ માત્ર આ જ પ્રદેશમાં છે. આમ આ શક્તિનું રૌદ્ર સ્વરૂપ વ્યક્ત કરે છે. અહીંના પ્રાચીન ગિરનારની ગુફાઓમાં અનેક સાધુ-બાવા, સાધકો, કાપાલિકો અને તાંત્રિકો વસે છે ને તેઓ ઉગ્ર સાધના કરે છે. આ પર્વત ઉપર એક ગુફામાં કાલીની મૂર્તિ પણ છે. ત્યાં પણ અનેક ઉગ્ર સાધકો, કાપાલિકો અને અઘોરીઓ જોવા મળે છે. એટલે સંભવ છે કે અહીં શક્તિપીઠ હોઈ શકે. બીજી તરફ ઉજ્જૈનમાં આવેલ ભૈરવ પર્વત પણ પ્રાચીન છે અને ત્યાં પણ સૈંકડો વર્ષોથી સાધુ અને સાધકોની પરંપરા ચાલે છે.

શક્તિપીઠોના વિભિન્ન મતોમાં ગુજરાતના ગિરનારનો ઉલ્લેખ મહદ્અંશે મળી આવે છે. પરંતુ બન્ને સ્થળોએ દેવીનું સ્થળ માનીને શ્રદ્ધાપૂર્વક દર્શન કરવાં જોઈએ. ભૈરવ પર્વત શક્તિપીઠમાં સતીનો હોઠ પડયો હતો. અહીંની શક્તિ 'અવંતી' અને ભૈરવ 'લંબકર્ણ' છે.

બંગાળનાં શકિતપીઠોઃ

ભારતમાં દેવીપૂજાનું સૌથી મોટું કેન્દ્ર બંગાળ છે. શ્રી રામકૃષ્ણ પરમહંસે મા કાલીની સાધના કરી પ્રાપ્ત કરેલ વિશેષ જ્ઞાનની અનુભૂતિ પોતાના શિષ્ય વિવેકાનંદજીને કરાવી અને વિવેકાનંદજીએ વિશ્વમાં ભારતના અધ્યાત્મનો પરિચય કરાવ્યો. દુર્ગાપૂજા અહીંનો સહુથી મોટો ઉત્સવ છે. દુર્ગાના રૌદ્ર સ્વરૂપને વિશેષ માનતા આ ભૂભાગમાં કાલીકુળની દેવીઓની ઉપાસના થાય છે. અખંડ ભારત હતું ત્યારે વર્તમાન બાંગ્લાદેશ આ જ વિસ્તારનો ભૂભાગ હતો. અહીં ચૌદ શક્તિપીઠો આવેલાં છે.

(૧૬) સુગંધાઃ આ શક્તિપીઠ બાંગ્લાદેશમાં આવેલું છે. અહીં જવા માટે ખુલનાથી બારીસાલ સુધી સ્ટીમરમાં જવાય છે. બારીસાલથી અઢી કિલોમીટર દૂર ઉત્તરમાં શિકારપુર ગામમાં સુગંધા નદીના તટ ઉપર 'ઉગ્રતારા' દેવીનું મંદિર આવેલું છે. દેવીના અનેક નામો પૈકીનું એક નામ 'તારા' છે. જ્યારે અસુરોનો વધ કર્યો ત્યારે દેવીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરેલ, તેવા એ સ્વરૂપને 'ઉગ્રતારા' નામે દેવોએ સંબોધી. આ સ્થળે સતીની 'નાસિકા પડી હતી. અહીંની શક્તિ 'સુનંદા' અને ભૈરવ 'ત્ર્યમ્બક' છે.

(૧૭) કિરીટઃ અંબાજી શક્તિપીઠમાં એકાવન શક્તિપીઠના નિર્માણમાં સત્તરમા ક્રમે જે શક્તિપીઠ બનાવવામાં આવેલ છે તે 'કિરીટ' નામક સ્થાન છે. આ કિરિટ શકિતપીઠ હાવડા-બરહરવા રેલ્વે લાઈન ઉપર હાવડાથી અઢી કિલોમીટર દૂર લાલબાગ ફોર્ટ સ્ટેશનથી લગભગ પાંચ કિલોમીટર પર વડનગરની પાસે ગંગાના તટ ઉપર આવેલું છે. અહીંની શક્તિ 'વિમલા' અને 'ભુવનેશી' છે. દેવી ભાગવત અને માર્કંડેય પુરાણમાં ભુવનેશ્વરીને નામે ઓળખાતી આ દેવી સૌમ્ય છે. તેની શુચિતા માટે તેનું એક નામ 'વિમલા' પણ છે. આ શક્તિપીઠના ભૈરવ 'સંવર્ત' છે.

(૧૮) નલહટીઃ ગબ્બરની પવિત્ર ભૂમિમાં નિર્મિત એકાવન શકિતપીઠમાં આ અઢારમા ક્રમે આવેલ શકિતપીઠ છે. મૂળ આ શક્તિપીઠ 'નલહરી' ક્ષેત્રમાં આવેલું છે. બંગાળ રાજ્યમાં બોલપુર શાંતિનિકેતનથી ૭૫ કિલોમીટર દૂર તથા સૈન્થીયા જંક્શનથી ૪૨ કિલોમીટર દૂર અને નલહટી રેલ્વે સ્ટેશનથી ત્રણ કિલોમીટર દૂર નૈઋત્ય ખૂણામાં એક ઊંચા પહાડ પર સ્થાન આવેલું છે.

અહીં શક્તિપીઠની દેવી કાલિકા છે. આ સ્થળે સતીના પેટની કેટલીક નાડીઓ વેરાઈને પડી હતી. તો કેટલાક વિદ્વાનોની માન્યતા છે કે અહીં માથાના ભાગમાંથી નીકળેલ કેટલાક ચેતાતંત્રનો ભાગ વેરાયો હતો. તંત્રગ્રંથોએ દેવીના રૌદ્ર સ્વરૂપની ઉપાસનાને વિશેષ મહત્ત્વ આપ્યું છે. વિભિન્ન ગ્રંથોમાં દુર્ગાનાં નવ સ્વરૂપો જુદા-જુદા નામે બતાવ્યાં છે. તંત્રોમાં બાલા, કાલી તારા, ત્રિપુરા, ભુવનેશ્વરી, ભૈરવી, છિન્નમસ્તકા, ધૂમાવતી, માતંગી, કમલા અને બગલામુખી એમ દશ મહાવિદ્યાઓ રૂપે શક્તિની ઉપાસનાના સિદ્ધાંતો રજૂ કર્યા છે.

મહિષાસુરને હણવા માટે દેવીએ જે સ્વરૂપ ધારણ કર્યું તે દુર્ગાનું એક સ્વરૂપ કાલી છે. હાથમાં ખડગ ધારણ કરી જીભ બહાર કાઢી ઊભેલી કાલીનું ઉગ્ર સ્વરૂપ અહીં પૂજાય છે.

(૧૯) યશોર : આ શક્તિપીઠ અખંડ ભારતના બંગપ્રદેશમાં અને સાંપ્રત સમયમાં બાંગ્લાદેશમાં આવેલું છે. તે બાંગ્લાદેશના ખુલના જિલ્લાના જેશોર નગરમાં આવેલું છે. અહીં સતીના દેહની ડાબી હથેળી પડી હતી. અહીંની શક્તિ 'યશોરેશ્વરી' છે અને આ શક્તિપીઠના ભૈરવ 'ચંદ્ર' છે. અહીં પ્રાચીન મંદિર છે. લોકોને આ મંદિર પર ખૂબ શ્રદ્ધા છે. જોકે ભારતના ભાગલા પછી અને પૂર્વ પાકિસ્તાનને બદલે જ્યારે બાંગ્લાદેશનું સર્જન થયું, ત્યારે થયેલા રક્તપાતમાં ઘણા બંગાળી હિંદુઓએ આ પ્રદેશ છોડી દીધો હતો. ત્યાં રહેલી હિંદુ પ્રજા આ દેવી પ્રત્યે ખૂબ શ્રદ્ધા ધરાવે છે. નવરાત્રિનો મહોત્સવ અહીં ધામધૂમપૂર્વક ઊજવાય છે.

(૨૦) ચટ્ટલ : મૂળ ભારતમાં આવેલું આ શક્તિપીઠ હાલમાં બાંગ્લાદેશમાં આવેલું છે. તે ચટગામથી ૩૮ કિલોમીટર સીતાકુંડ સ્ટેશનની પાસે ચંદ્રશેખર પર્વત ઉપર આવેલું છે. ભવાની માતાનું આ મંદિર આ પ્રદેશમાં ખૂબ વિખ્યાત છે. બીજું એક મંદિર ચંદ્રશેખર શિવનું મંદિર છે. જે સમુદ્રતળથી લગભગ ૩૫ કિલોમીટરની ઊંચાઈ પર આવેલું છે. તેની પાસે સીતાકુંડા, વ્યાસકુંડ, સૂર્યકુંડ, બ્રહ્મકુંડ, જનકકોટી શિવ, સહસ્ત્રધારા, બાડવકુંડ તથા લવણાક્ષતીર્થ આવેલાં છે.

બાડવકુંડમાંથી અગ્નિની જવાળાઓ સ્વયંભૂ નીકળે છે. અહીં શિવ અને શક્તિનો સુભગ સમન્વય થયો છે કારણ કે ભવાની અને શિવ બન્નેનાં મંદિરો આવેલાં છે. શિવરાત્રિએ અહીં મોટો મેળો ભરાય છે. નવરાત્રિ અહીંનો મોટો ઉત્સવ છે.

જનમેજયે જ્યારે વેદવ્યાસને તે પરમશક્તિ વિષે પૂછ્યું ત્યારે વેદવ્યાસે તેનો જવાબ આપતાં કહ્યું કે, 'આ પ્રશ્ન મેં નારદને પૂછ્યો હતો.' કેટલાક આચાર્યો ભવાનીદેવીને સમગ્ર વસ્તુ આપનાર આદિમાયા, મહાશક્તિ, પુરુષને અનુસરનાર પ્રકૃતિ, બ્રહ્મ સાથે એકતા પામેલ; સ્થિતિ તથા નાશ કરનાર, સર્વ ભૂતોનાં તથા દેવતાઓનાં માતા-આદિ - અંતરહિત પૂર્ણ સર્વ પ્રાણીઓમાં વ્યાપક, સર્વ લોકનાં ઈશ્વરી નિર્ગુણ અને સગુણ સમજે છે ને જગતનું કારણ કહે છે. (દેવીભાગવત સ્કંધ-૩, અધ્યાય-૧ શ્લોક ૩૧ થી ૩૫)

ત્યારે નારદે એ શક્તિનો પરિચય બ્રહ્મા, વિષ્ણુને કરાવેલ તેની કથા કહી હતી. મા શક્તિની કરુણાના સ્તવન માટે મવાન્યમ્ સ્તોત્રને સર્વોત્તમ ઉદાહરણ રૂપે લેવાય છે. ગતિસ્ત્વમ્ ગતિસ્વમ્ ત્વમેકા ભવાની. આ શક્તિપીઠના સ્થળે સતીના દેહનો ડાબો હાથ પડયો હતો. અહીંના ભૈરવ 'ચંદ્રશેખર' છે. ગબ્બર ક્ષેત્રે આ શક્તિપીઠની પ્રતિકૃતિ વીસમા ક્રમે આવેલી છે.

(૨૧)કરતોયા તટ : અંબાજી તીર્થક્ષેત્રે નિર્માણ પામેલ એકાવન શક્તિપીઠમાં ગબ્બરની પવિત્ર ભૂમિમાં એકવીસમા ક્રમે જે શક્તિપીઠ બનાવવામાં આવ્યું છે, તેનું નામ 'કરતોયા તટ' છે. કરતોયા તટનું આ શક્તિપીઠ પણ હાલમાં બાંગ્લાદેશમાં આવેલું છે. તે લાલમનીરહાટ સંતહાટ રેલ્વે લાઈન ઉપર બોંગડા સ્ટેશનથી દક્ષિણ પશ્ચિમમાં ૩૨ કિલોમીટર દૂર ભવાનીપુર ગામમાં સ્થિત છે. અહીં દેવી 'અર્પણા' શક્તિ છે.

અર્પણા દેવી વિશે ગુજરાતમાં ખૂબ ઓછા લોકો પરિચિત છે, પરંતુ જગદ્‌ગુરુ શંકરાચાર્ય અદ્‌ભુત દર્શનના આચાર્ય હોવા છતાં તેમણે દેવીના સ્તોત્રોની રચના કરી હતી. તેમના देवपराधक्षमापनस्त्रोतम માં તેમણે દેવીનાં જે વિવિધ સંબોધનો કર્યાં છે તેમાં તેમણે अर्पणा નું સંબોધન કર્યું છે. કઠોર તપશ્ચર્યા કરીને શિવને પામનાર શૈલસુતા હિમાલય પુત્રીને अर्पणा કહેવાય છે. દેવીનો ડાબો પગ અહીં પડયો હતો. આ શક્તિપીઠના ભૈરવ 'વામન' છે. નતોરના રાજા અને તેમના પાટવીકુંવર મહારાજા રામક્રિષ્ણે અહીં તપ કર્યું હતું.

(૨૨) યુગાધા :પૂર્વી રેલવેના વર્ધમાન (બર્દમાન) જંક્શનથી લગભગ ૩૨ કિલોમીટર ઉત્તરની તરફ ક્ષીરગ્રામમાં આ શક્તિપીઠ આવેલું છે. અહીં દેવીના જમણા પગનો અંગૂઠો પડયો હતો. અહીંની શક્તિ 'ભૂતધાત્રી' છે. માર્કંડેય પુરાણમાં દેવી શક્તિને સર્વોપરી દર્શાવી છે. દેવોને જ્યારે કોઈપણ મુશ્કેલી પડી ત્યારે દૈવી શક્તિ દ્વારા જ તેનો નાશ કરાયો છે. દેવીએ જ્યારે અસુરોનો નાશ કર્યો ત્યારે તેમના સ્વરૂપના વર્ણનમાં તે દેવીને અનેક સ્વરૂપોથી ઓળખાવી છે. તેમાંનું એક સ્વરૂપ 'ભૂતધાત્રી' છે.

જોકે દેવીને સર્વોત્કૃષ્ટ દર્શાવવાના ઉદ્દેશ્યથી તેને પ્રાણીમાત્રને ધારણ કરનાર, પોષનાર ભૂતધાત્રી તરીકે ઉલ્લેખિત કરવામાં આવી છે. આ શક્તિપીઠના ભૈરવ 'ક્ષીરકંટક' છે. અંબાજી એકાવન શક્તિપીઠમાં આ શક્તિપીઠનું નિર્માણ બાવીસમા ક્રમે કરવામાં આવ્યું છે.

(૨૩) વક્રેશ્વર: મહિષાસુરનો નાશ કરનાર શક્તિ 'મહિષમર્દિની' જ્યાં બિરાજે છે તે શક્તિપીઠ વકતેશ્વર બંગાળમાં પૂર્વી રેલ્વેની મુખ્ય લાઈન પર ઓડાલ જંક્શન પાસે આવેલું છે. ત્યાંથી એક લાઈન સૈન્થિયા જાય છે. આ રેલ્વે લાઈન ઉપર ઓડાઈથી બાવીસ માઈલ દૂર દુબ્રાજપુર સ્ટેશન છે. આ સ્ટેશનથી સાત માઈલ ઉત્તરે જળનાં સ્વયંભૂ ઝરણાં આવેલાં છે. આ ઝરણાંની પાસે પ્રકૃતિની ગોદમાં કેટલાક શિવમંદિરો પણ છે. બાકેશ્વર નાળાની તટ પાસે હોવાથી આ સ્થાન બાકેશ્વર અથવા વકતેશ્વર કહેવાય છે. આ શક્તિપીઠ સૈન્થિયા જંક્શનથી ૧૨ કિલોમીટર દૂર સ્મશાનભૂમિમાં આવેલું છે. અહીંનું મુખ્ય મંદિર 'વકતેશ્વર' અથવા 'બાકેશ્વર' શિવમંદિર છે. અહીં પાપહરણકુંડ આવેલો છે. તેમાં સ્નાન કરવાથી પાપ દૂર થાય છે તેવી લોકમાન્યતા છે. જનશ્રુતિ પ્રમાણે અહીં અષ્ટાવક્ર ઋષિનો આશ્રમ હતો. દેવીના દેહનું મન અહીં પડયું હતું. અહીંની શક્તિ 'મહિષમર્દિની' છે.

ઘડીમાં મનુષ્ય અને ઘડીમાં મહિષ (પાડા) જેવું રૂપ ધારણ કરતા મહિષાસુરથી ત્રાસી ઊઠેલા દેવોએ દેવીને પ્રાર્થના કરી અને દેવી પ્રગટ થયાં. તેમણે મહિષાસુરનો નાશ કર્યો. ત્યારે દેવોએ દેવીની સ્તુતિ કરી તેમને મહિષાસુરમર્દિની કહીને સંબોધન કર્યું હતું.

(૨૪) નંદીપુરઃ પૂર્વી રેલ્વેના હાવડા પુલ લાઈનમાં સૈન્થિયા સ્ટેશનથી અગ્નિખૂણે થોડે દૂર નંદીપુર નામના સ્થાનમાં એક મોટા વડની નીચે દેવીમંદિર આવેલું છે. અહીં દેવીના દેહના કંઠનો હાર પડયો હતો. અહીંની શક્તિ 'નંદિની' છે તથા ભૈરવ 'નંદિકેશ્વર' છે. જગજ્જનની મા અંબાજીની પવિત્ર ભૂમિ ઉપર ગબ્બર ક્ષેત્રે નિર્માણ પામેલ એકાવન શક્તિપીઠમાં આ શક્તિપીઠ ચોવીસમા ક્રમે આવેલું છે. મૂળ મંદિર પ્રાચીન છે.

(૨૫) અટ્ટહાસઃ આ શક્તિપીઠ વર્ધમાન - બર્દમાનથી તેર કિલોમીટર દૂર કરવા અદમપુર લાઈન ઉપર લાબપુર સ્ટેશનની પાસે છે. અહીં દેવીના દેહનો નીચેનો હોઠ પડયો હતો. અહીંની શક્તિ 'ફુલ્લરા' છે અને ભૈરવ 'વિષેશ' છે.

ફુલ્લરા એ સ્થાનીય નામ છે. મંદિર વર્ષો જૂનું છે. માતાજીની પ્રતિમા આકર્ષક છે. મંદિર ઉપર માતાજીના સિંહના વાહનની મૂર્તિ મૂકીને શક્તિના રૂપને અને અસુરોના સંહારને પ્રતીકાત્મક રીતે ઉજાગર કરવામાં આવેલ છે. ગબ્બરમાં આ શક્તિપીઠ ૨૫ મા ક્રમે આવેલું છે.

(૨૬) બહુલા : આ શક્તિપીઠ હાવડાથી ૧૪૪ કિલોમીટર દૂર આવેલ નવદ્વીપધામથી ૨૪ માઈલ દૂર કટવા જંક્શનથી પશ્ચિમે કેતુબ્રહ્મ ગામ અથવા લૌકિક કેતુ નામના ગામમાં છે. આ નાનું નગર છે. અહીંની શક્તિ 'બહુલા' છે. અહીં સતીનો ડાબો હાથ પડયો હતો. આ શક્તિપીઠના ભૈરવ 'ભી' છે.

માતાજીની શોભાયમાન પ્રતિમા છે. લોકજીવનમાં આ દેવીનું ખૂબ મહત્ત્વ છે. અંબાજી શક્તિપીઠમાં 'બહુલા' શક્તિપીઠ છવ્વીસમા ક્રમે આવેલું છે.

(૨૭) ત્રિસ્રોતાઃ પૂર્વોત્તર રેલ્વેમાં સિલીગુડી-હલ્દીવાડી રેલ્વેલાઈન પર જલપાઈગુડી સ્ટેશન આવેલું છે. આ જલપાઈગુડી જિલ્લાનું મુખ્ય મથક છે. આ જિલ્લાનું બોદા જનપદનું શાલવાડી નામનું ગામ છે. ત્યાં તીસ્તા નદીને કિનારે દેવીનું પ્રસિદ્ધ મંદિર છે. અહીં દેવીનો ડાબો પગ પડયો હતો. અહીંની શક્તિ 'ભ્રામરી' છે અને તેના ભૈરવ 'ઈશ્વર' છે. જગતની ઉત્પત્તિનું કારણ શક્તિ છે.

માયા જ પ્રપંચની સૃષ્ટિ પેદા કરે છે. આ મહામાયા શક્તિના બે ભેદ છે (૧) આવરણ શક્તિ (૨) વિક્ષેપ શક્તિ. જે દ્વારા ભ્રમ પેદા થાય તે માયા અનાદિ તથા ભાવરૂપ છે. બ્રહ્મનો સાક્ષાત્કાર થતાં તે દૂર થઈ જાય છે. માયા એ બ્રહ્મની બીજ શક્તિરૂપ છે. તે અવિદ્યા સ્વરૂપ છે. તેનાથી ભ્રમિત થઈ જતા જીવને સત્ય સ્વરૂપ પાસે પહોંચાડનારી શક્તિ 'ભ્રામરી' કહેવાઈ.

ભ્રામરી દેવીની મૂર્તિ રૌદ્ર સ્વરૂપ ધારણ કરેલી છે. ગળામાં નરમુંડની માળા છે. એ અસુરોના સંહારનું પ્રતીક છે. સિંહનું વાહન ધરાવનારી આ દેવીના પગ તળે ભગવાન શંકરની કાયા છે. માયાની સર્વોપરિ શક્તિ દ્વારા દેવો પણ પરાજિત બને છે તેવો ભાવ છે. પ્રકૃતિની ગોદમાં આવેલું મંદિર સાદું પણ ભવ્ય છે. અંબાજી શક્તિપીઠમાં આ મંદિર સત્યાવીસમા ક્રમે છે.

(૨૮) કાલિકા : કલકત્તા પૂર્વી ભારતનું એક મહાનગર અને બંગાળની રાજધાની છે. હિમાલયમાંથી નીકળેલી ગંગા અહીં હુગલીને નામે ઓળખાય છે. તેના કિનારા પર વસેલા આ નગરમાં ભગવતીનાં કેટલાંય પ્રસિદ્ધ સ્થાનો આવેલાં છે. હાવડા સ્ટેશનથી પાંચ માઈલ દૂર ભાગીરથીના આદિ સ્ત્રોત પાસે કાલીઘાટ નામે સ્થાન છે. આ ઘાટ ઉપર વિશ્વવિખ્યાત ભગવતી પ્રસિદ્ધ કાલીકાનું મંદિર છે. આ મંદિર શક્તિપીઠના રૂપે સર્વમાન્ય છે. મંદિરમાં ત્રિનયના, રક્તાંબરા, મુંડમાલિની, મુક્તકેશી, ભગવતી કાલિકા બિરાજમાન છે. બંગાળ અને સમગ્ર ભારતના હિંદુઓ માટે આ સ્થાન શ્રદ્ધેય છે. અહીં સતીના દેહના જમણા પગની ચાર આંગળીઓ (અંગૂઠાને છોડીને) પડી હતી. અહીંની શક્તિ 'કાલિકા' અને ભૈરવ 'નકુલીશ' છે. આ પીઠમાં મહાકાળીની ભવ્ય મૂર્તિ બિરાજમાન છે. દેવીમંદિરની પાસે 'નકુલેશ શિવ'નું મંદિર આવેલું છે.

કલકત્તામાં કાલીગંજ-બસ અડ્ડાથી બે કિલોમીટર દૂર આદિકાલીના પ્રાચીન મંદિરને પણ શક્તિપીઠના રૂપમાં માને છે. કલકત્તામાં હજારભુજા, ફાલી, સર્વમંગલા, તારા સુંદરી, સિંહવાહિની વગેરે અન્ય મંદિરો આવેલાં છે.

શ્રીકાલીની મૂર્તિ રૌદ્ર ધારિણી છે. હાથમાં વિવિધ આયુધો ધારણ કરનારી આ પ્રતિમાનો ચહેરો ઉગ્ર છે. વિઆંખ ધારિણી દેવીનો ચહેરો જાણે હમણાં જ અસુરોનો નાશ કરીને આવ્યાં હોય તેવો છે.

અહીં અગિયાર રુદ્રોનાં અગિયાર શિવલિંગ પણ સ્થાપિત છે. ગંગાતટ પર જ દક્ષિણેશ્વર કાલીનું એક પ્રસિદ્ધ ભવ્ય મંદિર છે, જ્યાં પરમહંસ શ્રી રામકૃષ્ણ પરમહંસે કાલીની સાધના કરી હતી. નવરાત્રિમાં બંગાળમાં દુર્ગાપૂજાનો ભવ્ય ઉત્સવ ઊજવાય છે. અંબાજી ક્ષેત્રે એકાવન શક્તિપીઠમાં આ શક્તિપીઠ અઠ્ઠ્યાવીસમા ક્રમે આવેલું છે.

(૨૯) વિભાષ: જગદ્જનની મા અંબાજીના હૃદયસ્થ સ્થાને નવનિર્મિત એકાવન શક્તિપીઠમાં ઓગણત્રીસમા ક્રમે નિર્માણ પામેલું શક્તિપીઠ મૂળ 'વિભાષ' શકિતપીઠ પરથી બનાવવામાં આવ્યું છે. આ શક્તિપીઠ પશ્ચિમ બંગાળમાં મિદનાપુર જિલ્લામાં તામ્રલુકમાં આવેલું છે. ત્યાં રૂપનારાયણ નદીના કિનારા પર 'વર્ગભીમા'નું વિશાળ મંદિર છે, તે જ આ શક્તિપીઠ છે. આ મંદિર અત્યંત પ્રાચીન છે. દક્ષિણ પૂર્વ રેલ્વે ઉપર કુડા સ્ટેશનથી ૨૪ કિલોમીટર દૂર આ સ્થાન આવેલું છે. અહીં સતીની ડાબી એડીની ઉપરનો ભાગ પડયો હતો. અહીંની શક્તિ 'કપાલિની', 'ભીમરૂપા' તથા ભૈરવ 'સર્વાનંદ' છે.

તામિલનાડુનાં શક્તિપીઠોઃ ભારતની દક્ષિણે આવેલ તામિલનાડુ પ્રદેશ શ્રદ્ધા અને ભકિતનો પ્રદેશ છે. વિશાળ મંદિરોની સંપત્તિ ધરાવતો આ પ્રદેશ ભક્તિ માટે વિશેષ પ્રસિદ્ધ છે. અહીંના વરલક્ષ્મી, વરદમ અને નવરાત્રિ ઉત્સવ ખૂબ જાણીતા છે. અહીં દેવી મહાલક્ષ્મી, મહાસરસ્વતી અને દુર્ગા ત્રણે રૂપોને વિવિધ રીતે માનવામાં આવે છે. અહીં મદુરામાં આવેલું મીનાક્ષી મંદિર ખૂબ પ્રસિદ્ધ છે. સાક્ષાત જગદ્જનની પાર્વતીએ પોતાના અંશથી મીનાક્ષીરૂપે અવતાર લઈ આ ભૂભાગને પાવન કર્યો છે. આ પ્રદેશમાં ભગવતી જગદંબાનાં ચાર શક્તિપીઠ આવેલાં છે, જેનું સંક્ષિપ્ત વિવરણ આ પ્રમાણે છે.

(૩૦) રત્નાવલી : આ શક્તિપીઠ પશ્ચિમ બંગાળમાં આવેલું છે. અહીં દેવીના દેહનો ડાબો ખભો પડયો હતો. અહીંની શક્તિ 'કુમારી' અને ભૈરવ 'શિવ' છે. અંબાજીમાં ગબ્બરક્ષેત્રે આ શક્તિપીઠ ત્રીસમા ક્રમે આવેલ છે.

(૩૧) કન્યકાશ્રમ : તામિલનાડુમાં ત્રણ સાગરોના સંગમ સ્થાન પર કન્યાકુમારીનું મંદિર છે. તે મંદિરમાં જ ભદ્રકાલીનું પણ મંદિર છે. અહીં આવેલું કુમારીદેવીનું મંદિર શકિતપીઠ છે. અહીં દેવીના દેહનો પૃષ્ઠભાગ પડયો હતો. અહીંની શક્તિ 'શર્વાણી' અને ભૈરવ 'નિમિષ' છે. તે 'કન્યકાશ્રમ' અથવા 'કણ્યકાચક્ર' તરીકે ઓળખાય છે.

(૩૨) કાચયી : તામિલનાડુમાં કાંજીવરમ સ્ટેશનની પાસે જ શિવકાંચી નામનો એક મોટો વિસ્તાર છે. ત્યાં ભગવાન એકામેશ્વર શિવનું મંદિર આવેલું છે. અહીંથી સ્ટેશન તરફ લગભગ બે ફર્લાંગ દૂર 'કામાક્ષી દેવી' નું વિશાળ મંદિર છે. મુખ્ય મંદિરમાં ભગવતી ત્રિપુરસુંદરીની પ્રતિમૂર્તિ કામાક્ષીદેવીની પ્રતિમા આવેલી છે. અહીં અન્નપૂર્ણા શારદામાતા તથા આદિશંકરાચાર્યની પણ મૂર્તિ છે. આ મંદિરને દક્ષિણ ભારતનું સહુથી મોટું શકિતપીઠ માનવામાં આવે છે. અહીં સતીના દેહનું અસ્થિપિંજર પડયું હતું. અહીંની શકિત 'દેવગર્ભા' અને ભૈરવ 'ગુરુ' છે. આસન ઉપર સ્થિત દેવીની મૂર્તિના મુગટ ઉપર ચન્દ્ર બિરાજમાન છે. ચાર હાથમાં આયુધો છે.

(૩૩) કાંચીઃ અહીં શિવનું મંદિર છે. આ મંદિરમાં આ શક્તિપીઠ આવેલું છે. ભારતની દક્ષિણ સીમાએ જ્યાં ભારતને વિશ્વમાં સન્માનીય સ્થાન અપાવનાર અને ઉપનિષદના મંત્ર તિઈતઃ નાત-મોધ વરાયતે દ્વારા ભારતીય જનમાનસને જાગૃત કરનાર સ્વામી વિવેકાનંદે વિદેશની ધરતી ઉપર પ્રથમ ચરણ ધર્યો હતો, તે આ પવિત્ર ભૂમિ છે. અહીં દેવીના મુખના ઉપરના ભાગના દાંતો પડયા હતા. એક બીજો મત એવોય છે કે અહીં સતીનો પૃષ્ઠભાગ પડયો હતો. અહીંની શક્તિ 'નારાયણી' છે અને ભૈરવ 'સંહાર' યા 'સંકુર' છે.

દેવીનું કલ્યાણકારી સુંદરરૂપ, ચંદ્રસમાન સુવર્ણ કાન્તિવાળું મુખ અને દેવીનું સૌમ્યરૂપ નારાયણી દ્વારા પ્રગટ થયું છે. નર અને નારાયણી બન્નેનું સાયુજ્ય શિવ અને સતીમાં સધાયું છે; તેવા ઉલ્લેખો પ્રાપ્ત થાય છે.

કાશ્મીરનાં શક્તિપીઠો :

દમીનસ્તો દમીનસ્તો, સ્વર્ગ અહીં છે...સ્વર્ગ અહીં છે. જેને જોઈને મોગલ સમ્રાટ જહાઁગીર આવું બોલી ઊઠ્યો હતો. તે કાશ્મીર હિમાલયની ચેત છાયામાં આવેલ ભારતવર્ષનો મુગટ છે. પ્રકૃતિની મનોરમ લીલા સ્થળ કાશ્મીરમાં મા વૈષ્ણવીદેવીનો નિવાસ છે. રુદ્રયામલ તંત્રમાં તેને 'શૈવમુખા મિહોચ્યતે' શક્તિ અને શિવના સાક્ષાત્કારનું પ્રવેશદ્વાર કહ્યું છે. હિમાલયની ગોદમાં જગદ્જનની ભગવતી જગદંબા દેવી પાર્વતીના રૂપમાં અવતરિત થઈ. અહીં દેવીનાં બે શક્તિપીઠો છે, જેમાં શ્રીપર્વત - ૩૪ ક્રમે અને કાશ્મીર ૪૫ મા ક્રમે નિર્મિત છે. નીચે શ્રીપર્વત વિષે માહિતી છે.

(૩૪) શ્રી પર્વત : આ શક્તિપીઠના સંદર્ભમાં બે માન્યતાઓ છે. કેટલાક વિદ્વાનો આને લદ્દાખ કાશ્મીરમાં આવેલું છે, તેમ માને છે. તો કેટલાક આસામ પ્રાંતમાં સિલહટથી ચાર કિલોમીટર નૈઋત્ય ખૂણામાં જૈનપુર નામના સ્થાનને શક્તિપીઠ માને છે. અહીં દેવીના દેહનું ડાબી બાજુનું ઝાંઝર પડયું હતું. અહીંની શક્તિ 'શ્રી સુંદરી' અને ભૈરવ 'સુંદરાન્દ્ર' છે.

ભારતીય પરંપરામાં કાશ્મીર વિદ્યોપાસનાની ભૂમિ રહી છે. પ્રાચીન સમયમાં કાશ્મીર શારદાદેશરૂપે પણ પ્રખ્યાત હતું. 'શ્રી સુંદરી' કાશ્મીર ચૌદ વિદ્યાઓની પીઠ છે એવું મહાકવિ હર્ષ કહે છે.

કાશ્મીરના મોટાભાગના આલંકારિકોએ સરસ્વતીની આરાધના કરી છે. વિદ્યા અને શુચિતા, સૌંદર્ય અને મંગલ એ કાશ્મીરી ઉચ્ચ વિચારને અનુરૂપ તેમની દેવી પણ શ્રી સુંદરી છે. ભગવાન સદાશિવ દરેક શક્તિપીઠ ભૈરવના રૂપે ઉપસ્થિત રહે છે પણ એ ભૈરવના સ્વરૂપમાં કયાંક રૌદ્ર, કયાંક ઉગ્ર કયાંક ભયાનક ભાવ છે. પણ જ્યાં દેવી સૌમ્ય છે, વાત્સલ્યપૂર્ણ છે, ત્યાં ભૈરવ પણ એ સ્વરૂપમાં પ્રતીત થાય છે.

(૩૫) કુરૂક્ષેત્ર : કુરૂક્ષેત્રનું નામ સાંભળતાં જ મહાભારતનો યુગ યાદ આવી જાય જ્યાં પાંડવો અને કૌરવો વચ્ચે ભયંકર યુદ્ધ લડાયું; જ્યાં યુદ્ધના પ્રથમ ચરણે ભારતીય વેદો અને ઉપનિષદોના અર્ક સ્વરૂપ ગીતા શ્રીકૃષ્ણ ભગવાનના મુખે કહેવાઈ, તેવી આ ભૂમિમાં શક્તિપીઠ આવેલું છે.

જ્યાં સર્વત્ર હરિયાળી છવાયેલી છે. નદીઓ ધરતીના હૃદયમાં પ્રવાહિત અને લીલીછમ બનીને બહાર ફૂટી નીકળે છે, તેવા હરિયાણા રાજ્યના કુરુક્ષેત્ર નગરમાં તૈપાયન સરોવરની પાસે આ શક્તિપીઠ આવેલું છે. વૈશંપાયન અને દ્વૈપાયન નામના ઋષિઓએ મહાભારતની કથા જનમેજયને સંભળાવી હતી. તેવા દ્વૈપાયન સરોવર પાસે શક્તિપીઠ તથા કાલીમાતાનું એક મંદિર અને સ્થાણુ શિવનું મંદિર બનેલું છે. કહેવાય છે કે મહાભારતના યુદ્ધ પહેલાં પાંડવોએ વિજયની કામનાથી અહીં મા કાલીનું પૂજન અને યજ્ઞ કર્યો હતો. મહાભારતના ભીષ્મ-પર્વમાં કૃષ્ણ અર્જુનને વિજય પ્રાપ્ત થાય તે માટે કાલીની આરાધના કરવાનું કહે છે. અર્જુને કૃષ્ણનો ઉપદેશ ગ્રહણ કરી ભગવતીનું ધ્યાન ધર્યું. ભગવતી પ્રસન્ન થઈ પ્રગટ થયાં અને અર્જુનને વિજયી થવાનું વરદાન આપ્યું- નમસ્તે સિદ્ધક્ષેત્તાનિ અર્થે મવાસિનિ..... (ભીષ્મ પર્વ-૨૨ મો અધ્યાય).

અહીં દેવીના ડાબી બાજુની એડી પડી હતી. અહીંની શક્તિ 'સાવિત્રી' અને ભૈરવ 'સ્થાણું' છે. સાવિત્રી એ ગાયત્રીનું નામ છે. ગાયત્રી રહસ્યોપનિષદમાં દર્શાવવામાં આવ્યું છે કે અગ્નિથી ઓંકારની, ઓંકારથી વ્યાતિની અને વ્યાતિથી ગાયત્રી । ઋગ્વેદ વગેરે ગાયત્રીના ચાર પગ છે અને વેદાંગ તેના શિરસ્થાન છે. ગાયત્રી મંત્રમાં 'તત્સવિતુર્વરેણિયમ' દ્વારા તે સવિતા - સૂર્યની ઉપાસના કરવામાં આવી છે. બ્રાહ્મણો અને આરણ્યકોમાં બ્રહ્મ ચૈતન્યની શુદ્ધ શક્તિ ગાયત્રીને ગણાવવામાં આવી છે. ૐકારમાં અર્ધમાત્રા તથા ગાયત્રીમાં પ્રણવ તે સવિતા છે.

(૩૬) કાલમાધવ શક્તિપીઠઃ તંત્ર ચુડામણીમાં આ શક્તિપીઠના ઉલ્લેખમાં કહેવાયું છે કે,

नितम्ब: कालमाधवे
भैरव श्चासितादृश्च देहि काली सुसिद्वदा ।

જ્યાં સતીના દેહનો ડાબો નિતંબ પડયો છે તેવા શક્તિપીઠની 'કાલી' નામની શક્તિ છે અને તેના ભૈરવ તરીકે 'અસિતા'' એનો ભૈરવ છે. આ શક્તિપીઠ ચોકકસ કયાં આવેલું છે. તેની પૂરતી માહિતી મળતી નથી. એક માન્યતા પ્રમાણે તે મધ્યપ્રદેશમાં હોઈ શકે.

શુંભ અને નિશુંભના વધ માટે જયારે દેવીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું ત્યારે પાર્વતીના શરીર કોશમાંથી અંબિકા નિ:સૃત થઈ તે કૌશીકી કહેવાઈ તે પછી તે કૃષ્ણા એટલે કે શ્યામ બની તેથી તે કાલિકા કહેવાઈ. કાળીના કરાલ રૂપનું વર્ણન ગીતાના વિશ્વરૂપ દર્શનના ભીષણ રૂપ સાથે સરખાવી શકાય. રકતબીજ નામના અસુર સાથે જયારે યુદ્ધ થયું, ત્યારે રકતનાં બિંદુ પડતાં અનેક અસુરો ઉત્પન્ન થતાં કાલી અને ચામુંડાએ તેનું રકતપાન કર્યું. મહાકાલીનું રૂપ ઘોર કે ઉપદ્રવી છે.

આવી. 'કાલી' શક્તિના શક્તિપીઠની સંરચના અંબાજીમાં ૩૬ માક્રમે કરવામાં આવેલ છે.

(૩૭) ઉત્કલઃ ઓરિસ્સા રાજયનું નામ શ્રવણમાં આવતાં જ જગન્નાથ પુરીનું પ્રસિદ્ધ મંદિર યાદ આવે. ભગવાન જગન્નાથ અને ભારતના સર્વોત્તમ સૂર્યમંદિર કોણાર્કની આ પવિત્ર ભૂમિમાં આ શક્તિપીઠ આવેલું છે. જો કે આ શક્તિપીઠના વિષયમાં બે માન્યતાઓ છે. પહેલી માન્યતા પ્રમાણે પુરીના જગન્નાથ મંદિરના પ્રાંગણમાં જ 'વિમલાદેવી'નું મંદિર છે, તે આ શક્તિપીઠ છે. અહીં દેવીના દેહની નાભિ પડી પડી હતી. અહીંની શક્તિ 'વિમલા' અને ભૈરવ 'જગન્નાથ' છે.

બીજી માન્યતા પ્રમાણે યાજપુરમાં બ્રહ્માકુંડની નજીક આવેલ વિરજાદેવીનું મંદિર આ શક્તિપીઠ છે. કેટલાક વિદ્વાનો તેને નાભિપીઠ માને છે. મંદિરમાં વિરજાદેવી તથા તેમના વાહન સિંહની મૂર્તિ છે. દેવીના પ્રાગટ્યના વિષયમાં અહીં એક કિંવદન્તી છે કે બ્રહ્માજીએ પહેલાં અહીં યજ્ઞ કર્યો હતો. એ યજ્ઞકુંડમાંથી વિરજાદેવીનું પ્રાગટ્ય થયું. યાજપુર-હાવડા-વાલ્ટેયર લાઈન ઉપર વૈતરણી રોડ સ્ટેશનથી લગભગ ૧૮ કિલોમીટર દૂર છે. સ્ટેશનથી યાજપુર સુધી જવા માટે બસની સુવિધા છે. યાજપુર નાભિગયા ક્ષેત્ર માનવામાં આવે છે. જેમ ગયાજી (બિહાર) પિતૃતર્પણ માટે ભારતભરમાં વિખ્યાત છે તેમ નાભિગયા ક્ષેત્રનું પણ શ્રાદ્ધ અને તર્પણ માટે વિશેષ મહત્ત્વ છે. ઓરિસ્સાનાં ચાર મુખ્ય સ્થાનો જગન્નાથપુરી, ભુવનેશ્વર, કોણાર્ક અને યાજપુરમાંથી આ એક મુખ્ય સ્થાન છે. આને ચક્રક્ષેત્ર પણ માનવામાં આવે છે. અહીં વૈતરણી નદી છે. ગરૂડ પુરાણ પ્રમાણે દેહમાંથી છૂટેલા જીવને વૈતરણી નદી પાર કરીને પછી સ્વર્ગ કે નર્ક તેના કર્મ પ્રમાણે લઈ જવાય છે.

પૃથ્વી પર અહીં વૈતરણી આવેલી છે. તે નદીના ઘાટ પર અનેક મંદિરો આવેલાં છે. જેમાં ગણેશ અને વિષ્ણુ મંદિર પ્રસિદ્ધ છે. વારાહ ભગવાનનું મંદિર અહીંનું સૌથી પ્રસિદ્ધ મંદિર છે. તેમાં ભગવાન યજ્ઞજ વારાહની મૂર્તિ છે. ઘાટથી લગભગ બે કિલોમીટર દૂર પ્રાચીન ગરૂડસ્તંભ છે. તેની પાસે આ 'વિરજાદેવી'નું મંદિર છે.

ગબ્બર એકાવન શક્તિપીઠની પરિક્રમામાં ગોળાકાર વર્તુળમાં સાડત્રીસમા ક્રમે આવેલ આ મંદિર સુંદર છે.

(૩૮) તિબેટનું માનસ શક્તિપીઠઃ ચીનના તાબામાં આવેલ તિબેટમાં આ શક્તિપીઠ આવેલું છે. તિબેટમાં માન સરોવરની પાસે આ શક્તિપીઠ આવેલું છે. હિંદુ ધર્મમાં માનસ સરોવરનું એક આગવું મહત્વ છે. એ મહત્વને પ્રસ્થાપિત કરવા જ્યાં-જ્યાં શક્તિનાં મંદિરો આવેલાં છે ત્યાં આવેલાં સરોવરોને માનસ સરોવર તરીકે ઓળખવામાં આવે છે. જેમકે અંબાજી તીર્થમાં મંદિરના પાછળના ભાગે આવેલ સરોવર માનસ સરોવર તરીકે ઓળખવામાં આવે છે. તે જ રીતે બહુચરાજીમાં પણ મંદિરની પાસે આવેલ સરોવર માનસ સરોવર કહેવાય છે. તિબેટમાં આવેલ માનસ શક્તિપીઠમાં દેવીના દેહની ડાબી હથેળી પડી હતી. અહીંની શક્તિ 'દાક્ષાયણી' અને ભૈરવ અમર છે.

(૩૯) પંજાબનું જલંધર શક્તિપીઠ : જ્યાં વેદવ્યાસ, વશિષ્ઠ, મનુ, જમદગ્નિ અને પરશુરામ જેવા ઋષિમુનિઓએ દેવીની ઉપાસના કરી હતી અને જ્યાં ભારતની સહુથી મોટી પાંચ નદીઓ વહે છે, જ્યાં ગુરૂ નાનક જેવી ઉચ્ચ વિભૂતિએ 'શીખ' ધર્મની સ્થાપના કરી તેવી શસ્ય-શ્યામલ ભૂમિ પંજાબમાં આવેલ જલંધર નગરમાં આ શક્તિપીઠ આવેલું છે.

જનશ્રુતિ અનુસાર જલંધર નામનો એક દાનવ હતો. તેણે આ નગરની સ્થાપના કરી હતી. મહાબળવાન તે દૈત્યે દેવો અને મનુષ્યોને જીતી લીધા હતા. તેણે પૃથ્વી અને સ્વર્ગ ઉપર પોતાની આણ વર્તાવી હતી. તેનાથી વ્યથિત થયેલા દેવો અને મનુષ્યોએ ભગવાન શિવની આરાધના કરી અને ભગવાન શિવે દેવીની સહાયથી તેનો વધ કર્યો. જોકે એ પછી પણ આ શહેરનું નામ જલંધર રહ્યું.

જલંધરમાં 'વિશ્વમુખી' દેવીનું મંદિર છે. આ શક્તિપીઠની વિશેષતા એ છે કે – સતીના દેહનું ડાબુ સ્તન અહીં પડયું હતું. એટલે આ મંદિરમાં આવેલી મૂર્તિને પીઠ સુધી કપડાંથી ઢાંકી દેવામાં આવે છે અને તેનું ધાતુથી નિર્મિત મુખમંડલ બહાર દેખાય છે. આને પ્રાચીન ત્રિગતતીર્થ પણ કહેવાય છે. અહીંની શક્તિ 'ત્રિપુરામાલિની' અને તેના ભૈરવ 'ભીષણ' છે.

લોકોનો વિશ્વાસ છે કે આ પીઠમાં સંપૂર્ણ દેવી, દેવતા અને તીર્થો અંશરૂપમાં નિવાસ કરે છે. અહીં પશુને પણ મૃત્યુ પછી સદ્ગતિ પ્રાપ્ત થાય છે. એટલા માટે જ ભારતના પ્રસિદ્ધ મનીષીઓએ અહીં તપશ્ચર્યા અને સાધના કરી હતી. ગબ્બર ક્ષેત્રે ઓગણચાલીસમા ક્રમે આવેલ આ મંદિરની મૂર્તિ દૈદીપ્યમાન છે.

(૪૦) પંચસાગર : આ શક્તિપીઠનું સ્થાન ઉત્તરાખંડમાં આવેલું છે. એમ કહેવાય છે કે જ્યાં સતીના દેહનો નીચેનો દાંત પડયો હતો. આ સ્થાનની શક્તિ 'વારાહી' છે અને ભૈરવ 'મહારુદ્ર' નામથી ઓળખાય છે.

'વારાહી' દેવીનું મોં વરાહ-ભૂંડ જેવું છે. માતાજીના ચાર હાથ છે. ચારે હાથમાં શસ્ત્ર ધારણ કરેલ છે. જ્યારે મહિષાસુરની સાથે દેવીનું યુદ્ધ થયું ત્યારે એ દેવીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું. મહિષાસુર ઘડીમાં મહિષ એટલે કે પાડો બનીને દેવોને યુદ્ધમાં ત્રાસ આપવા લાગ્યો ત્યારે દેવીએ તેનો નાશ કર્યો. એ સમયે દેવીના પ્રગટેલા રૂપની દેવોએ વિવિધ નામે સ્તુતિ કરી જેમાં એક નામ વારાહી છે. તંત્રોમાં મુખ્યત્વે અષ્ટશક્તિ નિર્ધારિત છે. (૧) બ્રાહ્મી, (૨) માહેશ્વરી (૩) કૌમારી (૪) વૈષ્ણવી (૫) વારાહી (૬) નારસિંહી (૭) એન્દ્રી અને (૮) યામુંડા. અણિમાદિ અષ્ટસિદ્ધિના રૂપથી એ વારાહી, ઇંદ્રાણી, વૈષ્ણવી, બ્રહ્માણી, કૌમારી, માહેશ્વરી, નારસિંહી અને ભૈરવી રૂપથી એ આઠ પ્રકારની છે. માતૃકારૂપથી એ સોળ પ્રકારની છે તેમાં પણ 'વારાહી' દેવી છે.

નેપાળનાં શક્તિપીઠોઃ

વિશ્વમાં એકમાત્ર હિંદુ દેશ તરીકે જેની ગણના થાય છે, તે નેપાળ દેશ સભ્યતા અને સંસ્કૃતિની દ્રષ્ટિએ હિંદુ ધર્મની ઉચ્ચ પ્રણાલિકાઓ જાળવી રાખતો દેશ છે. હિંદુઓનાં અનેક ઉચ્ચ તીર્થો નેપાળમાં છે, જે નેપાળ અને ભારતીયો માટે એકસરખાં શ્રદ્ધાકેન્દ્રો છે. નેપાળમાં બે શક્તિપીઠો છે, જેની સંક્ષિપ્ત વિગતો નીચે મુજબ છેઃ

(૪૧) ગંડકી : ભારતની પ્રાતઃ અને સ્નાન સ્મરણીય નદીઓમાં જેની ગણના થાય છે તેવી નદી ગંડકી નદીના ઉદ્‌ગમ સ્થાન ઉપર જ આ શક્તિકેન્દ્ર આવેલું છે. અહીં દેવીનું ડાબું કપાળ પડયું હતું. તેના નામ ઉપર જ નદી તથા સ્થળને આ નામ મળ્યું હોવાનો સંભવ કેટલાક વિદ્વાનો માને છે.

આ શક્તિપીઠની શક્તિ – દેવી સ્વયં 'ગંડકી' છે તથા તેના ભૈરવ 'ચક્રપાણિ' છે. આ મંદિર નેપાળી શૈલીમાં કાષ્ઠનું બનેલું છે. નેપાળની સ્થાનિક પ્રજા આ દેવીને ખૂબ શ્રદ્ધાથી પૂજે છે. ગબ્બરની પવિત્ર ભૂમિમાં વર્તુળ પૂરું થઈ રહ્યું છે, ત્યાં ગંડકી શક્તિપીઠ બનાવવામાં આવ્યું છે.

(૪૨) ગૃહેશ્વરી : નેપાળના પશુપતિનાથના પ્રસિદ્ધ મંદિરથી થોડે દૂર બાગમતી નદી વહે છે. તેની સામી દિશાએ ભગવતી ગૃહેશ્વરીનું સિદ્ધ શક્તિપીઠ આવેલું છે. આ નેપાળની અધિષ્ઠાત્રી દેવી છે. સમગ્ર નેપાળ આ ગુહ્યકાલિકાદેવીની અનન્ય ભક્તિથી વંદના કરે છે. નવરાત્રિમાં નેપાળના મહારાજા બાગમતી નદીમાં સ્નાન કરી, પવિત્ર બની ભગવતી ગુહ્યકાલિકાનાં દર્શન કરવા જાય છે. સમગ્ર નવરાત્રિ દરમ્યાન અહીં મહોત્સવ યોજાય છે. અહીંનું મંદિર ખૂબ વિશાળ અને ભવ્ય છે. મંદિરમાં એક છિદ્ર છે જેમાંથી એક ઝરણું નિરંતર પ્રવાહિત થતું રહે છે. અહીં સતીના પગના બન્ને ઘૂંટણ પડયાં હતાં. અહીંની શક્તિ 'મહામાયા' તથા ભૈરવ 'કપાલ' છે. 'મહામાયા' અંગે અનેક પ્રકારના ઉલ્લેખો દેવી ભાગવત અને અન્ય પુરાણ તેમજ વૈદિક સાહિત્યમાં મળી આવે છે. શ્રીમદ્ ભાગવતની સ્તુતિઓમાં માયાના અનિર્વચનીય સ્વરૂપનું પ્રતિપાદન થયું છે. માયા તો આદિ પુરુષની શક્તિભૂતા છે. જેના દ્વારા તેઓ જીવોની સૃષ્ટિ તથા પંચ ભૂતો દ્વારા જીવ-શરીરની રચના કરે છે. માયા માટે ભાગવતમાં વિભિન્ન પર્યાયોનો પ્રયોગ થયો છે. યોગમાયા, મહામાયા, માયાદેવી, અજા, વિષ્ણુમાયા, અવ્યક્ત ત્રિગુણ વગેરે. આ મહામાયાની ઉપાસના દ્વારા તેને જાણી શકાય તો પરમાર્થ તત્વને પ્રાપ્ત કરી શકાય.

રાજસ્થાનનાં શક્તિપીઠોઃ

વીરોની ભૂમિ રાજસ્થાનની આરાધ્ય દેવી પરામ્બિકા શક્તિ છે. જોકે એકલિંગજી અને ભગવાન હર હર મહાદેવ પણ રાજસ્થાનના ઘણા હિંદુઓના આઘદેવ છે. જેના કણ કણમાં શૌર્યની આગવી તાસીર છે, એવા રાજસ્થાનમાં દેવી શક્તિનાં ઘણાં મંદિરો આવેલાં છે તથા શક્તિપૂજા પણ થાય છે. આ પ્રદેશમાં દેવીનાં બે શક્તિપીઠો છે. તેની વિગત આ પ્રમાણે છેઃ

(૪૩) મણિવેદિકઃ સમગ્ર ભારતવર્ષમાં પ્રસિદ્ધ પુષ્કર તીર્થમાં પુષ્કર સરોવરની પાસે એક તરફ પર્વતની ટોચ ઉપર સાવિત્રી દેવીનું મંદિર છે. તેમાં સાવિત્રી દેવીની તેજોમય પ્રતિમા છે. બીજી બાજુ બીજા પહાડની ટોચ પર ગાયત્રી મંદિર છે. આ ગાયત્રી મંદિર જ શક્તિપીઠ છે. અહીં સતીના હાથના મણિબંધ – એટલે કે કાંડાં પડયાં હતાં. અહીંની શક્તિ 'ગાયત્રી' અને ભૈરવ 'શર્વાનંદ' છે.

ઋષિ વિશ્વામિત્રે પ્રણવમાંથી શક્તિને પ્રાપ્ત કરી તે ગાયત્રી. ભગવાન કૃષ્ણે અર્જુનને કહ્યું કે – છંદોમાં ગાયત્રી હું છું. રાજસ્થાનના લોકજીવનમાં આ મંદિરનું મહત્વ છે.

(૪૪) વિરાટ : જયપુરથી લગભગ ૬૪ કિલોમીટર દૂર વિરાટ નામનું એક ગામ આવેલું છે. પાંડવોએ જ્યાં એક વર્ષ અજ્ઞાતવાસ કર્યો હતો તે આ ગામ છે તેવી લોકમાન્યતા છે. આ સ્થળે મહાભારતકાલીન વિરાટ નગરનાં જૂનાં ખંડેરો છે. તેની પાસે એક ગુફા છે, જે ભીમનું નિવાસસ્થાન હતું તેમ કહેવાય છે.

બીજા પાંડવોની પણ અહીં ગુફાઓ આવેલી છે. જયપુર તથા અલવર બન્ને જગ્યાએથી અહીં આવવા માટે સડક માર્ગ છે. આ ગામમાં શક્તિપીઠ આવેલું છે. અહીં દેવીના દેહના જમણા પગની આંગળીઓ પડી હતી. અહીંની શક્તિ 'અંબિકા અને ભૈરવ 'અમૃત' છે. અંબિકાની અહીં જે પ્રતિમા છે તે મહિષાસુરનું મર્દન કર્યું તે વર્ણનવાળી છે. અનેક ભૂજાઓવાળી દેવીએ હાથમાં શૂળ, ખડગ, શક્તિ, ચક્ર, પાશ, પેટ, આયુધ, અભય અને ડમરું ધારણ કરેલ છે. તેમણે હાથમાં શસ્ત્રો ઉઠાવેલાં છે. મહિષાસુરના ગળામાં ખૂબ કસીને પાશ બાંધેલો છે. દેવીનો જમણો પગ સિંહ પર અને ડાબો પગ મહિષાસુર પર છે. મહિષાસુરના કંઠમાંથી પ્રગટ શસ્ત્રધારી પુરુષના વાળને તે દેવીએ મુઠ્ઠીમાં પકડી રાખ્યા છે. આ આલીઢા આકૃતિ કહેવાય. એટલે કે જમણો પગ આગળ કરી, ડાબો પગ વાળીને તેના પર ઊભાં કે બેઠાં હોય તે પ્રકારની આ પ્રતિમા છે.

કાશ્મીરના શક્તિપીઠોઃ

(૪૫) હિમ શક્તિપીઠ : ભારતભરના તીર્થસ્થાનોમાં સૌથી કઠિન ગણાતી યાત્રાઓ પૈકી જેની ગણના થાય છે તેવી એક યાત્રા અમરનાથની છે. જ્યાં સ્વયં બરફમાંથી શિવલિંગ બને તેવી અમરનાથની ગુફાની પાસે હિમશક્તિપીઠ આવેલું છે. જેવી રીતે શિવલિંગ બને છે, તે જ રીતે હિમનું શક્તિલિંગ બને છે. તેવી જ રીતે ગણેશપીઠ તથા શક્તિપીઠ પણ બરફમાંથી બને છે. કેનોપનિષદમાં ઉમા હેમવતી (બરફની) અંગે એક કથા છે.

બ્રહ્મના મહિમાથી મહિમાવંત બનેલા દેવતાઓ ગર્વિષ્ઠ બની અહંકારમાં રાચવા લાગ્યા. આદ્ય શક્તિના અનુપમ ઐશ્વર્યને તેઓ પોતાનું ઐશ્વર્ય માનવા લાગ્યા. આથી 'બ્રહ્મ' આ દેવતાઓ સમક્ષ યક્ષ રૂપે પ્રગટ થયું. દેવો આ યક્ષ કોણ છે તે સમજી શક્યા નહીં. દેવોએ અગ્નિને કહ્યું 'હે અગ્નિ, તમે તપાસ કરો. આ યક્ષ કોણ છે?' અગ્નિદેવ યક્ષ પાસે પાસે ગયા. યક્ષે અગ્નિદેવને પૂછ્યું

'તમે કોણ છો?'

'હું અગ્નિ છું'

'તમારું સામર્થ્ય શું છે ? ' યક્ષે પૂછ્યું.

'હું આ પૃથ્વી પર જે કાંઈ અસ્તિત્વ ધરાવે છે તેને બાળી શકું છું.' અગ્નિદેવે કહ્યું. યક્ષે એક તણખલું અગ્નિને આપીને કહ્યું 'લો, આને બાળી નાખો.'

પણ અગ્નિદેવના પ્રયત્નથી તે તણખલું બળ્યું જ નહીં! અગ્નિદેવ આશ્ચર્ય પામી દેવો સમક્ષ આવ્યા. અને કહ્યું કે - 'આ યક્ષને હું ઓળખી શક્યો નહીં કે તે કોણ છે.'

ત્યાર પછી દેવોએ વાસુદેવને મોકલ્યા. તે વખતે એવી ઘટના બની કે યક્ષ અંતર્ધાન થઈ ગયા અને એક લાવણ્યયુકત, જાજવલ્યમાન અને જેનું દેવાંશી રૂપ છે એવી સ્વરૂપવાન સ્ત્રી પ્રગટ થઈ! આ સ્ત્રી હતાં ઉમા હેમવતી! બરફના બનેલા આ ઉમા હેમવતી બ્રહ્મની શક્તિનું સાક્ષાત સ્વરૂપ હતાં. આ કથા દ્વારા ઋષિમુનિઓએ ઉમા - હેમવતીના રૂપમાં શક્તિ તત્વનું ઐશ્વર્ય ગાયું છે અને શક્તિને પરાશક્તિની ઉપમા આપી છે.

આ પાર્વતીપીઠ એ જ શકિતપીઠ છે. શ્રાવણ મહિનાની પૂર્ણિમાને દિવસે અમરનાથનાં દર્શનની સાથે સાથે આ શકિતપીઠ પણ દેખાય છે. અહીં દેવીના દેહના ગળાનો ભાગ પડયો હતો. તેની શક્તિ 'મહામાયા' અને ભૈરવ 'વિસયેશ્વર' છે.

દેવી મહામાયા છે, તે શક્તિ છે. જે દેવોને કાર્યરત કરે છે. તેની કૃપાથી વિષ્ણુ કાર્યરત થાય છે. બીજી બાજુ તેને મોહ પમાડનારી તામસી પણ કહી છે. તેણે અસુરોને મોહ પમાડયા આમ તે ભ્રાંતિ અને સર્જન બન્ને કરતી હોવાથી તેને 'મહામાયા' કહેવાય છે. મહામાયા પ્રસન્ન થઈને વર આપનારી છે. મહામાયા ત્રણ રૂપ ધારણ કરે છે. મહાકાલી- તામસી, મહાલક્ષ્મી-રાજસી, મહાસરસ્વતી સાત્વિક. शिव : शक्त्या युक्तो यदि भवति शक्त प्रभावितुम। શિવતત્વ પણ શક્તિથી યુક્ત થઈને વિશ્વરૂપે પ્રકાશે છે. તેનું સામંજસ્ય આ શક્તિપીઠમાં સધાયું છે. એક તરફ ભગવાન શિવનું સ્વયંભૂ લિંગ અને બીજી તરફ પર્વતમાંથી જન્મેલી પાર્વતીજીનું પાર્વતીપીઠ...... અમરનાથનું હિમ પાર્વતીપીઠ ગબ્બરમાં ૪૫મા ક્રમે છે.

(૪૬) હિંગોલા - હિંગળાજઃ પાકિસ્તાનના બલુચિસ્તાન પ્રાંતમાં હિંગળાજ નામનું એક પવિત્ર સ્થાન છે. જ્યારે અખંડ ભારત હતું ત્યારે હિંગળાજ શક્તિપીઠનું આગવું મહત્વ હતું. અત્યારે પણ ભારત અને ગુજરાતમાં ઘણીબધી જ્ઞાતિઓની કુળદેવી હિંગળાજ માતા છે. હિંગળાજ માતાનું સ્થાન કરાંચીથી ૧૪૪ કિલોમીટર દૂર ઉત્તર-પશ્ચિમ દિશામાં હિંગોસ નદીના તટ ઉપર છે. કરાંચીથી ફારસની ખાડી તરફ જતાં મકરાણ સુધી જળમાર્ગ તથા આગળ પગપાળા રસ્તે સાતમા મુકામ પર ચંદ્રકૂપ છે. અહીં આગ ઓકતું સરોવર છે. રણની ધગધગતી રેતી વચ્ચે આવેલ આ સરોવરનું પાણી ગરમ ઝરાઓ જેવું છે. હિંગળાજ જવા માટે મોટાભાગનો રસ્તો રણમાંથી પસાર કરવો પડે છે. જે ખૂબ કઠિન છે.

સાતમા મુકામે આવતા ચંદ્રપ પર પ્રત્યેક યાત્રીએ પોતાના પ્રચ્છન્ન પાપોને જોર-શોરથી કહીને ક્ષમા માંગવી પડે છે. જે કદાચ ઈસ્લામી પરંપરાની પણ સૂચક છે. આ પાપોની કબૂલાત પછી ફરી પાપ નહીં કરવાના સોગંધ લેવા પડે છે. આગળ તેરમા મુકામ પર દેવી હિંગળાજ છે. અહીં એક ગુફામાં અંદર હિંગળાજ દેવીનું સ્થાન છે, જ્યાં શક્તિરૂપ જ્યોતિનાં દર્શન થાય છે. ગુફા એટલી સાંકડી છે કે પશુની જેમ ચાર પગે વાંકા વળીને જવું પડે છે. અહીં સતીનું 'બ્રહ્મરા' પડયું હતું. અહીંની શક્તિ 'કોટરી' તથા ભૈરવ 'ભીમલોચન' છે.

પુરાણોમાં હિંગળાજ પીઠનો ખૂબ મહિમા વર્ણવ્યો છે. શ્રીમદ્ દેવીભાગવત મહાપુરાણમાં વર્ણન છે કે હિમાલયે દેવીને પૂછ્યું કે આપનાં પ્રિય સ્થાનો કયાં છે ? તો દેવીએ રણમાં આવેલ હિંગળાજને પણ પોતાનું મહાસ્થાન બતાવ્યું हिंगोलाया महास्थानाम।

બ્રહ્મવૈવર્ત પુરાણમાં કહ્યું છે કે આસો માસમાં અજવાળી આઠમે હિંગળાજ સ્થાને શ્રીદુર્ગાજીની પ્રતિમાનાં દર્શન, પૂજન અને ઉપવાસ કરવાથી પુનર્જન્મનાં કષ્ટો નિવારી શકાય છે.

(૪૭) જયંતીઃ ભારતના પૂર્વ ભાગમાં આવેલું મેઘાલય પહાડી રાજ્ય છે. અહીં ગારો, ખાસી અને જયંતીયા જેવા અનેક પહાડો આવેલા છે. અહીં આવેલ જયંતી પહાડને જ શક્તિપીઠ માનવામાં આવે છે.

અહીં સતીના દેહની ડાબી જાંઘ પડી હતી. આ શક્તિપીઠ શિલોંગથી લગભગ ૫૩ કિલોમીટર દૂર જયંતિયા નામના પર્વત પર વાઉરભાણ ગામમાં આવેલું છે. અહીંની શક્તિ 'જયંતી' તથા ભૈરવ 'ક્રમદીશ્વર' છે. અહીંની પ્રજા જયંતી માતા પ્રત્યે ખૂબ શ્રદ્ધા ધરાવે છે.

ગબ્બરક્ષેત્રમાં જમણા ક્રમે ચોથા નંબરે આવેલ આ શક્તિપીઠનું મંદિર સુડતાલીસમા ક્રમનું શક્તિપીઠ છે.



(૪૮) શ્રીલંકા : શ્રીલંકા રાવણની સુવર્ણ નગરી. જ્યાં અયોધ્યાના સૂર્યવંશી પ્રતાપી રાજા રામે પોતાની પત્ની સીતાને પરત મેળવવા માટે યુદ્ધ કર્યું અને ભારતવર્ષને રામાયણ જેવો મહાગ્રંથ પ્રાપ્ત થયો.

શ્રીલંકા એક મહાદ્વીપ છે. સમુદ્રને કારણે વર્ષોથી પોતાનું અખંડ અસ્તિત્વ જાળવી રાખનાર શ્રીલંકામાં હિંદુ સંસ્કૃતિ અને હિંદુ ધર્મનું પ્રાબલ્ય છે. બૌદ્ધ ધર્મના પ્રચાર-પ્રસાર પછી પણ ત્યાં હિંદુ સંસ્કૃતિ જળવાયેલી છે. અહીં શક્તિપીઠ આવેલું છે. અહીંની શક્તિ 'ઇન્દ્રક્ષી' અને ભૈરવ 'રાક્ષસેશ્વર' છે.

(૪૯) આસામનું કામરૂપ-કામાખ્યા શક્તિપીઠઃ તેષુ શ્રેષ્ઠતમ: પીઠઃ।

તે સર્વશ્રેષ્ઠ શક્તિપીઠ છે, એવું કાલિકાપુરાણ અને દેવી મહાભાગવતમાં જેના વિષે કહેવાયું છે તે કામાખ્યા શક્તિપીઠ આસામમાં આવેલું છે.

એકાવન શક્તિપીઠોમાં સર્વોત્તમ શક્તિપીઠ એવું કામરૂપ ગુવાહાટીના કામગિરિ પર્વત પર આવેલું છે. અહીં ભગવતી આદ્યશક્તિ કામાખ્યાદેવીનું પાવન મંદિર આવેલું છે. લૌકિક માન્યતા પ્રમાણે કામદેશ તાંત્રિક વિદ્યા માટેનો પ્રદેશ ગણાય છે. કામદેશની સ્ત્રીઓ જાદુ, તંત્ર, મંત્ર જાણે. એવી ઘણી જનશ્રુતિઓ ચાલે છે. આસામમાં આવેલા આ શક્તિપીઠમાં જવા માટે પૂર્વોત્તર રેલ્વેથી અમીન ગામે જવું પડે છે. આગળ બ્રહ્મપુત્ર નદીને સ્ટીમરથી પાર કરી લગભગ પાંચ કિલોમીટર દૂર સડક માર્ગે કામાક્ષીદેવીના મંદિર સુધી પહોંચી શકાય છે. પાંડુથી રેલ્વે દ્વારા ગુવાહાટી જઈને પણ કામાક્ષીદેવી પહોંચી શકાય છે.

કામાક્ષીદેવીનું મંદિર પહાડી ઉપર છે, જે લગભગ બે કિલોમીટર જેટલી ઊંચાઈ પર હશે તેમ માનવામાં આવે છે. આ પહાડીને નીલપર્વત કહે છે. ચિન્મયી આદ્યશક્તિનું આ પીઠ પ્રાકૃતિક સંપદાથી સુસજ્જ છે. આકાશને સ્પર્શતા પહાડો વાદળના ઘટાટોપ સમૂહો જેના પાવન સ્પર્શ માટે નીચે આવે છે, તેવા આ પીઠની શક્તિ 'કામાખ્યા' છે તથા ભૈરવ 'ઉમાનંદ' છે. પૌરાણિક માન્યતા પ્રમાણે દેવીદેહનો યોનિભાગ અહીં પડવાથી આને 'યોનિપીઠ' કહેવામાં આવે છે.

નરકાસુર-પથના વિષયમાં પુરાણોમાં એક કથા આવે છે કે - ત્રેતાયુગમાં વરાહપુત્ર નરકને ભગવાન નારાયણ દ્વારા કામરૂપ રાજ્યમાં રાજાનું પદ એ શરતે આપવામાં આવ્યું કે - કામાખ્યા આદ્યશક્તિ છે. તેથી તેના પ્રત્યે સદૈવ ભક્તિભાવ બનાવી રાખવો. નરકે પણ નારાયણના આ નિર્દેશનું પાલન કરીને સુખરૂપ રાજ્ય કરવા લાગ્યો. પરંતુ એ પછી બાણાસુર નામના એક દાનવના પ્રભાવમાં આવી તે દેવદ્રોહી અસુર બની ગયો. એ પછી એ અસુર નરકે કામાખ્યાદેવીના રૂપ લાવણ્ય ઉપર મુગ્ધ બની તેમની સામે વિવાહનો અત્યંત અનુચિત અને આત્મઘાતી પ્રસ્તાવ રાખ્યો. દેવીએ ઉત્તર આપ્યો કે એક રાતમાં તું આ ધામનો રસ્તો, ઘાટ અને મંદિર તૈયાર કરી દે તો હું તારી સાથે લગ્ન કરીશ. નરકે દેવશિલ્પી વિશ્વકર્માને આ કાર્ય તત્કાલ પૂર્ણ કરવા માટે આદેશ આપ્યો. જેવું નિર્માણકાર્ય પૂર્ણ થવામાં હતું, ત્યાં જ દેવીના ચમત્કારથી રાત્રિ-સમાપ્ત થાય તે પહેલાં જ કૂકડાએ પ્રાતઃકાલ થવાનો સૂચક 'કૂકડેકૂ' પોકારવાનું શરૂ કર્યું. એટલે વિવાહની શરત પૂરી ન થઈ શકી. નર્કાસુર દ્વારા નિર્મિત તે નરક - પથ આજે પણ વિદ્યમાન છે.

મુખ્ય મંદિર જ્યાં મહાશક્તિ મહામુદ્રામાં શોભાયમાન છે, તેને કામદેવ મંદિર નામથી પણ ઓળખવામાં આવે છે. મંદિરના સંબંધમાં નરકાસુરનું નામ ક્યાંય સાંભળવામાં આવતું નથી. કહેવામાં આવે છે કે નરકાસુરના અત્યાચારોથી માતા કામાખ્યાના દર્શનમાં મુશ્કેલી ઊભી થવા લાગી, એટલે મહામુનિ વિશેષે ક્રોધિત બનીને શ્રાપ આપ્યો. પરિણામ સ્વરૂપ આ કામાખ્યા લુપ્ત થઈ ગયું. પરંતુ ઇસવીસનની સોળમી સદીમાં રાજા વિશ્વસિંહે ભગવતીના સુવર્ણ મંદિરનું નિમાર્ણ કરાવ્યું. થોડા દિવસ પછી કાલા પહાડે આ મંદિરને ધ્વસ્ત કરી દીધું. તો પણ સૌભાગ્યની વાત છે કે રાજા વિશ્વસિંહના પુત્ર નરનારાયણ (ભલ્લદેવ) અને તેના નાનાભાઈ શુકલધ્વજે વર્તમાન મંદિર બનાવ્યું છે. મંદિરમાં શિલાલેખમાં આ બધું નોંધાયેલ છે. પર્વતીયા ગોંસાઈ આજકાલ આ શક્તિપીઠની પૂજા ઉપાસના કરે છે. નીચે મંદિર સુધી જવા માટે સીડીઓ બનેલી છે. આવવા જવાના માર્ગો અલગ-અલગ બનેલા છે. મહાપીઠની પ્રચલિત પૂજા વ્યવસ્થા આહોમ રાજાઓની દેન છે.

કાલિકાપુરાણ પ્રમાણે સતીની જ્યાં યોનિ પડી છે તેવાં આ તીર્થમાં એક અંધારી ગુફામાં-ભીતરમાં યોનિનું પ્રતીક છે. આને વિષે એક એવી માન્યતા છે કે ભગવતી પ્રતિમાસ રજસ્વલા થાય છે. એ સમયે પુરોહિતો, બ્રાહ્મણો, શુદ્ધ વસ્ત્ર ભગવતીના યોનિસ્થ રજથી રંગી લે છે અને તેને યાત્રિકોને પ્રસાદ સ્વરૂપે આપે છે. યાત્રિકોએ અહીં પંડ્યા લોકોને ત્યાં ઉતરવું પડે છે. અહીંથી સોળ માઈલ દૂર કામરૂપ સ્થાન છે, જ્યાંની નારીઓ સંબંધી અનેકાનેક ઐન્દ્રજાલિક વાતો પ્રસિદ્ધ છે. કામાક્ષી પીઠમાં કુમારિકાઓને ભોજન કરાવવાનો મહિમા છે.

(૫૦) ત્રિપુરાનું ત્રિપુરસુંદરી શક્તિપીઠઃ જે દેવીના નામ ઉપર રાજ્યનું નામ પડયું છે, તે દેવી ત્રિપુરાસુંદરી આગવું શક્તિપીઠ છે. ભારતની પૂર્વ દિશાએ આવેલા ત્રિપુરામાં ભગવતી રાજરાજેશ્વરી ત્રિપુરસુંદરીનું ભવ્ય મંદિર આવેલું છે. આ રાજ્યના રાધાકિશોરપુર ગામથી લગભગ ત્રણ કિલોમીટર દૂર નૈઋત્ય ખૂણામાં પર્વત પર આ શક્તિપીઠ આવેલું છે. અહીં દેવીના દેહનો જમણો પગ પડયો હતો. અહીંની શક્તિ 'ત્રિપુરસુંદરી' તથા ભૈરવ 'ત્રિપુરેશી' છે.

ત્રિપુરા એટલે જગતની ઉત્પત્તિ કરવાની ઇચ્છા શક્તિ. તેનું બીજું નામ શ્રીવિદ્યા છે. આરણ્યક ઉપનિષદમાં જણાવ્યું છે કે - શક્તિ સ્ફૂરણવાળા બ્રહ્મચૈતન્યનું નામ શિવ છે. શક્તિના પ્રતીકને ત્રૈપુરધામ કહે છે. જેમ શિવનું પ્રતિક લિંગ સ્વરૂપ છે, વિષ્ણુનું પ્રતિક શાલિગ્રામ છે, તેમ શક્તિનું પ્રતિક સબિંદુ ત્રિકોણ આકૃતિ છે. સબિંદુ ત્રિકોણની અધિષ્ઠાત્રી દેવીને ત્રિપુરા કહે છે.

શક્તિ તત્વને પ્રકૃતિ, માયા, ગુણ વગેરે શબ્દોથી ઓળખાવી છે. જગત ત્રિગુણમયી માયાનો જ વિકાર છે. આ ત્રણ ગુણ સત્વ, રજસ અને તમસ. આ ત્રણ ગુણોનું ત્રિકોણ દેવીનું સગુણાત્મક સ્વરૂપ છે. ત્રિપુરસુંદરી પૂજન સ્તોત્રમાં ત્રિપુરસુંદરી વિષે જણાવ્યું છે કે 'બ્રાહ્મણોનો દ્વેષ કરનાર હિંસક એવા ત્રિપુરનિવાસી અસુરને હણવા હું રૂદ્રનું ધનુષ્ય વિસ્તારું છું. હું યુદ્ધ કરું છું અને હું જ ધુલોકોમાં અને પૃથ્વીલોકમાં પ્રવેશું છું.'

તંત્રગ્રંથમાં ત્રિપુરસુંદરીની સ્તુતિઓ છે. જેમાં પ્રપંચસારમાં ત્રિપુરસુંદરીની વિશિષ્ટ શક્તિઓ વિષે જણાવ્યું છે. સંસ્કૃત સ્તોત્ર સંગ્રહમાં દેવી સ્તોત્રોમાં ત્રિપુરસુંદરી વિષે ઘણાં સ્તોત્રો મળે છે.-જેમકે શ્રી ત્રિપુરસુંદરી ચક્ર રાજસ્તવ (૨) શ્રી ત્રિપુર સુન્દર્યપરાધક્ષમાપન સ્તવઃ (૩) શ્રી ત્રિપુરસુન્દરી પ્રાત સ્મરણસ્તોત્રમ્ (૪) શ્રી ત્રિપુરસુંદરી-પુષ્પાંજલિ સ્તવ (૫) શ્રી સત્યાનંદનાથનું શ્રી ત્રિપુરસુંદરી માનસ પૂજા સ્તોત્રમ્ (૬) શ્રી ત્રિપુરસુંદરી વિજયસ્તવઃ (૭) શ્રી ત્રિપુરસુંદરી વેદ સારસ્વતઃ (૮) શ્રી ત્રિપુરસુંદરી સાંનિધ્યસ્તવઃ (૯) શ્રી ત્રિપુરસુંદરી ષોડશોપચારપૂજા સ્તોત્રમ. આ બધાં સ્તોત્રો દ્વારા શ્રી ત્રિપુરસુંદરીનું આગવું મહત્વ છે, તે પ્રતિપાદિત થાય છે. ગબ્બરના પવિત્ર ક્ષેત્રે ડાબી બાજુથી શરૂ થયેલ પરિક્રમા જ્યાં જમણી બાજુ પૂર્ણ થાય છે, ત્યાં આવેલ આ શક્તિપીઠ પચાસમું શક્તિપીઠ છે. અંબાજી શક્તિપીઠ વિષે થોડીક ઝલક અહીં રજૂ કરીએ છીએ.



(૫૧) ગબ્બર-અંબાજી શકિતપીઠઃ સતીના દેહના ટુકડાઓ ગોઠવાતા ગયા... એક આખો દેહ પૂર્વવત્ બન્યો.... તેમાં હૃદય તો વચ્ચે જ હોય ને? અંબાજી શક્તિપીઠમાં સતીના દેહના હૃદયનો ભાગ પડયો હતો....

પૌરાણિક ધાર્મિક ઈતિહાસનું એ સત્ય દ્રશ્યમાન થાય છે. એકાવન શકિતપીઠની આગવી સંરચના રૂપે ગોળ પરિક્રમારૂપ પચાસ શકિતપીઠોની વચ્ચે આવેલું ગબ્બર શકિતપીઠ હૃદયની જેમ ધબકે છે... ભુલાયેલા ઈતિહાસની કડીને જોડે છે... બંધ થયેલા પૃષ્ઠથી જાણે એક નવો અધ્યાય લખાય છે.

અરવલ્લીનો પહાડ વિશ્વનો સૌથી જૂનો પહાડ છે. તો તેમાં આવેલા પહાડો લોકબોલી પ્રમાણે અને તેની આગવી ગાથા પ્રમાણે જુદાં જુદાં નામ ધારણ કરે છે. આ પૈકીના એક પર્વતને આરાસુરનો પર્વત કહેવાય છે. આરાસુર નામ પ્રાચીન નામ છે. આનર્ત નામે ઓળખાતા આ પ્રદેશમાં નાગ લોકો વસતા હતા. નાગ લોકો જગદંબાને માનતા હતા. એ પછી આર્યો આવ્યા, તેઓ પણ દૈવી શક્તિને સ્વીકારતા હતા. અહીં આવેલા શિખરોને 'આર્ય શિખર' તરીકે ઓળખાતું હતું. જે કાળક્રમે અપભ્રંશ થઈને લોકબોલીમાં 'આરાસુર' બન્યું.

આરાસુર પર્વત ઉપર આવેલ આ વિસ્તારમાં ગબ્બર ગઢ હતો, તેવી માન્યતા છે. નગરઠઠ્ઠામાં રહેતા પરમારના વંશજ દામોદરના કુંવરે નગરઠઠ્ઠાથી આવીને અહીં રાજધાની કરી અને ગબ્બર ઉપર માતાજીની સ્થાપના કરી હતી.

ગબ્બર ઉપર માતાજીનો નિવાસ હતો તેવી જનશ્રુતિ લોકોમાં ચાલે છે. તે મુજબ એક ગોવાળની સાથે રોજ એક ગાય ચરવા આવતી હતી. અજાણી ગાય પાછળ ગોવાળ ગયો તો એ ગબ્બરગઢમાં ગઈ. ત્યાં માતાજી હીંડોળે હીંચતાં હતાં. તેણે તેમની પાસે બાર વર્ષ સુધી ગાય ચરાવવાની ચરાઈ માગી. માતાજીએ જવના દાણ આપ્યા. ગુસ્સે થયેલા ગોવાળે જવના દાણા મહેલની બહાર આવીને ફેંકી દીધા. ઘેર આવીને પછેડીમાં જોતાં ચોંટી રહેલો જુવારનો દાણો સોનાનો બની ગયેલો. બીજે દિવસે એ ગાય ના આવી. ગોવાળ એ મહેલ જોવા ગબ્બરમાં ફર્યો. માતાજીનો મહેલ ના મળ્યો. પણ એ પછી ગબ્બરની ટૂંક ઉપર તેણે માતાજીની પ્રાર્થના કરીને ત્યાં નાનકડી દેરી બનાવી.

ગબ્બરગઢ અંબાજીની પશ્ચિમે ચાર કિલોમીટર દૂર આવેલ છેઃ જે અંબાજીનું આદ્ય સ્થાનક ગણાય છે. તેના ઉપર ચડવા માટે પગથિયાં બનાવેલાં છે. ચોતરફ પ્રદક્ષિણા કરી શકાય તે રીતે પગથિયાં આવેલાં છે. ત્યાં ગુરૂનું દ્વાર આવેલું છે તેમ મનાય છે. હીંડોળાનો હોય તેવો કિચૂડ કિચૂડ અવાજ જાણે આજેય સંભળાતો હોય તેવું લોકો માને છે.

ગબ્બર ઉપર આવેલ માતાજીના મંદિરમાં વર્ષોથી અખંડદીપ પ્રજવળ્યા કરે છે, જે અંબાજી મંદિરના પ્રાંગણમાંથી સ્પષ્ટ દેખી શકાય છે. ગબ્બર – અને અંબાજી મંદિરમાં એકસાથે આરતી થાય છે.

આરાસુર ડુંગર અરવલ્લીના વિવિધ ડુંગરોની હારમાળામાં ૪૮૦ મીટરની ઊંચાઈએ આવેલ છે. તે લગભગ પાંચસો માઈલનો વિસ્તાર ધરાવે છે. અહીં માતાજીની નાનકડી પ્રતિમા આવેલી છે.

આરાસુર પર્વત શ્વેત હોવાને કારણે શ્રી અંબાજીને 'ધોળા ગઢવાળી માતા' કહેવામાં આવે છે. ભગવતી અંબાનું મંદિર આરસનું છે.

***સંદર્ભ : શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજી**



ઈતિહાસનું આરાસણ નગર અને વર્તમાન અંબાજી

- મૃત્યુંજયસિંહ પઢીયાર



માં અંબાનું મંદિર મુખ્ય સ્થાને હોઈ આ નગરનું નામ અંબાજી એવું પડ્યું છે પરંતુ પ્રાચીન કાળમાં અંબાજીને આરસણ નગર કહેવાતું હતું. અહીંની જમીનમાંથી આરસ નીકળતો હોઈ આરાસણ નગર અથવા આરાસુર એવું નામ પડ્યું હોઈ શકે. વર્તમાન અંબાજી ગામનું અર્થતંત્ર મુખ્યત્વે અંબાજી મંદિર પર તથા માર્બલ ઉદ્યોગ પર આધારિત છે.

આરાસણ નગર વિશેનો ઉલ્લેખ અંબાજીમાં આવેલા કુંભારિયાનાં જૈન દેરાસરમાંથી પ્રાપ્ત થાય છે. સત્તરમાં સૈકામાં સુધી આ ગામ આરાસણ નગર તરીકે ઓળખાતું હતું. ભીમદેવ સોલંકીના મંત્રી વિમલ શાહ દ્વારા નિર્મિત ભવ્ય જિનાલયો અગિયારમી સદીમાં અહીં હયાત હતા તેથી અનુમાન લગાવી શકાય કે એક કાળે અંબાજી એ મોટું નગર તથા વેપાર મથક હશે. કુંભારિયાના દેરામાંનો સૌથી જૂનામાં જૂનો શિલાલેખ ઈ.સ. ૧૦૩૧નો છે, જેમાં આરાસણ નગર ભીમદેવ સોલંકીને આધીન હોવાનું જણાય છે. ખરતર ગચ્છ પટ્ટાવલીમાં વિમલ શાહે આરાસણ નગરમાં અંબિકાનું મંદિર બનાવ્યાનો ઉલ્લેખ છે. વિમલ શાહ ચંદ્રાવતી શહેરના દંડનાયક હતા. ત્યાંના પરમાર રાજવીઓ પર નિયંત્રણ કરવા ભીમદેવ સોલંકીએ તેમને ત્યાં નીમ્યા હતા. . પાલનપુર-આબુરોડ હાઈવે પર સ્થિત ચંદ્રાવતીના ભગ્ન અવશેષો આજે પણ તેની ભવ્યતાની ગવાહી પૂરે છે. કુંભારિયાનાં જૈન મંદિરોમાં નેમિનાથ અને મહાવીર સ્વામીના દેરાસરોમાં અંબાજી માતાની મૂર્તિઓ છે, જે પરથી અંબાજીનું મંદિર ૧૧મી સદીનું હોવાનું અંદાજ લગાવવો આસાન છે. ઉપરાંત વિમલ શાહે આબુના દેલવાડાના દેરામાં પધરાવેલી અંબાજી માતાની મૂર્તિ આજે પણ હયાત છે.

સિધ્ધરાજ જયસિંહ કે, જે ગુજરાતનો પ્રતાપી રાજવી હતો, તેણે અંબાજી માતાની પલ્લી ભરી હતી. પાટણનો રાજા કુમારપાળ જ્યારે સિદ્ધરાજના પ્રકોપથી બચવા જંગલોમાં ભટકતો હતો ત્યારે એક સાંજે તે અંબાજીના મંદિરમાં આવીને બેઠો. અંબાજીના મંદિરમાં કુમારપાળના માથા પર એક દેવ ચકલી આવીને બેસી ગઈ, ત્યારે ભટ્ટજી મહારાજે કુમારપાળને કહ્યું હતું કે, "તું ગુજરાતનો રાજા બનીશ". કુમારપાળને પણ આ સાંભળીને આશ્ચર્ય થયું હતું પણ ભટ્ટજીની આગમવાણી સાચી પડી, કુમારપાળ રાજા બન્યા.

વર્તમાન અંબાજી એ ગ્રામ પંચાયત દ્વારા સંચાલિત માંડ બારેક હજારની વસ્તી ધરાવતું ગામ છે પરંતુ ૧૧મી સદી થી લઈ ૧૫મી સદી સુધી અંબાજી એક સમૃદ્ધ નગર અને વેપારી મથક હતું. તેની ગવાહી પૂરે છે, પાલનપુર-આબુરોડ હાઈવે પર સ્થિત ચંદ્રાવતી તથા અંબાજીથી દક્ષિણમાં દાંતા તાલુકાની હદમાં આવેલ ગઢ-મહુડી તથા કાંટીવાસ ખાતેના તરસંગ નગરના ભગ્ન અવશેષો જેને જોયા પછી તમે પણ માનશો કે, આ અંબાજી ધામ પ્રાચીન સમયમાં પણ આજના જેવું જ સમૃદ્ધ હતું. એક વર્ષ પૂર્વે અંબાજીથી ૨૦ કિલોમીટર નૈઋત્યમાં વસી ગામમાં ચામુંડા માતાના મંદિર પાસેથી એક ટેકરાનુ ખોદકામ કરતાં ભવ્ય જૈન મંદિર મળી આવ્યું તથા ત્યાંથી મળેલી તીર્થંકરોની પૂર્ણ કદની મૂર્તિઓને વડોદરા મ્યુઝિયમ મોકલવામાં આવી છે.

અંબાજીમાં વર્તમાન સમયમાં માર્બલ ઉદ્યોગ વિકસ્યો છે. પરંતુ એ જાણીને આશ્ચર્ય થશે કે, અંબાજીમાં માર્બલ ઉદ્યોગ સોલંકી કાળથી અસ્તિત્વ ધરાવે છે. માઉન્ટ આબુના દેલવાડાના દેરાનું નિર્માણ અંબાજીના આરસથી થયું છે. તે સમયે હાથીની પાછળ આરસના બ્લોક મજબૂત રસ્તાથી બાંધીને આબુ પર્વત પર ચડાવવામાં આવ્યા હતા.

અંબાજી એ મુખ્યત્વે આદિવાસી વસ્તીની બહુલતા ધરાવતા દાંતા તાલુકાનું એક ગામ છે, જેના રહેવાસીઓ મુખ્યત્વે રાજસ્થાનથી આવેલા મારવાડી, અગ્રવાલ તથા અન્ય વેપારી કોમો છે. પ્રસાદ, હોટેલ બિઝનેસ, પ્રવાસન, મૂર્તિ ઉદ્યોગ, માર્બલ ઉદ્યોગ અહીંના અર્થતંત્રની ધુરા સમાન છે. અંબાજીનું વર્તમાન સ્વરૂપ આધુનિકતાની સાથે કદમતાલ મિલાવી રહ્યું છે. અંબાજી ગામ વર્તમાન સમયમાં પૂર્વથી પશ્ચિમ અને દક્ષિણ તરફ વધારે વિસ્તાર પામ્યું છે કારણ કે, ઉત્તર તરફના ભાગે પહાડો અને જંગલો વિશેષ હોઈ માનવ ચહલ-પહલ ઓછી છે. અંબાજી તેની ખાણીપીણી માટે પણ એટલું જ પ્રખ્યાત છે. જોષીનાં ગોટા, બધાજીના પકોડા, પાયલની પાંવભાજીની સાથે સાથે અંબાજી તેના પાલક પકોડા માટે પણ આજકાલ વખણાવા લાગ્યું છે. સમુદ્ર સપાટીથી ૪૦૦ મીટરની ઊંચાઈએ હોવાના કારણે અંબાજીનું વાતાવરણ આહ્લાદક લાગે છે, હવા ખુશનુમા છે. અંબાજીમાં પ્રવેશતાની સાથે એક નવીન ઉર્જાનો સંચાર રોમે રોમમાં થવા લાગે છે. ગુજરાતના ઈશાનખૂણામાં માં અંબાનું ધામ સર્વેના હૃદયને આનંદની અનુભૂતિ કરાવી રહ્યું છે.

ભાદરવી પૂનમનો મેળો અને લાલ ડંડાવાળો સંઘ

ઐતિહાસિક દ્રષ્ટીએ જોઈએ તો ભાદરવી પૂનમ સમયે પગપાળા અંબાજીની યાત્રા કરવાની પ્રથા આજથી ૧૮૮ વર્ષ પૂર્વે શરુ થયેલ. જ્યારે અમદાવાદ શહેરમાં પ્લેગની બીમારી ફાટી નીકળેલ તે વખતે ત્યાંના નગરશેઠ હઠીસિંગ કે જેઓ જૈન હતા, તેમણે બાધા રાખેલી કે, જો અમદાવાદ શહેરને પ્લેગના રોગમાંથી મુક્તિ મળશે તો તેઓ અમદાવાદથી પગપાળા અંબાજીના દર્શને આવશે. માતાજીની કૃપાથી અમદાવાદને પ્લેગમાંથી મુક્તિ મળી અને આરંભાયો અંબાજીની પગપાળા યાત્રાનો પ્રવાહ કે, જે વર્તમાન સમય સુધી અવિરત છે. નગરશેઠ હઠીસિંગની માનતા જેટલો જ પ્રાચીન છે લાલ ડંડા વાળો અમદાવાદનો પગપાળા યાત્રિક સંઘ. લાલ ડંડા સંઘે જ ભાદરવી પૂનમની પગપાળા યાત્રા પ્રથાનો આરંભ કરાવ્યો હતો એમ કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી. લાલ રંગના ડંડામાં લાલ ધજા પરોવીને આવતો આ સંઘ હજી તેની પ્રથાઓને વળગી રહેલ છે. સંઘમાં જોડાતા તમામ પુરુષ સભ્યો લાલ રંગની ધોતી અને સફેદ ઝભ્ભામાં સજ્જ હોય છે. અમદાવાદથી અંબાજીની પગપાળા યાત્રામાં આ સંઘના સભ્યો કોઈ સેવા કેમ્પોની સેવા ગ્રહણ કરતા નથી પરંતુ હાથે રાંધેલું ભોજન ગ્રહણ કરે છે.

સમગ્ર યાત્રા દરમિયાન પવિત્ર આચરણ, વાણી વ્યવહારનું પાલન કરાય છે. માત્ર માતાજીના પ્રાચીન ગરબા જ મોંઢે થી ગાતા ગાતા તેઓ અંબાજી આવે છે. પ્રાચીન પ્રથા અનુસાર લાલ ડંડા વાળો સંઘ અંબાજી મંદિરે પહોચે એટલે તેને અલગ દરવાજાથી પ્રવેશ આપવામાં આવે છે. મંદિરે ધજા ચઢાવીને ચાચર ચોકમાં પ્રાચીન ગરબાનું આયોજન થાય છે. ઘણાને એવો વિચાર આવતો હશે કે, ભાદરવા મહિનામાં જ કેમ પગપાળા યાત્રાનું પાલન થાય છે? તેનું એક કારણ એ છે કે, પહેલાના સમયમાં લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી હતો. આ સમયગાળા દરમિયાન ચોમાસાનો મોટા ભાગનો વરસાદ થઈ જતો હોય છે, તેથી કૃષિ કાર્યમાંથી લોકોને નવરાશનો સમય મળી રહેતો હતો. વાતાવરણ પણ ભાદરવામાં વાદળ છાયું હોઈ તડકાના અભાવે ચાલવામાં શ્રમ ઓછો થાય. પહાડી સૌંદર્ય આ સમયગાળામાં તેની ચરમસીમાએ હોય છે. નવરાત્રીનો સમય પણ નજીક હોય છે. નવરાત્રી દરમિયાન લોકો માતાજીને પોતાના શેરી ગરબાઓમાં માતાજીને આમંત્રણ આપવાના હેતુથી પણ ભાદરવામાં અંબાજીની પગપાળા યાત્રા કરે છે.

લાલ ડંડા વાળા સંઘ દ્વારા શરુ કરવામાં આવેલી પ્રથા આજે ઘણા વિશાળ સ્વરૂપને ધારણ કરી રહેલ છે. દર વર્ષે ભાદરવી પુનમના મેળામાં દસ દિવસ દરમિયાન ૨૫ લાખ જેટલા ભક્તો માતાજીના દર્શન કરે છે. જીલ્લા વહીવટી તંત્ર દ્વારા વિવિધ સમિતિઓ બનાવાય છે, જે મેળાનું સંચાલન સુપેરે નિભાવે છે. કાયદો વ્યવસ્થા, સ્વચ્છતા, પેય જળ, ભોજન, વીજળી, દર્શન વ્યવસ્થા વગેરેનું સંચાલન અંબાજી મંદિર ટ્રસ્ટ અને બનાસકાંઠા જીલ્લા વહીવટી તંત્ર ના સહયોગથી પાર પાડવામાં આવે છે. માતાજીની કૃપાથી ભાદરવી પૂનમના મેળા દરમિયાન ક્યારેય કોઈ અનિચ્છનીય બનાવ બન્યો નથી.

***લેખક શ્રી અંબાજી આર્ટ્સ કોલેજ, અંબાજીમાં પ્રોફેસર છે.**





શ્રી નરેન્દ્રભાઈ મોદી
માનનીય વડાપ્રધાનશ્રી



શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માન. મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, ગુજરાત સરકાર



નિમિત્તે ગુજરાતના વિવિધ યાત્રાધામોમાં કાર્યક્રમોની ઉજવણી થનાર છે ત્યારે આવો, આપણે સૌ સાથે મળી વિવિધ સંકલ્પો સાથે ઉજવણી કરીએ...

આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવીશું

- ભારતને વિશ્વગુરુ બનાવવાના સંકલ્પને પરિપૂર્ણ કરવા માટે...
- ૧૦૦% વેક્સીનેશન સાથે...
- સ્વચ્છતાના સંકલ્પ સાથે...
- એક ભારત, શ્રેષ્ઠ ભારત સંકલ્પ સાથે...
- રાષ્ટ્ર ભક્તિના ભાવને દ્રઢ કરવા...



ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ
ગુજરાત સરકાર

www.yatradham.gujarat.gov.in
Email - gpyvb@yahoo.co.in • +91 79 23252468

દેવી-શક્તિ માહાત્મ્ય


- ધર્મરાજસિંહ વાઘેલા



(અતથી ઈતિ સુધીના શાસ્ત્રો અને ગુજરાતના શિલ્પ-સ્થાપત્યના પરિપ્રેક્ષ્યમાં)

દેવી-શક્તિ એટલે જન-જનથી કણ-કણમાં વ્યાપ્ત દેવીનું અદ્રશ્ય, નિરાકાર અને અલૌકિક સ્વરૂપ! જગતજનની રૂપે દેવી-શક્તિ જ સર્વની જનની (માતા) છે. ગોચર કે અગોચર વિશ્વમાં જે કંઈ છે તેની કર્તા કે જનની એ દેવી શક્તિ જ છે. 'શ્રી દેવી ભાગવત પુરાણ', આગમો અને શાક્તોની આદિ વિચારધારા અનુસાર સમગ્ર બ્રહ્માંડની જનની અને તેનું સંચાલન કરનાર એ જ આદિશક્તિ છે. 'देवी ह्येकाग्रे आसीत्'। 'एतस्मिन्नेव काले तु, स्वबिम्बं पश्यति शिवा' જયારે ક્યાંય કંઈ જ ન હતું, ત્યારે માત્ર આપ શક્તિ જ હતાં. જયારે આદિશક્તિને યોગ્ય જણાયું ત્યારે તેમણે પોતાની જ છાયા એટલે કે સ્વબિંબમાંથી પોતાનામાં રહેલ પુરુષ તત્વને અલગ કરી શિવ અને શિવમાંથી બ્રહ્મા અને વિષ્ણુને ઉત્પન્ન કર્યા, એવું આગમ શાસ્ત્રો કહે છે. દેવી સ્વયં "સ્વાધીનવલ્લભા" છે, એટલે કે દેવી કોઈને આધીન નથી, પરંતુ સઘળું દેવીને આધીન છે. સનાતન ધર્મશાસ્ત્રોમાં પુરાણોનું અનેરું મહત્વ છે. મુખ્ય અઢાર પુરાણો છે, જેમાં બ્રહ્મ, પદ્મ, વિષ્ણુ, શિવ, શ્રીમદ્, નારદ, માર્કંડેય, અગ્નિ, ભવિષ્ય, બ્રહ્મવૈવર્ત, લિંગ, વરાહ, સ્કંધ, વામન, કુર્મ, મત્સ્ય, ગરુડ અને બ્રહ્માંડ પુરાણોનો સમાવેશ થાય છે. આ સિવાય અઢાર ઉપપુરાણો છે, જેમાં સનત, નારસિંહ, નારદ, શૈવ, કપિલ, માનવ, ઔશનસ, વરુણ, કાલિકા, સાંબ, સૌર, આદિત્ય, માહેશ્વર, દેવી ભાગવત, વસિષ્ઠ, નંદી, પારાશ અને દુર્વાસા પુરાણનો સમાવેશ થાય છે. આમ તો અઢાર મુખ અને અઢાર ઉપ પુરાણોમાં દેવીશક્તિનું ક્યાંક ને ક્યાંક વર્ણન આવે જ છે, પરંતુ માર્કંડેય પુરાણમાં સવિશેષ અને દેવી ભાગવત પુરાણ દેવીશક્તિ સંબંધી જાણકારીનું ઉત્તમ સ્રોત છે. આ દેવી ભાગવત પુરાણના સાતમાં સ્કંધમાં સ્વયં આદિશક્તિ પાર્વતી પોતાના પિતા પર્વતાધિરાજ હિમાલયને પોતાની ઉત્પત્તિ વિશે જણાવતા કહે છે કે 'હે પર્વતાધિરાજ હિમાલય! સૃષ્ટિ પૂર્વે મારા સિવાય કંઈ જ હતું નહીં. ત્યારે હું જ પરમબ્રહ્મ હતી. મારા પોતાના આધાર શિવનું વરણ કરી મારામાં જે દોષ આવ્યો અને હું 'એકોહમ બ્રહ્માસ્મિ'ની કામના કરી સૃષ્ટિની રચનામાં મગ્ન થઈ.' તેની સાબિતી રૂપે દેવી ભાગવતનો આ શ્લોક છે:





अहमेवाह, पूर्वं च, नान्यत् किंचिन्नगाधिप
तदात्मरूपं चित्संवित्-परब्रह्मैक नामकम्
स्वाशक्तैश्च समायोगा-अहं बीजात्मतांगता
स्वाधारावरणा तस्या-दोषत्वं च समागतम्

દેવીશક્તિ જ સ્ત્રીરૂપ છે, તે સ્વયં પ્રકાશિત છે, અન્યને પ્રકાશ અને શક્તિ આપનાર છે, જે નીચેના શ્લોકને આધારે કહી શકાય 'स्त्री रूपं वा स्मरेद्देवि-पुंरूपं वा विचिन्तयेत् अथवा निष्कलं ध्याये- सच्चिदानन्द विग्रहम्' પ્રથમ વેદ ઋગ્વેદમાં દેવીશક્તિને અદિતિ (જે સર્વની જનની માતા, સુરોની જનની અને લજ્જાગૌરી પણ કહ્યા છે) કહ્યાં છે. આમ, ઋગ્વેદના દસમા મંડળ (જે પાછળથી ઉમેરવામાં આવેલું)ના ૧૨૫મા સૂક્તમાં દેવી કહે છે કે "अहं रूद्रेभि वसुभिश्चरामि- अहं मित्रावरूणा- अहं इन्द्राग्निं अहं विष्णुमुरूक्रम ब्रह्माणमुत प्रजापतिं दधामिं" (હું જ રૂદ્રો તથા વસુઓના રૂપમાં વિચરું છું, હું જ સૂર્ય, વરુણ, ઈન્દ્ર આદિ દેવો અને અશ્વિની કુમારોનું પોષણ કરું છું, અને મેં જ બ્રહ્મા, વિષ્ણુ અને પ્રજાપતિને ધારણ કર્યા છે).

'દેવી અથર્વશીર્ષ'માં શ્લોકઃ ૨ થી શ્લોકઃ ૨૫ સુધી દેવીના સ્વરૂપોનું વિગતવાર વર્ણન કરવામાં આવ્યું છે. એ શ્લોક કહે છે "यस्या स्वरूपं ब्रह्मादयो न जानन्ति- तस्मादुच्यते अज्ञेया एकैव विश्वरूपिणी- तस्मादुच्यते नैका यस्या जननं नोपलभ्यते-तस्मादुच्यते अजा" જે અનુસાર તો દેવીના વાસ્તવિક રૂપને બ્રહ્માદિ ત્રિદેવ પણ નથી જાણતા, તો આપણે તો પામર મનુષ્ય શું જાણી શકવાના? પરંતુ અહીં મા ભગવતીનો અત્યંત ટુંકસાર આપવાનો વિવેકપૂર્ણ પ્રયત્ન માત્ર છે.

'બ્રહ્મવૈવાર્ત પુરાણ'માં ભગવાન શ્રીકૃષ્ણ પોતાના શ્રીમુખે દેવીનું ગુણગાન ગાતા કહે છે કે "त्वमेव सर्व जननी-मूल प्रकृति ईश्वरी त्वमेवाद्या सृष्टि विधौ- स्वेच्छया त्रिगुणात्मिका परब्रह्म स्वरूपा त्वं- सत्या नित्या सनातनी सर्वबीज स्वरूपा च- सर्वपूज्या निराश्रया" આમ દેવીને વિવિધ ઉપાધિઓ આપતા શ્રીકૃષ્ણ પ્રભુએ દેવીને મૂળ પ્રકૃતિરૂપ, સર્વની જનની પરબ્રહ્મરૂપ, સર્વાં, નિત્યા, સનાતાના અને સર્વ પૂજ્યા કહ્યાં છે.

'વરીવાસ્ય રહસ્ય' અનુસાર દેવી શક્તિને પ્રકાશ અને વિમર્શ બંને સ્વરૂપોમાં માનવામાં આવે છે. આ રહસ્ય શ્લોક કહે છે કે "स जयति महान प्रकाशो ,यस्मिन दृष्टे न दृश्यते किमर्पि कथमिव यस्मिन ज्ञाते सर्वं विज्ञात मुच्यते वेद्यैः" એ મહાન પ્રકાશરૂપ દેવી મહાદેવીને જાણ્યા બાદ સર્વોચ્ચ જ્ઞાનની પ્રાપ્તિ થઈ જાય છે, એટલે કે પછી કંઈ જાણવાની જરૂર રહેતી નથી.

"नैसर्गिकी स्फुरत्ता विमर्श रूपा अस्य वर्तते शक्तिः तद् विज्ञानार्थ मेव, चतुर्दश विद्या स्थानानि" પણ આ મહાન વિમર્શરૂપ મહા શક્તિને ચતુર્દશ વિદ્યાઓની મદદથી જાણી શકાય છે.

વેદોના સરળ ભાષારૂપ તૈતરીય ઉપનિષદ કહે છે કે "यतो वा इमानि भूतानि जायन्ते येन जातानि जीवन्ति" દેવી પોતાની ચિત્તશક્તિથી સમસ્ત પ્રાણી માત્ર ઉત્પન્ન થાય છે, તેમજ જીવે છે અને અંતે તેમાં જ સમાઈ જાય છે. બૃહદ્કારણ્ય ઉપનિષદ કહે છે કે "निःश्वसित मेतद् रिग्वेदो, यजुर्वेदः सामवेदः" (દેવી શક્તિના નિઃશ્વાસથી જ વેદોની ઉત્પત્તિ થઈ છે.)

'માર્કંડેય પુરાણ' એમાંય 'દુર્ગા સપ્તશતી' જેના અધ્યાયોમાં મા ભગવતીના જે ગુણગાન છે તે અદ્વિતીય છે. તેના એક શ્લોકમાં કહ્યું છે કે "आधारभूता जगतस्त्वमेका' 'त्वयैतत् धार्यते विश्वम्" અને અન્યમાં કહે છે કે 'सृष्टि स्थिति विनाशानां-शक्तिभूते सनातनि' અને 'हेतुः समस्त जगतां त्रिगुणापिदोषैः' આમ આપ જ સમસ્ત જગતનું કારણ છો.

આદિ શંકરાચાર્ય તેમના 'સૌંદર્ય લહેરી' નામના ગ્રંથમાં કહે છે કે "शिवः शक्त्यायुक्तो यदि भवति शक्तः प्रभवितुं" હે માં શક્તિ વિના શિવ અને અન્ય દેવી દેવતાઓ ગતિહીન થઈ જાય છે. આગળ કહે છે કે હે મા ભવાની "भवानि स्तोतु त्वां प्रभवति चतुर्भिर्न वदनैं न षड्भिः सेनानी दशशत मुखै रप्यहिपतिं" આપની સ્તુતિ કરવામાં ચારમુખવાળા બ્રહ્મા, પંચમુખ શિવ અને છ છ મુખવાળા કાર્તિકેય જ નહીં, પરંતુ હજાર મુખવાળા શેષનાગ પણ અસમર્થ છે, તો હે મા અમારા જેવા પામર મનુષ્ય શું કરી શકવાના? અને અંતે આદિશંકરાચાર્ય આદિશક્તિ વિશે કહે છે કે "निमेषोन्मेषाभ्यां प्रलयमुदयं याति जगती" મા આદિશક્તિની પલક બંધ થતાં પ્રલય અને પલક ખોલતાં જ સમસ્ત બ્રહ્માંડ ગતિમાન થાય છે. એવા મા ભગવતીને કોટિ-કોટિ વંદન હો.



આદિશક્તિના સ્વરૂપોનું વિસ્તરણ: (મહાસતી, મહાલક્ષ્મી અને મહાસરસ્વતી) મા આદિશક્તિએ સર્વપ્રથમ પોતાના સ્વરૂપને વિસ્તારતા ત્રિદેવની અર્ધાંગિની રૂપે પ્રગટ થયા જેમાં મહાસરસ્વતી, મહાલક્ષ્મી અને દક્ષપ્રજાપતિને ત્યાં પુત્રી સ્વરૂપે, સ્વયં આદિશક્તિ સતી રૂપે અવતર્યા. ભગવાન શિવે દેવીની કુંડલિની જાગૃત કરી અને મહાયોગથી દેવીને પોતાના મૂળ સ્વરૂપથી અવગત કરાવ્યાં. આમ મહાશિવ અને મહાશક્તિનું મિલન થયું. સંસારમાં મહાશક્તિ અને મહાશિવના મિલનથી અનેક નવરચનાઓ થઈ જેમાં દેવી શક્તિઓની સાથે અનિષ્ટ શક્તિઓનો વ્યાપ પણ વધ્યો. આથી શિવ-શક્તિની લીલાથી પૃથ્વી પર અનેક જગ્યાએ શક્તિ સ્થાનો સ્થાપવા મા ભગવતીએ પોતાના આ અવતારનું વિસ્તરણ કરવા નિર્ણય કર્યો.

દશમહાવિદ્યા : દેવી ભાગવત પુરાણની એક કથા અનુસાર દક્ષપ્રજાપતિએ મહાયજ્ઞ આયોજિત કર્યો અને શિવદ્વેષે શિવ અને સતીને આમંત્રિત ના કર્યા. મહાશક્તિની ઈચ્છા અનુસાર દેવીએ શિવને પિતાના ઘરે જવા મનાવ્યા પણ શિવ ન માન્યા. દેવીએ સ્ત્રીહઠ લેતાં શિવે મહાયજ્ઞમાં જતાં પૂર્વે ફરી સતીમાં આદિશક્તિ રૂપ જાગૃત કરતાં આ જગતને દેવીના વિસ્તરણથી દસ મહાવિદ્યાઓ પ્રાપ્ત થઈ જે સંસાર પર અવતરણ બાદ દેવી સ્વરૂપનું પ્રથમ વિસ્તરણ કહી શકાય. પોતાનામાંથી વિસ્તરેલી મહાવિદ્યાનો પરિચય મા ભગવતી સ્વયં આપતા કહે છે કે, "હે શંભુ! આપની સામે જે કૃષ્ણ (કાળા)રંગની અને ભીમલોચના એટલે કે ભયંકર નેત્રો વાળી દેવી છે તે 'કાલી' છે, એની વિરુદ્ધ દિશામાં શ્યામવર્ણ વાળી મહાકાલરૂપિણી મહાવિદ્યા તારા છે, આપની ડાબી બાજુ ભય પમાડનાર મસ્તક વિહીન મહાવિદ્યા છિન્નમસ્તીકા છે, હે શંભુ! આપના વામભાગે જે દેવી છે તે ભુવનેશ્વરી છે, આપની પાછળ જે દેવી છે તે શત્રુસંહારિણી બગલામુખી છે. આપના અગ્નિકોણે જે વિધવા સ્વરૂપ ધારણ કરવા વાળી મહાવિદ્યા ધુમાવતી છે, આપના નૈઋત્ય કોણે ત્રિપુરસુંદરી છે, આપના વાયવ્ય કોણે જે મહાવિદ્યા છે તે માતંગકન્યા માતંગી છે, અને ઈશાન કોણે જે દેવી છે તે મહાવિદ્યા ષોડશી છે. આમ દેવી ભાગવત પુરાણમાં નોંધાયું છે..



"येयं ते पुरतः कृष्णा सा
काली भीमलोचना
श्यामवर्णा च या देवी
स्वयमूर्ध्वं व्यवस्थिता ॥
सेयं तारा महाविद्या
महाकालस्वरूपिणी ।
सव्येतरेयं या देवी
विशीर्षातिभयप्रदा ॥
इयं देवी छिन्नमस्ता महाविद्या महामते ।
वामे तवेयं या देवी सा शम्भो भुवनेश्वरी ॥
पृष्ठतस्तव या देवी बगला शत्रुसूदिनी ।
वह्निकोणे तवेयं या विधवारूपधारिणी ॥
सेयं धूमावती देवी महाविद्या महेश्वरी ।
नैर्ऋत्यां तव या देवी सेयं त्रिपुरसुन्दरी ॥
वायौ या ते महाविद्या सेयं मतङ्गकन्यका ।
ऐशान्यां षोडशी देवी महाविद्या महेश्वरी ॥"
---देवीपुराण (महाभागवत) ८ । ६५-७१

(અહી દેવીભાગવતના વર્ણન મુજબ ચિત્રમાં દેવીઓના સ્થાન અલગ અલગ છે.)

ચામુંડાતંત્ર મુજબ આ પ્રમાણે દશ મહાવિદ્યાઓનો ઉલ્લેખ જોવા મળે છે.

काली तारा महाविद्या षोडशी भुवनेश्वरी। भैरवी छिन्नमस्ता च विद्या धूमवती तथा॥ बगला सिद्धविद्या च मातङ्गी कमलात्मिका। एता दस महाविद्याः सिद्धि विद्याः प्रकीर्तिता ॥

આ દશ મહાવિદ્યાઓની અલગ અલગ સમય યંત્ર, તંત્ર મુજબ સાધના અલગ અલગ ફળ, શક્તિ અને સિદ્ધિ આપનાર છે. આ મહાવિદ્યાઓમાં કાલી, તારા, છિન્નમસ્તીકા, બગલામુખી અને ધુમાવતી કઠોર અને રૌદ્ર પરંતુ કરુણામયી સ્વરૂપ છે જ્યારે ભુવનેશ્વરી, ત્રિપુરભૈરવી, માતંગી, ષોડશી અને કમલા સૌમ્યરૂપ છે. અમથી મોટાભાગની મહાવિદ્યાઓનું શિલ્પશાસ્ત્રો મુજબનું મૂર્તિવિધાન જોવા મળે છે.

એકાવન શક્તિપીઠ :

દશ મહાવિદ્યાની ઉત્પત્તિ બાદ મહાશક્તિ સતી પ્રજાપતિ દક્ષના યજ્ઞમાં છે અને ત્યાં પોતાના સ્વામી સદાશિવનું અપમાન સહન ન થતાં દેવી સતી સ્વતાપથી પોતાના દેહનો ત્યાગ કરે છે. આ બાજુ મહાદેવ શિવને આ વાતની જાણ થતાં વીરભદ્રનામના શિવગણની ઉત્પત્તિ થાય છે અને વીરભદ્ર દ્વારા દક્ષપ્રજાપતિના યજ્ઞનો ધ્વંસ અને દક્ષનો શિરચ્છેદ કરવામાં આવ્યો. એ પૌરાણિક કથા દેવીભાગવત સહિત અન્ય પુરાણોમાં પણ છે. દેવાધિદેવ શિવ સતીના મૃત શરીરને લઈ તાંડવ કરતાં દેવતાઓની પ્રાર્થનાએ ભગવાન વિષ્ણુના સુદર્શન ચક્રથી દેવી સતીના શરીરના અંગો અને આભૂષણના ૫૧ ભાગ થયા. એ ભાગ જ્યાં ભૂ ભાગ પાર પડ્યા ત્યાં-ત્યાં શક્તિપીઠની સ્થાપના થઈ. દરેક શક્તિના રક્ષક તરીકે સ્વયં શિવ ભૈરવરૂપે બિરાજે છે. એ શક્તિપીઠો અને તેના ભૈરવ અને ભૈરવીઓ જુદાં-જુદાં સ્વરૂપે છે. શક્તિપીઠોની ગણના અને સ્થાન બાબતે શાસ્ત્રો અને વિદ્ધાનોમાં જુદા જુદા મત છે. અમુક શાસ્ત્રોમાં, શ્રી દેવી ભાગવતમાં ૫૨ શક્તિપીઠ કહેવામાં આવ્યા છે. દેવીતંત્ર અને અમુક વિદ્ધાનો માટે ૧૦૮ શક્તિપીઠો છે. પરંતુ ઘણાં વિદ્ધાનો 'તંત્ર ચૂડામણી' ને સૌથી વધુ આધારભૂત સ્રોત ગણે છે જે મુજબ નીચેના ૫૧ શક્તિપીઠોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.



(અહી દેવીભાગવતના વર્ણન મુજબ ચિત્રમાં દેવીઓના સ્થાન અલગ અલગ છે)

ક્રમ	શક્તિપીઠનું નામ અને સ્થાન	મા સતીનું અંગ/આભૂષણ	શક્તિ	ભૈરવનું નામ
૧	હિંગળાજ (પાકિસ્તાન) કરાંચીથી ઉત્તરે	બ્રહ્મરંધ્ર (મગજનો ભાગ)	કોટ્ટરી (ભૈરવી કોટ્ટ -વિશા)	ભીમલોચન
૨	શર્કરરે (પાકિસ્તાન) કરાચીના સુક્કર સ્ટેશન નજીક	આંખ (ડાબી)	મહિષાસુરમર્દિની	ક્રોધીશ
૩	સુગંધા-સુનંદા (બાંગ્લાદેશ) બરીસલની સોંધ નદીના કિનાર	નાસિકા	સુનંદા	ત્ર્યંબક
૪	મહામાયા(ભારત) કાશ્મીરના પહેલગામ પાસે	કંઠ	મહામાયા	ત્રિસંધ્યેશ્વર
૫	જ્વાળામુખી-સિદ્ધિદા (અંબિકા) હિમાચલના કાંગડામાં	જીભ	સિદ્ધિદા (અંબિકા)	ઉન્મત
૬	ત્રિપુરમાલિની - જલંધરમાં છાવણી સ્ટેશન પાસે તળાવ કિનારે	ડાબું સ્તન	ત્રિપુરમાલિની	ભીષણ
૭	અંબાજી - બનાસકાંઠા, ઉત્તર ગુજરાત અરવલ્લીની પર્વતમાળામાં	હૃદય	અંબાજી	બટુક ભૈરવ
૮	ગુજયેશ્વરી- (નેપાળ) પશુપતિનાથ મંદિરની બાજુમાં	બંને ગોઠણ	મહાશીરા	કપાલી
૯	માનસ - કૈલાશપર્વત માનસરોવર પાસે (તિબેટ)	જમણો હાથ	દાક્ષાયની	અમર
૧૦	વિરાજ - ઉત્કલ ઓરિસ્સા	નાભિ	વિમલા	જગન્નાથ
૧૧	ગંડકી - ગંડક નદીના કિનારે પોખરા (નેપાળ) મુક્તિનાથ મંદિર પાસે	મસ્તક	ગંડકી ચંડી	ચક્રપાણી
૧૨	બાહુલ - કેતુગામ, કટુઆપાસે, વર્ધમાન જિલ્લો પ.બંગાળ	ડાબો હાથ	દેવી બહુલા	ભીરુક
૧૩	ઉજ્જની - ગુસ્કુર સ્ટેશન, વર્ધમાન જિલ્લો પ.બંગાળ	જમણુંકાંડું	મંગળ ચંદ્રિકા	કપિલાંબર
૧૪	ત્રિપુરા - માતાબાઢી પર્વતના શિખર પર, રાધાકીશોર ગામ, ઉદયપુર જી. ત્રિપુરા	જમણો પગ	ત્રિપુર સુંદરી	ત્રિપુરેશ
૧૫	છત્રાલ- ચન્દ્રનાથ પર્વત શિખર, સીતાકુંડ સ્ટેશન, ચિત્તગોંગ જી. (બાંગ્લાદેશ)	જમણી ભુજા	ભવાની	ચંદ્રશેખર
૧૬	ત્રિસ્ત્રોત, સાલબાઢી ગામ, બોડા મંડળ, જલપાયગુડી, પ.બંગાળ	ડાબો પગ	ભ્રામરી	અંબર
૧૭	કામાખ્યા-કામગીરી, નીલાંચલ પર્વત, ગોવાહાટી, આસામ.	યોનિ	કામાખ્યા	ઉમાનંદ
૧૮	જુગાડ્યા - ખીરગ્રામ, વર્ધમાન જી. પ.બંગાળ	જમણા પગનો મોટો અંગુઠો	જુગાડ્યા	ક્ષીર ખંડક
૧૯	કાલીપીઠ- કાલીઘાટ, કલકત્તા	જમણા પગનો અંગુઠો	કાલિકા	નકુલીશ
૨૦	પ્રયાગ - ત્રિવેણી સંગમ ઈલાહાબાદ, ઉ.પ્રદેશ	હાથની આંગળી	લલીતા	ભવ
૨૧	જયંતી - ભોરભોગ ગામ, ખાસી પર્વત, જયંતિયાનો, સિલેહટ જી.(બાંગ્લાદેશ)	ડાબી જંઘા	જયંતી	ક્રમાંદીશ્વર
૨૨	કિરીટ - કિરીટકોણ ગામ, લાલબાગ સ્ટે. મુર્શિદાબાદ જી. પ.બંગાળ	મુકુટ	વિમલા	સાંવર્ત
૨૩	મણીકર્ણિકાઘાટ , કાશી વારાણસી, ઉ..પ્રદેશ	મણીક કર્ણિકા	વિશાલાક્ષી મણીકર્ણિકા	કાળ ભૈરવ
૨૪	કન્યાશ્રમ, ભદ્રકાળી અને કુમારી મંદિર, તમિલનાડુ	પીઠ	શ્રવણી	નિમિષ
૨૫	કુરુક્ષેત્ર, હરિયાણા	એડી	સાવિત્રી	સ્થાણું
૨૬	મણીબંધ, ગાયત્રી પર્વત પુષ્કર પાસે, અજમેર, રાજસ્થાન	બે પોચીઓ	ગાયત્રી	સર્વાનંદ
૨૭	શ્રીશૈલ, જૌનપુર ગામ, સિલેહટ જિલ્લો (બાંગ્લાદેશ)	ગળું	મહાલક્ષ્મી	શંભરાનંદ
૨૮	કાંચી- કોપરનદી કિનારે, વીરભૂમ જિલ્લો પ.બંગાળ	અસ્થી	દેવગર્ભ	રુરું
૨૯	કમલાધવ - સોન નદીના કિનારે એક ગુફામાં અમરકંટક, મ.પ્રદેશ	ડાબું નિતંબ	કાલી	અસીતાંગ
૩૦	શોન્દેશ - અમરકંટક, નર્મદા ઉદ્ગમ પર, મ.પ્રદેશ	જમણું નિતંબ	નર્મદા	ભદ્રસેન
૩૧	રામગીરી, ચિત્રકૂટ ઝાંસી, ઉ.પ્રદેશ	જમણું સ્તન	શિવાની	ચંદા
૩૨	વૃંદાવન, ભૂતેશ્વર મહાદેવ મંદિર, મથુરા ઉ.પ્રદેશ	કેશગુચ્છ/ચુડામણી	ઉમા	ભૂતેશ
૩૩	શુચિ - શુચિતીર્થ, કન્યાકુમારી, તમિલનાડુ	ઉપરી દાઢ	નારાયણી	સંહાર
૩૪	પંચસાર, (અજ્ઞાત)	નીચેની દાઢ	વારાહી	મહારુદ્ર
૩૫	કરતોયત - ભવાનીપુર, બાગુરા સ્ટેશન (બાંગ્લાદેશ)	ડાબું પાયલ	અર્પણ	વામન
૩૬	શ્રી પર્વત, લદાખ અને (બીજી માન્યતા) શ્રી શૈલમ, જી.કર્નુલ, આંધ્રપ્રદેશ	જમણું પાયલ	શ્રી સુંદરી	સુંદરાનંદ
૩૭	વિભાશ - પૂર્વ મેદનીપુર જિલ્લો પ.બંગાળ	ડાબી એડી	કપાલીની	શર્વાનંદ
૩૮	પ્રભાસ - ત્રિવેણી પાસે, વેરાવળ ગીર-સોમનાથ જી. ગુજરાત	આમાશય (ઉદર)	ચંદ્રભાગા	વક્રતુંડ
૩૯	ભૈરવપર્વત, શિપ્રાનદી તટે, ઉજ્જૈન મધ્ય પ્રદેશ	ઉપરનો હોઠ	અવંતિ	લંબ કર્ણ
૪૦	જનસ્થાન - ગોદાવરીનદીના કિનારે, નાસિક મહારાષ્ટ્ર	દાઢીનો ભાગ	ભ્રામરી	વિકૃતાક્ષ
૪૧	સર્વશૈલ - કોટીલિંગેશ્વર મંદિર, ગોદાવરી તીરે આંધ્રપ્રદેશ	ગાલ	રાકીની/વિશ્વેશ્વરી	વત્સ્યનાભ/ દંડપાણી
૪૨	વિરાત- ભરતપર પાસે રાજસ્થાન	ડાબા પગની આંગળી	અંબિકા	અમૃતેશ્વર
૪૩	રત્નાવલી - રત્નાકર નદી કિનારે કૃષ્ણનગર, જી.હુગલી પ.બંગાળ	જમણો સ્કંધ	કુમારી	શિવા
૪૪	મિથિલા- જનકપુર સ્ટેશન પાસે ભારત-નેપાળ સીમા પર.	ડાબો સ્કંધ	ઉમા	મહોદર
૪૫	નળહાટી - જિલ્લો વીરભૂમ, પ.બંગાળ	પગનું હાડકું	કલિકા દેવી	યોગેશ
૪૬	કર્નાટ -(અજ્ઞાત)	બંને કાન	જયદુર્ગા	અભિરુ
૪૭	વક્રેશ્વર - પાપહર નદી તટે, જી.વીરભૂમ પ.બંગાળ (અન્ય મત) કોલ્હાપુર, મહા.	ભ્રૂમધ્ય (કપાળ વચ્ચેની આંખ)	મહિષમર્દિની	વક્રનાથ
૪૮	યશોર - ઈશ્વરપુર જી.ખુલના, (બાંગ્લાદેશ)	હાથ અને પગ	યશોરેશ્વરી	ચંદા
૪૯	અટ્ટહાસ - લાભપુર સ્ટે. જી.વિરભૂમ પ.બંગાળ	હોઠ	ફૂલ્લરા	વિશ્વેશ
૫૦	નંદીપુર - વટવૃક્ષ સૈંથીયા સ્ટે. જી.વીરભૂમ પ.બંગાળ	ગળાનો હાર	નંદીની	નંદીકેશ્વર
૫૧	લંકા - (અજ્ઞાત) અન્ય મત મુજબ ત્રીકોમાંલી શ્રીલંકામાં છે. અવશેષો બચ્યા છે.	પાયલ	ઈન્દ્રાક્ષિ	રાક્ષસેશ્વર

ગૌરી અને ગૌરીસ્વરૂપો, સરસ્વતી અને લક્ષ્મી સ્વરૂપો :

માતા સતી યોગાગ્નિથી દેહનો ત્યાગ કરી, ફરી શૈલરાજ હિમાલયને ત્યાં અવતાર ધર્યો, પર્વતરાજ હિમાલયની પુત્રી તરીકે જન્મ્યા હોઈ આદિશક્તિ પાર્વતી, હિમાની, હૈમવતી તરીકે ઓળખાયા કુંવરા પાર્વતીને સંસારમાં ગૌરીરૂપે પૂજનીય છે. ગૌરીએ મહાદેવ શિવને ફરી પતિ સ્વરૂપે પામવા માટે ઘોરતપ શરુ કર્યું, ત્યારે પાર્વતીને માતા મેનાવતીએ રોક્યા અને કહ્યું "तां पार्वतीत्याभिजनेन नाम्ना बन्धुप्रियां बन्धुजनो जुहाव । उमेति मात्रा तपसो निषिद्धा पश्चादुमाख्यां सुमुखी जगाम ॥26॥ (મહાકવિ કાલિદાસે "કુમાર સંભવમ" મહાકાવ્યના પ્રથમ સર્ગના ૨૬મો શ્લોક) માતા મેના એ આ શ્લોક મુજબ **उमेति** એટલે 'ઉમા' કહી ને સંબોધ્યા ત્યારથી પાર્વતીનું 'ઉમા' નામ પ્રચલિત થયું હશે. ત્યારબાદ માતાજીએ ઘોર તપ કર્યું આગમોના મત મુજબ હજારો વર્ષ તપ કર્યું છતાં શિવ પ્રસન્ન ના થતાં અન્નનો ત્યાગ કરી, માત્ર બીલીપત્ર પર રહ્યા અને બાદમાં સુકા પાંદડા પર અને છેલ્લે એ પાંદડાનો પણ ત્યાગ કર્યો ત્યારથી 'અપર્ણા' કહેવાયા આમ તપ કરતાં અષ્ટોતર ગૌરીનું મૂર્તિવિધાન પણ જોવા મળે છે, (દા.ત. પીઠડીયાનો અષ્ટોતર ગૌરી) પણ ૧૨ ગૌરી વધુ પ્રચલિત છે(મોઢેરાના સૂર્યમંદિરના સભામંડપના મંડોવરમાં પૂર્ણ કદની ૧૨ ગૌરીનું મૂર્તિવિધાન જોવા મળે છે), પાટણની રાણકી વાવમાં ૨૪ ગૌરીનું મૂર્તિવિધાન જોવા મળે છે. આમ ઘોરતપ થી પ્રસન્ન શિવે તેમને અપનાવી સાચા અર્થમાં અર્ધાંગીની બનાવ્યા અને સંસારને "અર્ધનારીશ્વર" તરીકે સ્ત્રી અને પુરુષની સમાનત અને એકબીજાનું મહત્વ સમજાવ્યું.

૧૨ ગૌરી સ્વરૂપો(રૂપાવતાર મુજબ ગૌરીએ ધારણ કરેલ આયુધ ભેદ પ્રમાણે) : ૧.ઉમા, ૨. પાર્વતી, ૩.ગૌરી, ૪.લલિતા, ૫.શ્રીયા, ૬.કૃષ્ણા, ૭.હિમવતી, ૮.રંભા, ૯.સાવિત્રી, ૧૦.ત્રીખંડા, ૧૧. તોતલા અને ૧૨. ત્રિપુરા. આ સિવાય પણ ગૌરીના સ્વરૂપો વિવિધ શાસ્ત્રો અને શિલ્પ શાસ્ત્રો મુજબ વૈવિધ્યપૂર્ણ જોવા મળે છે. એવી જ રીતે ૧૨ સરસ્વતી સ્વરૂપો પણ મૂર્તિવિધાનમાં જોવા મળે છે. જેમાં ૧.મહાવિદ્યા, ૨.મહાવાણી, ૩.ભારતી, ૪.સરસ્વતિ, ૫.આર્યા, ૬.બ્રાહ્મી, ૭.મહાધેનું, ૮.વેદગર્ભા, ૯.ઈશ્વરી, ૧૦.સારગા, ૧૧.વિદ્યાધરી અને ૧૨. સર્વમંગલા, સરસ્વતિ સનાતન અને જૈન બંનેમાં અને બૌદ્ધમાં યક્ષિણી રૂપે પણ પૂજાય છે અને મૂર્તિવિધાન જોવા મળે છે. એવી જ રીતે લક્ષ્મીજીના પણ ૧૨ સ્વરૂપો શાસ્ત્રોમાં દર્શાવ્યા છે.

૧૨ લક્ષ્મી સ્વરૂપો: ૧.ઈશ્વરી, ૨.કમલા, ૩.ચલા, ૪.લક્ષ્મી, ૫.શ્રી, ૬.ભૂતિ, ૭.હરિપ્રિયા, ૮.પદ્મા, ૯.પદ્માંલયા, ૧૦.સંપદા, ૧૧. રમાં અને ૧૨. પદ્મધારીણી. આ સિવાય ગજલક્ષ્મી અને અષ્ટલક્ષ્મીમાં ૧.વીરલક્ષ્મી, ૨.વિજયલક્ષ્મી, ૩.ધૈર્યલક્ષ્મી, ૪.ઐશ્વર્યલક્ષ્મી, ૫.વૈભવલક્ષ્મી, ૬.અધિલક્ષ્મી, ૭.ધનલક્ષ્મી અને ૮.સંતાનલક્ષ્મીના સ્વરૂપો લોક સમુદાયો દ્વારા પૂજવામાં આવતા હતાં.(આ૧૨મી સદીની મૂર્તિ વડનગરના એક જૈન મંદિરમાં આવેલી છે. તેની પીઠશિલા પર એ સમયનો અભિલેખ પણ જોવા મળે છે.)



(૧. એક પદ તપ કરતાં પાર્વતી, ૨.રાણકીવાવમાં પરીકરર્યુક્ત ઉમા, ૩.મોઢેરાના સૂર્યમંદિરના મંડોવરમાં ૧૨ ગૌરીમાંના ત્રીખંડા ગૌરી)

નવદુર્ગા: માં પાર્વતી જયારે શિવના અર્ધાંગીની થયા બાદ એ મહાદેવ અને મહાદેવીનો ગૌણ ઉદેશ્ય એટલે શિવપુત્ર દ્વારા તારકવધ હતો. એથી મહાદેવીએ કુમાર કાર્તિકેય જેને સ્કંધ પણ કહેવામાં આવે છે એને જન્મ આપ્યો અને "સ્કંધમાતા" તરીકે વિખ્યાત થયા, તારકવધ દરમિયાન કુમારની રક્ષા હેતું ત્રિદેવી પૂર્ણ રૂપમાં આવ્યા અને પાર્વતી પોતાનું મહાકાલી સ્વરૂપ પ્રગટ કર્યું, આ મહાકાલી, મહાલક્ષ્મી અને મહાસરસ્વતીથી દુર્ગમ અસુરોના વધ હેતું એક દેવી પ્રગટ થયા, એ દેવીને ૨૦ ભુજાઓ હતી જેણે સિંહને વાહન બનાવ્યો, એ દેવીને વિવિધ દેવતાઓએ પોતાના આયુધો આપ્યા અને એ દેવીએ દુર્ગમાંસુરનો વધ કર્યો, બીજા અર્થમાં દૈવીતત્વનું હનન કરતી દુર્ગમ અસુરી શક્તિ કે ભક્તોના દુર્ગમ કષ્ટો હર્યા.આથી એ દેવી દુર્ગા કહેવાયા.

વિવિધ શાસ્ત્રો મુજબ દુર્ગાના વિવિધ નવ સ્વરૂપો દર્શાવવામાં આવ્યા છે. જેમાં 'આગમો'માં 'સુપ્રભેદઆગમ' મુજબ નીલકંઠી, ક્ષેમકરી, હરસિદ્ધિ, રુદ્રાંશદુર્ગા, વનદુર્ગા, અગ્નિદુર્ગા, જયદુર્ગા, વિન્ધ્યવાસીની અને મહિષાસુરમર્દિની એમ જુદા જુદા નામોથી ઓળખાવ્યા છે, જયારે 'રૂપાવતાર'માં દુર્ગાના નામો મહાલક્ષ્મી, નંદા, ક્ષેમકરી, સવર્તી, મહારંડા, ભ્રાંમરી, સર્વમંગલા, રેવતી અને હરસિદ્ધિ એમ ઓળખાવ્યા છે. જયારે આ સમયે પૂજવામાં આવતા નવદુર્ગાનું શાસ્ત્રોક્ત વિધાન 'શ્રીતત્વનિધિ'માં જોવા મળે છે. જે અનુસાર નવદુર્ગાના નામો આ મુજબ છે: ૧.શૈલપુત્રી, ૨.બ્રહ્મચારીણી, ૩.ચંદ્રઘંટા, ૪.કુષ્માણ્ડા, ૫.સ્કંધમાતા, ૬.કાત્યાયની, ૭.કાલરાત્રી, ૮.મહાગૌરી અને ૯.સિદ્ધિદાત્રી આ નવદુર્ગાને સર્વસામાન્ય રીતે પૂજવામાં આવે છે પરંતુ તેનું મૂર્તિવિધાન જોવા મળતું નથી, જયારે આગમો અને રૂપાવતાર મુજબની નંદા, ક્ષેમકરી, હરસિદ્ધિ અને મહિષાસુરમર્દિની મૂર્તિઓ અને મંદિરો જોવા મળે છે. આ સિવાય દુર્ગા સપ્તશતી મુજબ નવદુર્ગાના નામ ક્રમ સહીત આપેલ છે.

प्रथमं शैलपुत्री च द्वितीयं ब्रह्मचारिणी।
तृतीयं चन्द्रघण्टेति कूष्माण्डेति चतुर्थकम् ॥
पंचमं स्कन्दमातेति षष्ठं कात्यायनीति च।
सप्तमं कालरात्रीति महागौरीति चाष्टमम् ॥
नवमं सिद्धिदात्री च नवदुर्गाः प्रकीर्तिताः।
उक्तान्येतानि नामानिब्रह्मणैव महात्मना

આ મુજબ નવદુર્ગાનું પૂજન અર્ચન ખાસ કરીને નવરાત્રી દરમિયાન કરવામાં આવે છે, સનાતન ધર્મના શાસ્ત્રો મુજબ ચાર નવરાત્રીઓનો ઉલ્લેખ જોવા મળે છે, જેમાં ચૈત્રીનવરાત્રી, અષાઢીનવરાત્રી, આસોની નવરાત્રી અને માઘ એટલે મહામાસની નવરાત્રી જે દરેક સુદ પડવાથી નવમી સુધી હોય છે. એવું કહેવાય છે કે ત્રેતાયુગમાં ભગવાન શ્રીરામચંદ્રએ અશ્વિનમાસ એટલે કે આસો સુદ પડવાથી નવમી સુધી નવ દિવસ નવદુર્ગાની આરાધના કરી અને શક્તિ મેળવી દસમા દિવસે વિજયદશમીના રોજ નવદુર્ગાની કૃપાથી રાવણનો વધ કર્યો હતો. આથી આસો માસની નવરાત્રીનું વિશેષ મહાત્મય છે. જયારે ચૈત્ર નવરાત્રી સૌથી મોટી અને અષાઢી નવરાત્રી ગુપ્ત નવરાત્રી કહેવાય છે. ગુપ્ત નવરાત્રી દરમિયાન તાંત્રિકો મહત્તમ નવદુર્ગાની જગ્યાએ દશમહાવિદ્યાની સાધના કરતાં હોય છે.

મહિષાસુરમર્દિની : આમતો દેવીએ માર્કંડેય પુરાણમાં આવતા દેવી મહાત્મયમાં પોતેજ ઉચ્ચારેલું છે, કે "વૈવાત્સ્યમાન મનવંતરના દ્વાપરયુગના અંતે શુંભ અને નિશુંભ નામના અસુરો જન્મશે, હું નંદ નામના ગોવાળને ત્યાં જન્મલઈને 'નંદાદેવી' તરીકે ઓળખાઈશ, અને વિધ્યાચલમાં હું નિવાસ કરીશ જેથી મને વિન્ધ્યવાસીની તરીકે પણ સૌ ઓળખશે. અને દ્વાપરને અંતે વિપ્રચિતને ત્યાં જન્મેલ અસુરોને હું ખાઈશ આથી મારા દાંત, વાળ, શરીર અને શસ્ત્ર લાલ રંગના હશે એથી રક્ત ચામુંડા તરીકે ઓળખાઈશ. પછી આ સંસારમાં ૧૦૦ વર્ષનો દુષ્કાળ પડશે એ સમયે હું ઋષિ-મુનિઓની પ્રાર્થનાથી પાર્વતીના શરીરમાંથી સેકડો ચક્ષુઓ સાથે જન્મ લઈશ આથી હું શતાક્ષી તરીકે ઓળખાઈશ. વૈવાત્સ્યમાન મનવંતરના ચોથા યુગમાં સૌ પ્રાણીઓ અને મનુષ્યોની રક્ષા હું જીવન ટકાવી શકે તેવા શાકભાજીથી કરીશ આથી હું શાકંભરી તરીકે ઓળખાઈશ, આ સ્વરૂપમાં દુર્ગમ નામના અસુરને મારીને હું દુર્ગા તરીકે ઓળખાઈશ, ત્યારબાદ હું હિમાલયમાં જઈ ભીમા નામનું ભયંકર રૂપ ધરીને ભમરોની મદદથી અરુણ નામના અસુરને મારી ભ્રામરી તરીકે ઓળખાઈશ." આમ માર્કંડેય પુરાણમાં વર્ણવવામાં આવ્યું છે.



દેવીમહાત્મય અનુસાર રંભનામના અસુર અને ભેંસથી મહિષનામના અસુરનો જન્મ થયો આ હાલના મૈસુરમાં ચંડીહિલ પર દુર્ગાએ પોતાના વિવિધ સ્વરૂપો મહાકાલી, ચામુંડા પ્રગટ કરી શુંભ-નિશુંભ, રક્તબીજ, ધુમ્રાક્ષ અને અંતે મહિષાસુરનો અંત કર્યો. મહિષાસુરમર્દિની નું મૂર્તિવિધાન સંપૂર્ણ ભારતમાં અદભુત રીતે અને બહોળા પ્રમાણમાં જોવા મળે છે. દરેક દુર્ગમાં ભૈરવ અને મહિષાસુરમર્દિની એ દુર્ગના દ્વારે રક્ષક તરીકે જોવા મળે છે. ગુજરાતમાં પણ આ પ્રકારના શિલ્પો વૈવિધ્ય પૂર્ણ જોવા મળે છે, જેમાં પાટણની રાણીની વાવમાં આવેલ મહિષાસુરમર્દિની નું શિલ્પ અદભુત છે. જાણે માઁ ભગવતી સ્વયં અવતર્યા હોય એવો ભાસ કરાવે છે, આ મૂર્તિ એક જ રેતીયા પથ્થર (sand stone)માંથી કંડારવામાં આવી છે, માઁ ભગવતીની પરિકર યુક્ત મૂર્તિમાં નવદુર્ગા, પરિકરના મંડળમાં દેવી દેવતાઓ દ્વારા પુષ્પવર્ષા સ્તુતિગાન કરતા હોય જાણે, વિશ ભુજાઓ માં ખડગ,ડમરું, વરદ, કમલ, શૂળ, અંકુશ, ગદા, ત્રિશુલ, વજ્ર, મહિષાસુરમુંડ, પાશ, સર્પ, ઘંટ, ખપ્પર, ઢાલ, દંડ, ધનુષ જેવા આયુધો ધારણ કરેલા છે, માથે કરડ મુગટ ધારણ કરેલો છે, માંના ભયથી થરથરી ભાગતા મહિષ (પાડા) પર ભગવતીએ ચક્રનો પ્રહાર કરી દ્વાળ્યો, માંના વાહન હાવજે એને ઝાલ્યો છે, માં એ પોતાના ખડગ વડે એનું શીશ ધડથી અલગ કરીને મહિષાસુર નામના અસુરને મુંડકેશ થી પકડી બહાર કાઢી ને પોતાની મહાભયંકર શક્તિ ત્રિશુલ વડે એનો વધ કર્યો. એવું અદભુત શિલ્પ છે.

ચામુંડાઃ ચામુંડા અને ચંડી બંનેનું મૂર્તિવિધાન જુદું જોવા મળે છે, રક્તચંડી, સ્મશાનચંડી એ અતિ ઉગ્ર છે અને રક્તનું પાન અને અસુર દેહનું માસ આરોગે છે, ચંડી અને ચામુંડાનું મુંર્તિ વિધાન પણ સમગ્ર ભારતમાં ખુબ બહોળા પ્રમાણમાં જોવા મળે છે. ગુજરાતમાં પણ ખુબ સારી માત્રામાં ખાસકરીને શિવમંદિરના મંડોવરના ઉત્તરી મુખ્ય ગવાક્ષમાં, સપ્તમાતૃકાની પેનલમાં ચંડી જોવા મળે છે, પણ પાટણની રાણકી વાવમાં ચામુંડાની પરિકર યુક્ત પ્રતિમા અદભુત છે. દસ ભુજા, વિચિત્ર ભાવમુદ્રા યુક્ત આ શિલ્પ એ અલભ્ય શિલ્પ છે.જેમાં જટા મુકટમાં મુંડમાળ, દસ ભુજાઓમાં ખડગ, સર્પ, ત્રિશુલ, દુર્લભ જોવા મળતી કટાર, ખટવાંગ, લલિત મુદ્રા, વરદ મુદ્રા અને એક હાથમાંથી વિચિત્ર ભાવ સાથે જાણે મુંડ નીચે પડી ગયું છે, અને નીચે રહેલ પાર્થિવ શરીરના મુંડમાંથી રક્ત ટપકતું માંસ પ્રેત ખાઈ રહ્યું છે, એવો ભાસ થાય છે, એટલે કે આ સ્મશાન ચામુંડા છે.


ચામુંડા માતાનું શિલ્પ, પાટણ

ચામુંડાના બે સ્વરૂપ છે, ઉગ્ર અને સૌમ્ય. આ શિલ્પમાં માતાના શરીરને એ રીતે કંડારવામાં આવ્યું કે શરીરનું હાડ પિંજર અને પેશીઓ સ્પષ્ટ દેખાય છે, આ પ્રકારનું શિલ્પ રેતીયા પથ્થર(sand stone) માં કાંડારવું ખૂબ મુશ્કેલ હોય છે આથી આ શિલ્પ તે સમયના શિલ્પકારોની કુશળતા અને મહાનતાની સુપેરે સાક્ષી પુરે છે.

માતૃકાઓ ઉત્પત્તિ અને સપ્તમાતૃકા : આમતો ઈશ્વરીય પરમ ચેતનાનું કોઈ લિંગ ને આધીન નથી. એ નથી સ્ત્રી કે નથી પુરુષ. સમગ્ર સંસારનું એ સંચાલન કરતી અદ્રશ્ય અલૌકિક શક્તિ છે, જેને આપણે માં નો દરજ્જો આપ્યો છે કારણકે એ જ સૌની જનની છે. ભારતીય પ્રાચીન આર્ય સંસ્કૃતિ મૂળતો પ્રકૃતિ પૂજક રહી છે. આધુનિક અને સંશોધિત ઈતિહાસકારોના મતે હડપ્પીય સંસ્કૃતિ(૨૫૦૦ થી ૧૭૫૦ ઈ.સ.પૂર્વ) ભારતમાં સૌથી પ્રાચીન છે એ જ આપની મૂળ સંસ્કૃતિનો ભાગ કે જુદી એ એટલા માટે સાબિત નથી થઈ શક્યું કે એની ભાષા શું હતી એ ઉકેલવામાં હજી આપણને સફળતા મળી નથી. પરંતુ પશુપતિ, અને માતૃદેવીની પુજાના અવશેષો મળ્યા હોઈ માતૃકા (માતૃ પૂજા અને પ્રાધાન્ય એટલું તો) પ્રાચીન છે એ સાબિત થાય જ છે. એ સમયે માતૃ પ્રધાન કુતિમ વ્યવસ્થા અને માતૃ દેવી કે શક્તિની પૂજા ઉપાસનાના વિપુલ પ્રમાણમાં અવશેષો મળ્યા છે. આમ ભારતીય સમુદાય પ્રકૃતિના અંગોમાં વૃક્ષો, નદી, ગાય વગેરે જે માનવજાતને પોષે છે, તેને માતૃનો દરજ્જો આપી પૂજાનું જુનું વિધાન જોવા મળે છે.

પરંતુ માતૃકા ઉત્પત્તિની ભારતીય શાસ્ત્રો મુજબ પૌરાણિક છે. એ મુજબ કશ્યપ અને દિતિના પુત્રો હિરણ્યાક્ષ અને હિરણ્યકશ્યપને ભગવાન વિષ્ણુના અનુક્રમે વરાહ અને નરસિંહ અવતારે મારી નાખ્યા બાદ હિરણ્યાક્ષને શિવ વરદાનથી અંધકનામે પુત્ર હતો. તે મહા શક્તિશાળી હતો શિવપુરાણ મુજબ તે શિવનો અંશ હતો પરંતુ અસુરને આપ્યો હોઈ તેમાં અસુરી વૃત્તિ વધુ હતી. આ અંધકને વરદાન હતું કે તેના લોહીના એક એક ટીપે અંધક ઉત્પન્ન થાય. આથી એ વરદાનના અભિમાનમાં એને માંતા પાર્વતીનું અપમાન કર્યું. આથી ભગવાન શિવ સહીત દેવોની અધ્યાત્મિક ઉર્જારૂપ સેના તથા અંધકની અજ્ઞાન અને અંધકાર રૂપી આસુરી સેના વચ્ચે ભયંકર યુદ્ધ થયું. પરંતુ અંધકને પ્રાપ્ત વરદાનના કારણે દેવ સેના પરાજય તરફ જુકી આથી દેવોએ દેવીનું આહ્વાહન કર્યું. સ્ત્રી શક્તિનું આપમાન આ યુદ્ધના મુખ્ય કારણમાં આથી દેવીએ દરેક દેવમાં રહેલ સ્ત્રી તત્વનું આહવાહન કરતાં. દરેક દેવનું સ્ત્રીરૂપ પ્રકટ થયું. જે આ સંસારમાં માતૃકા રૂપે પૂજાય છે. જેમાં શિવમાંથી શાંભવી, વિષ્ણુની વૈષ્ણવી, બ્રહ્માની બ્રાહ્મણી, ઈન્દ્રની ઐન્દ્રિ, ગણપતિની વિનાયકી, કાર્તિકેયની કૌમારી, વરાહથી વારાહી, નરસિંહથી નારસિંહી, એમ દરેક દેવની સ્ત્રી શક્તિએ ભૈરવના નેતૃત્વમાં શિવ ત્રિશુલ વાગવાથી અંધાકનું જે લોહી વહ્યું તે પી લીધું આથી અંધકનો વધ શિવ દ્વારા થયો. આ દેવીશક્તિ મહાવિદ્યા, યોગીની અને માતૃકા રૂપે ઓળખાય છે. મુખ્ય સાત દેવની માતૃકાઓ સપ્ત માતૃકા રૂપે મંદિરોના ગવાક્ષ, વાવ, તળાવો વગેરે સ્થાપત્યોમાં બેઠેલી, ઉભી અને પુત્રને ખોળામાં રાખી કે સ્તનપાન કરાવતિ પ્રતિમા રૂપે આપણને જોવા મળે છે. ગુજરાતમાં સપ્તમાતૃકા ખુબ જ મોટી સંખ્યામાં જોવા મળે છે એમાં ખાસ કરીને વડનગરનો માતૃકાપટ્ટ, લાડોલ અને કલેશ્વરીમાં માતૃકા પટ્ટ ખુબ સારા છે.

૬૪ યોગીનીઓઃ આપણે ઉપર જોયા મુજબ આદિશક્તિના ઘટનાક્રમે થયેલ વિસ્તરણથી અનેક દેવીઓની ઉત્પત્તિ થઈ. આ દેવીઓના કર્મું પૂર્ણ થતાં દેવી ધ્યાનયોગમાં લીન થઈ જાય છે અને જયારે અહવાહન કરવામાં આવે ત્યારે દેવી પ્રગટ થાય છે, અને એક પૌરાણિક કથા મુજબ ઘોર નામના દૈત્યનો સહાર કરવા યોગીનીઓ માં પાર્વતીના આહવાહનથી પ્રગટ થઈ હતી. એમ દેવી ભાગવત, માર્કંડેય પુરાણ, વિષ્ણુધર્મોત્તર પુરાણમાં દર્શાવવામાં આવ્યું છે. આમ આ જ દેવીઓને અષ્ટ મુખ્ય અને કુળ ૬૪ યોગીનીઓ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ ચોસઠ યોગીનીઓના ભારતમાં મુખ્ય ૦૪ મંદિરો જોવા મળે છે જેમાં ઈસ.ની નવમી સદીમાં બનેલ ખજુરાહો મધ્યપ્રદેશ તથા સૌથી વિશિષ્ટ મુરેના મધ્યપ્રદેશમાં આવેલું ૬૪ યોગીની મંદિર છે જે મંદિરની મૂળ વાસ્તુ પરથી ભારતના સંસદ ભવનની ડીઝાઈન બનાવવામાં આવેલ હતી. મુરેનાના મંદિરમાં આવેલ ૬૪ યોગીનીઓની પૂર્ણ કદની પ્રતિમાઓ તેમના આયુધો અને મૂર્તિ લક્ષણો મુજબ શ્રેષ્ઠ ગણવામાં આવે છે. આ સિવાય ઓરિસ્સામાં બે અન્ય મંદિરો જોવા મળે છે. મુખ્ય અષ્ટ યોગીનીઓ : ૧.સુરસુંદરી યોગીની, ૨.મનોહરા યોગીની, ૩. કનકાવતી યોગીની, ૪.કામેશ્વરી યોગીની, ૫.રતીસુંદરી યોગીની, ૬.પદ્મિની યોગીની, ૭.નતિની યોગીની અને ૮.મધુમતી યોગીની.

આ સિવાય ૬૪ યોગીનીઓનો ઉલ્લેખ અને મૂર્તિવિધાન આ મુજબ છે. ૧.બહુરૂપા, ૨.તારા, ૩.નર્મદા, ૪.યમુના. ૫.શાંતિ, ૬.વારુણી, ૭.ક્ષેમકરી, ૮.ઐન્દ્રિ, ૯.વારાહી, ૧૦.રણવીરા, ૧૧.વાનરમુખી, ૧૨.વૈષ્ણવી, ૧૩.કાલરાત્રી, ૧૪.વૈધરૂપા, ૧૫.ચર્ચીકા, ૧૬.બેતલી, ૧૭.છિન્નમસ્તીકા, ૧૮.વૃષવાહની, ૧૯.જ્વાલા. ૨૦.ઘટ્વારા, ૨૧.કરાકાલી, ૨૨.સરસ્વતી, ૨૩.વિરૂપા, ૨૪.કૌવેરી, ૨૫.ભલુંકા, ૨૬.નારસીહીં, ૨૭.વિરજા, ૨૮.વિક્તાના, ૨૯.મહાલક્ષ્મી, ૩૦.કૌમારી, ૩૧.મહામાયા, ૩૨.રતિ, ૩૩.કરકલી, ૩૪.સર્પશા, ૩૫.યક્ષિણી, ૩૬.વિનાયકી. ૩૭.વિંધ્યવાસીની, ૩૮.વીરકુમારી, ૩૯.માહેશ્વરી, ૪૦.અંબિકા, ૪૧.કામિની, ૪૨.ઘટાબરી, ૪૩.સ્તુતિ, ૪૫.ઉમા, ૪૬. નારાયણી, ૪૭.સમુદ્ર, ૪૮.બ્રહ્મીની, ૪૯.જવાળામુખી, ૫૦.આગ્નેયી, ૫૧.અદિતિ. ૫૨.ચન્દ્રકાન્તી, ૫૩.વાયુવેગા, ૫૪.ચામુંડા, ૫૫.મુરતિ. ૫૬.ગંગા, ૫૭.ધુમાવતી, ૫૮.ગાંધાર, ૫૯.સર્વમંગલા, ૬૦.અજીતા, ૬૧.સૂર્યપુત્રી, ૬૨.વાયુવીણા, ૬૩.અઘોર અને ૬૪.ભદ્રકાળી (મહાકાળીનું સૌમ્ય રૂપ).



દેવી મંદિરના ગર્ભગૃહની દ્વારપાલીકાઓ : આદેવીઓના સ્વતંત્ર મંદિરો ઘણી જગ્યાએ જોવામળે છે, એ મંદિરોના દ્વારશાખની કુમ્ભીકાના ગવાક્ષમાં દ્વારપાળોની જગ્યાએ દ્વારપાલીકાઓ નું પણ મૂર્તિવિધાન છે. સમરાંગણ સુત્રધાર, રૂપમંડન અને રૂપાવતારમાં આમુજબ ઉલ્લેખો છે :

ક્રમ	નામ	દિશા	બાજુ	આયુધ ક્રમ			
૧	જયા	પૂર્વ	ડાબી	અભય	અંકુશ	પાશ	દંડ
૨	વિજયા	પૂર્વ	જમણી	પાશ	દંડ	અભય	અંકુશ
૩	અજીતા	દક્ષીણ	ડાબી	અભય	કમળ	પાશ	દંડ
૪	અપરાજિતા	દક્ષીણ	જમણી	પાશ	દંડ	અભય	કમળ
૫	વિભાક્તા	પશ્ચિમ	ડાબી	અભય	વજ્ર	અંકુશ	દંડ
૬	મંગલા	પશ્ચિમ	જમણી	અંકુશ	દંડ	અભય	વજ્ર
૭	મોહિની	ઉત્તર	ડાબી	અભય	શંખ	પદ્મ	દંડ
૮	સ્તમ્ભીની	ઉત્તર	જમણી	પદ્મ	દંડ	અભય	શંખ

અણીમાં, ગરિમા, મહિમા, લધીમાં, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઈશિત્વ, અને વશિત્વ જેવી અષ્ટ સિદ્ધિઓ ની પ્રાપ્તિઓ હેતું તાંત્રિકો અને સિદ્ધ થવાની કામના વાળા આ દેવીઓની ઉપાસના કરે છે, દેવી ઉપાસના માટે મુખ્ય મંત્ર જે કોઈ પણ તંત્રનો ભાગ હોય છે એના છંદબદ્ધ ઉચ્ચાર,જાપ થી એ મંત્ર સિદ્ધ થાય છે, કોઈ વિઘ્ન ના આવે અને ચોક્કસ કાર્ય સિદ્ધિ થાય એના માટે યંત્ર હોય છે. દરેક દેવ દેવીનું ચોક્કસ યંત્ર હોય છે. આ યંત્ર એ ઉર્જાનું કેન્દ્રીકરણ કરી આપે છે અને યંત્રના ક્ષેત્રમાં કોઈ અન્ય અનિષ્ટકારી શક્તિ પ્રવેશી વિઘ્ન ઉત્પન કરી શકિત નથી એવું સિદ્ધિવાંછુંઓ મને છે. દેવીનું શ્રીયંત્ર યંત્રોમાં શ્રેષ્ઠ માનવામાં આવે છે. મુદ્રા : દરેક દેવી દેવતાના અહવાહ હેતું ચોક્કસ મુદ્રા હોય છે એમ દેવીની મુદ્રા એ યોની મુદ્રા હોય છે.







અન્ય મહત્વના દેવી સ્વરૂપો :

અન્ય દેવી સ્વરૂપોમાં લક્ષ્મીના મોટાબહેન જેષ્ઠાદેવી જેનું મૂર્તિ વિધાન પ્રાચીન કાળથી માનવામાં આવે છે, અમુક ગ્રંથો તેને દુર્ગાની બહેન જેષ્ઠા પણ કહે છે, ભારતમાં ઘણી જગ્યાએ જેષ્ઠાની મૂર્તિઓ જોવા મળી છે. 'શીતળાદેવી' શીતળા દેવી દુર્ગા કે પાર્વતીનું જ એક રૂપ માનવામાં આવે છે, આ દેવી રોગનાશની તરીકે ઓળખાય ઓળખાય છે, શિવ અને દેવીમંદિરના મંડોવર માં આ દેવીની પ્રતિમાનો ગવાક્ષ જોવા મળે છે. સ્વાહાદેવી અગ્નિ દેવની પત્ની તરીકે ઓળખાય છે.આ દેવીનું મૂર્તિ વિધાન પણ જોવા મળે છે, પાટણની રાણકી વાવમાં સુંદર મુર્તીમંદન જોવા મળે છે. કૌબેરી યક્ષરાજ કુબેરની પત્ની અને સૂર્યદેવની પુત્રી ભદ્રા તરીકે પણ ઓળખાય છે. આ દેવીની મૂર્તિઓ મંદિરની કુમ્ભીના દેવતામાં મહદ અંશે જોવા મળે છે. મોઢેરાના સૂર્યમંદિરના રંગમંડપના મંડોવરમાં સુંદર મૂર્તિ જોવા મળે છે. અદિતિ દેવી કે લજ્જાગૌરી આદેવી જનની એટલે કે જન્મદાત્રી અને સ્ત્રીતત્વની દેવી છે, અદિતિ સર્વ દેવતા અને એના અંશો ક્ષત્રિયો અને અન્ય માનવ સમુદાયની માતાઓ તરીકે ઓળખાય છે. સંજ્ઞા, છાયાં, ઉષા, પ્રત્યુશા જે ભગવાન સૂર્યની પત્ની સુર્યાણી અને સેવિકાઓ તરીકે સુંદર પ્રતિમાઓ જોવા મળે છે. આ સિવાય દિગ્પાલોના સ્ત્રીરૂપો પણ જોવા મળે છે. નવલખા મંદિર અને મોઢેરાના સૂર્યમંદિરના રંગમંડપના મંડોવરમાં સુંદર મૂર્તિ મંડન થયેલું જોઈ શકાય છે.

***લેખક રાજકોટ જીલ્લામાં જિલ્લા યુવા વિકાસ અધિકારી છે.**

શક્તિ - પરમાત્માનું વિલોમ

- સાહિલ કુમાર નાગપાલ



બૌદ્ધિક ઉત્ક્રાંતિના ઉદયથી જ મનુષ્યના મનમાં એક પ્રશ્ન ભ્રમણ કરતો રહ્યો છે કે, 'સૃષ્ટિનું સર્જન ક્યાંથી થયું, કઈ રીતે થયું અને ક્યારે થયું?'. આજના આધુનિક બ્રહ્માંડ વૈજ્ઞાનિકો (cosmologist) ને પૂછો તો એ કહેશે કે બ્રહ્માંડ એક બિગ બેંગથી શરૂ થયું હતું. પરંતુ આપણા વિવિધ પુરાતન વિજ્ઞાન દર્શનો જેમકે, વેદાંત દર્શન, ન્યાય દર્શન, સાંખ્ય દર્શન વગેરેમાં સૃષ્ટિના સર્જનનું વર્ણન વિસ્તારપૂર્વક કરેલું છે અને એ પણ વૈજ્ઞાનિક આધાર પર.

આ વર્ણન આધુનિક વિજ્ઞાન જોડે મેળ ખાય છે અને ઘણા વૈજ્ઞાનિકોએ આપણા શાસ્ત્રોનું અધ્યયન કરીને નવી ખોજ પણ કરેલી છે. જે. રોબર્ટ ઓપેનહાઈમર ન્યુક્લિયર બોમ્બના સંસ્થાપક ગણાય છે. તેઓ પણ આપણા શાસ્ત્રોનું અધ્યયન કરતા હતા. ડેન એરલી અને ડેનિયલ ગોલમેન જેવા સાયકોલોજીના વિશેષજ્ઞો પણ ઈસ્ટર્ન કલ્ચર્સનું અધ્યયન કરે છે. હજી પણ આ શાસ્ત્રોમાં એવું ઘણું વિજ્ઞાન છે, જે આધુનિક વૈજ્ઞાનિકોને તેમના રિસર્ચ વર્કમાં ખૂબ જ લાભ આપી શકે છે, કારણ કે શાસ્ત્રોમાં જે પણ જ્ઞાન-વિજ્ઞાન છે એ આપણા યોગીઓ અને ઋષિમુનિઓના હજારો વર્ષો ના અધ્યયન, તપસ્યા અને સ્વાધ્યાયનું પરિણામ છે. કેવળ વૈજ્ઞાનિકોને જ નહીં, પરંતુ આ જ્ઞાન-



વિજ્ઞાન આપણને આપણા અંગત જીવનમાં પણ ઘણો લાભ કરી શકે છે. આ જ્ઞાન-વિજ્ઞાન આપણું જીવન ખૂબ જ સરળ, સફળ અને સંતુષ્ટ બનાવી શકે છે. આ જ્ઞાન-વિજ્ઞાન શું છે અને આપણા અંગત જીવનમાં તેનાથી શું લાભ થશે અને કઈ રીતે થશે એની એક ઝલક આપણે આ લેખમાં જોઈશું.


શક્તિ એટલે શું?

પુરાણ જુઓ કે ઉપનિષદનું અધ્યયન કરો કે બીજા દર્શનશાસ્ત્રો વાંચો, તમને એક જ વર્ણન મળશે પણ કદાચ નામ જુદાં-જુદાં હશે. વર્ણન એવું છે કે પહેલા કશું નહોતું અને એ જે કશું નહોતું તેનું વેદાંત દર્શનમાં હિરણ્યગર્ભ, સાંખ્ય દર્શનમાં પુરુષ, તંત્ર શાસ્ત્રોમાં શિવ અને ભાગવતમાં ભગવાનના નામે વર્ણન કર્યું છે. એ ભગવાન, એ શિવને ઈચ્છા થઈ કે હું વિસ્તરું. હું એકમાંથી અનેક થાઉં અને પછી સૃષ્ટિના સર્જનની પ્રક્રિયા શરૂ થઈ. આ પ્રક્રિયા હજુ પણ પોષણ પ્રક્રિયા અને વિનાશ પ્રક્રિયા સાથે સમાંતર ચાલે છે અને તે મહાપ્રલય સુધી ચાલશે. એ પરમતત્વમાંથી જે સર્જાયું એ બધું જેના અંતર્ગત અને આધીન છે એને



શક્તિ કહેવાય છે. આ શક્તિને સંખ્યાન દર્શન પ્રકૃતિના નામે ઓળખે, ભાગવત તેને ભગવતીના નામે ઓળખે, વેદાંત દર્શન તેને માયા કાં તો અવિદ્યાના નામથી ઓળખે. આધુનિક વિજ્ઞાનમાં જે એનું નજીકનું વર્ણન કરી શકે એ મેટર અને એનર્જી છે. પણ સાધારણ વ્યક્તિ માટે શક્તિ એટલે શું? આપણે જે કાંઈપણ જાણીએ છીએ એ બધું જ શક્તિ છે. આપણા વિચારો, વિચારના વિષયો, આપણી ઈન્દ્રિયો, ઈન્દ્રિયના વિષયો, આપણા કર્મ અને તેના ફળ, આપણી ઈચ્છાઓ, આપણી વિચારધારા, એ બધું જ શક્તિના અંતર્ગત આવે છે. જે આપણે આંખોથી જોઈએ, કાનોથી સાંભળીએ, નાકથી સૂંઘીએ, મોઢાથી બોલીએ, મનમાં વિચારીએ, બુદ્ધિથી નિર્ણય લઈએ, એ બધું જ શક્તિના અંતર્ગત છે. આપણે જે કંઈપણ કાર્યો કરીએ છીએ, સારાં કે ખોટાં અને એના જે પણ ફળ મળે, સારાં કે ખોટાં, એ બધું જ શક્તિના અંતર્ગત છે. આપણા જીવનમાં સુખ હોય કે દુ:ખ હોય, સફળતા હોય કે અસફળતા હોય એ બધું જ શક્તિના અંતર્ગત છે. ટૂંકમાં જીવન શક્તિના અંતર્ગત છે. આ શક્તિના જે ગુણ જ્યારે પ્રભાવી હોય એ નિર્ણય કરે કે આપણું જીવન કઈ રીતે ચાલે.

શક્તિ કઈ રીતે કામ કરે?



શાસ્ત્રો મુજબ શિવ નિર્ગુણ છે, પણ શક્તિ સગુણ છે. શક્તિના ૩ ગુણ છે, એટલે કે આપણા વિચારો અને આપણા કર્મોના પણ ૩ ગુણ છે. આ ૩ ગુણના નામ સત્વ, રજસ અને તમસ છે. સત્વ એટલે જેમાં બિલકુલ ઓછું ઘર્ષણ હોય. સત્વમાં પ્રયાસરહિત ચળવળની શક્યતા વધારે હોય, અને સત્વમાં ગતિ પણ વધારે હોય. પાણીમાં વસ્તુની ગતિ વાયુ કરતા ઓછી હોય અને પૃથ્વીમાં વસ્તુની ગતિ પાણી કરતા પણ ઓછી હોય. તમે હવામાં હાથ ફેરવો અને પાણીમાં હાથ ફેરવો તો પાણીમાં તમને વધારે જોર પડે અને માટીમાં હાથ ફેરવો તો પાણી કરતા પણ વધારે જોર પડે. એનું કારણ કે પૃથ્વી કરતા પાણીમાં સત્વ વધારે છે અને પાણી કરતા વાયુમાં સત્વ વધારે છે. રજસ એટલે જેમાં ઘર્ષણ થોડું વધારે હોય અને તમસમાં ઘર્ષણ સૌથી વધારે હોય. સત્વમાં પ્રયાસ ઓછો કરવો પડે, રજસમાં ઘણો પ્રયાસ કરવો પડે અને તમસમાં પ્રયાસ કરવામાં ખૂબ જોર પડે. આખી સૃષ્ટિ આ ૩ ગુણોથી ભરી પડી છે. આ ૩ ગુણની બહાર કશું જ નથી. વરસાદ, ગરમી, ઉમસ, શીત, વહેતું પાણી, ચાલતો પવન, દિવસ, સાંજ, ટ્રાફિક, વ્યવહાર, પ્રેમ, ભૂખ, તરસ બધું જ આ ૩ ગુણ ધરાવે છે. જ્યારે આપણા જીવનમાં શક્તિના આ ૩ ગુણ એકબીજાના સમન્વયમાં હોય તો આપણું જીવન એકદમ સરળ રીતે ચાલે છે અને સમજો કે દેવીમા (શક્તિ) ના આશીર્વાદ આપણા પર છે, પણ જો આ ૩ ગુણ એકબીજાના સમન્વયમાં ના હોય તો જીવનમાં ઘર્ષણ વધે અને સમજો કે દેવીમા (શક્તિ) નો શ્રાપ આપણા પર છે.



શરીર - મન - જીવન

શક્તિના આ ૩ ગુણ સેલ્યુલર લેવલ પર કામ કરે, પણ શક્તિને સમજવા માટે આપણે એને મોટા જૂથમાં સમજીએ. આપણા શરીરમાં જે હાડમાસ છે એમાં તમસ ગુણ વધારે છે અને જે લોહી અને બીજા દ્રવ્યનું વહન છે એમાં રજો ગુણ વધારે છે. જે શ્વાસ-પ્રતિશ્વાસ છે એમાં સત્વ ગુણની પ્રધાનતા છે. આપણું શરીર અને મન આ ૩ ગુણના પ્રભાવમાં હોય છે. આ તો વાત થઈ શરીરની. હવે જાણીએ મનને. મન જ્યારે ખૂબ થાકયું હોય અને એને આરામ સિવાય બીજું કાંઈ ના સૂઝે, એ સમયે મન તમો ગુણના પ્રભાવમાં છે. મન જ્યારે ચંચળ અને કશું કરવાની ઈચ્છા ધરાવે ત્યારે તે રજો ગુણના પ્રભાવમાં હોય અને મન જ્યારે નિર્વિચાર હોય પણ સતર્ક હોય ત્યારે તે સત્વ ગુણના પ્રભાવમાં હોય.

આરામ શરીર અને મન માટે જરૂરી છે અને એ તમો ગુણમાં જ ચોક્કસ રીતે થઈ શકે છે. કામ કરવું સામાજિક જીવન માટે જરૂરી છે અને તે રજો ગુણમાં જ ચોક્કસ રીતે થઈ શકે છે અને પ્રેરણા ઉત્તમ જીવન માટે જરૂરી છે, જે સત્વ ગુણમાં જ ચોક્કસ રીતે થઈ શકે છે. એટલે ત્રણે ગુણનું માહાત્મ્ય છે અને ત્રણે ગુણ તેના સમય પર જરૂરી હોય છે. આપણું શરીર અને મન આ ૩ ગુણના પ્રભાવમાં હોય છે અને ૨૪ કલાકના સમયમાં અલગ-અલગ સમયે અલગ-અલગ ગુણની પ્રધાનતા હોય છે.


https://www.pexels.com/@shiva-smyth-394854

આપણા જીવનમાં શક્તિના ત્રણે ગુણનો શું પ્રભાવ છે?

જેમ આપણા શરીરમાં અલગ-અલગ ગુણની પ્રધાનતા હોય છે.

જેમ આપણા શરીરમાં અલગ-અલગ સમયે અલગ-અલગ ગુણની પ્રધાનતા હોય છે, તેમ જ અલગ-અલગ સમયે વાતાવરણમાં પણ અલગ-અલગ ગુણની પ્રધાનતા હોય છે. જેમ કે, સવારના સમયે સત્વ ગુણની પ્રધાનતા હોય છે અને બપોરના સમયે રજો ગુણની પ્રધાનતા હોય છે. સાંજના સમયે તમો ગુણની પ્રધાનતા હોય છે. આપણું શરીર ઉઠયા પછી સત્વ ગુણમાં હોય છે અને એના થોડા સમય પછી રજો ગુણમાં આવે અને ખાસું કામ કર્યા પછી તે તમો ગુણમાં આવે. આપણા શરીરનો પ્રધાન ગુણ સમયના પ્રધાન ગુણ સાથે જેટલો સમન્વયમાં હોય, આપણા જીવનમાં શક્તિનો તેટલો સકારાત્મક પ્રભાવ પડે. પરંતુ, આપણા અને સમયના પ્રધાન ગુણમાં જેટલો અસુમેળ હોય તેટલો જીવન માં સંઘર્ષ વધે. જેમ કે, જ્યારે સવારના પ્હોરમાં સૂર્યોદયના ઠીક પહેલા જ્યારે વાતાવરણમાં પ્રધાનતા સત્વ ગુણની હોય છે, તે જ સમયમાં જો આપણે ઉઠીએ તો આપણા શરીરમાં સત્વ ગુણની પ્રધાનતા હોય છે અને આપણો પ્રધાન ગુણ અને વાતાવરણનો પ્રધાન ગુણ સમન્વયમાં આવે છે.

આવી પરિસ્થિતિમાં આપણી ચેતના એક અલગ લોકમાં હોય છે અને આપણે દૈવી શક્તિઓ સાથે જોડાઈએ છીએ, જેના પરિણામે આપણા મનમાં પ્રેરક વિચારો આવે છે અને પરોપકારી કાર્યો કરવાની ઈચ્છા થાય છે, જે પૂર્ણ રીતે સફળ જીવન જીવવા માટે અત્યંત જરૂરી છે. પણ જો આપણે એ સમયે સૂતા રહીએ તો વાતાવરણમાં સત્વ ગુણની પ્રધાનતા છે પણ આપણા શરીરમાં તમો ગુણની પ્રધાનતા હોય છે, જેથી કરીને આપણા કાર્યોમાં અને જીવનમાં સંઘર્ષ વધે છે.

ભૂપ્રદેશ અને ઋતુ પ્રમાણે લગભગ સવારના ૯:૩૦ થી ૧૧ વાગ્યા સુધી રજો ગુણની પ્રધાનતા વાતાવરણમાં વધે છે. એ સમયના નજીક જો આપણે ઉઠીએ તો શરીરમાં સત્વ ગુણ પ્રધાન હોય છે પણ વાતાવરણમાં રજો ગુણ પ્રધાન હોય છે, જે કાર્ય કરવા માટે ઉત્તમ છે. આવી પરિસ્થિતિમાં શરીરના પ્રધાન ગુણ અને વાતાવરણના પ્રધાન ગુણની વચ્ચે અસુમેળ હોવાના લીધે આપણા કાર્યો અચોક્કસ હોય છે, જેથી કરીને આપણા કાર્યોના ફળ જેવાં જોઈએ એવાં ના હોય. પણ જો આપણે વાતાવરણના પ્રધાન ગુણ સાથે આપણા શરીરના પ્રધાન ગુણ સુમેળમાં લાવી દઈએ, એટલે કે આપણે સમય પ્રમાણે ઉઠીને બધા જરૂરી કાર્યો જેમ કે શરીરનું શુદ્ધિકરણ (કસરત અને નહાવું-ધોવું) અને મનનું શુદ્ધિકરણ (પ્રાણનો સંચાર અને ધ્યાન) કરીએ અને બીજા બધા કાર્યો કરીએ તો આપણા બધા જ કાર્યો ખૂબ સરળ રીતે અને સાહજિકતાથી થાય અને જેવું જોઈએ એવું પરિણામ મળે. જે વ્યક્તિ શક્તિના આ ગુણને સમજે છે અને તેને પકડે છે, તે વ્યક્તિ તેટલો સિદ્ધ અને સફળ બને છે, પણ જો વ્યક્તિ ઈન્દ્રિયોના વશમાં ચાલે અને મનનો ગુલામ થાય તે વ્યક્તિ જીવનમાં સંઘર્ષ પોતે જ વધારે છે.

એવી જ રીતે ખાદ્યવસ્તુઓમાં પણ આ ત્રણ ગુણ હોય છે. જે સમય પર જે રીતનો ખોરાક લઈએ એ પ્રમાણે આપણા શરીરમાં એ ગુણ વધે અને એ ગુણ સમય અને પરિસ્થિતિ પ્રમાણે જેટલો વાતાવરણના પ્રધાન ગુણ જોડે સમન્વયમાં હોય, જીવનમાં એટલી સફળતા અને સરળતા વધે. ગુણોમાં જેટલો અસુમેળ હોય, જીવનમાં તેટલો સંઘર્ષ અને અસફળતા વધે.

જે વ્યક્તિના જીવનમાં શક્તિના ત્રણે ગુણોમાં જેટલો વધારે સમન્વય હોય, એ વ્યક્તિમાં એટલો સત્વ ગુણ વધે છે અને એનું આભામંડળ એટલું શુદ્ધ થાય છે. એના કાર્યો સરળ રીતે સિદ્ધ થાય છે. એવા વ્યક્તિને મળીને બીજાના જીવનમાં પણ સત્વ ગુણ વધે છે અને એવા વ્યક્તિઓને મળીને લોકોને આનંદ થાય છે. એવા વ્યક્તિઓ તરફ લોકો અને તક આપમેળે આકર્ષાય છે. એવા વ્યક્તિઓ પોતાને ઉપર લાવે, પોતાના પરિવાર, મિત્રો અને સગા-સંબંધીઓને ઉપર લાવે અને આખા સમાજને ઉપર લાવે છે. એવા વ્યક્તિઓ શિવ અને શક્તિના વ્હાલા હોય છે. તમે પણ એ વ્યક્તિ થાઓ એવી મારી પ્રાર્થના અને મારો પ્રયાસ છે.

***લેખક સંશોધક અને લાઈફ કોચ છે.**

બનાસકાંઠાના આદિવાસીઓની ઓળખ

ગુજરાતના શિરમોર સમા બનાસકાંઠા જિલ્લાના ઉત્તરે દાંતા અને અમીરગઢ તાલુકાના આદિજાતિ વિસ્તાર પાલનપુરમાં આવેલા છે. દાંતા પોકેટમાં ૧૨૩ ગામ આવેલા છે. તેની આદિજાતિ વસતી ૯૧,૪૬૮ છે. તેનો કુલ ભૌગોલિક વિસ્તાર ૬૩.૯૯૪ હેક્ટર છે. તે પૈકી ૩૯,૯૪૯ હેક્ટર જમીન વાવેતર લાયક છે. અમીરગઢ પોકેટમાં ૫૩ ગામો આવેલાં છે. તેની આદિજાતિ વસતી ૫૩,૮૦૮ છે. તેનો કુલ ભૌગોલિક વિસ્તાર ૪૬,૮૩૩ પૈકી વાવેતર લાયક ૨૧,૦૦૩ હેક્ટર જમીન છે.

પ્રાચીન અરવલ્લી પહાડની હારમાળામાં આવેલ ટેકરીઓમાં ખમીરવંતા આદિવાસીઓ વસે છે અને તેમની ગૌરવરૂપ સંસ્કૃતિનો ઈતિહાસ પણ આ ટેકરીઓમાં સંતાયો છે. દાંતા તાલુકામાં સરસ્વતી, અર્જુની, ઉકાયલી, કીડી, મંકોડી અને સાબરમતી નદીઓ પોતાના પેટાળમાં આ અમૂલ્ય સંસ્કૃતિને સંઘરીને એક પ્રવાહે વહે છે. અમીરગઢ તાલુકામાં બનાસ, બાલારામ જેવી નદીઓના કિનારે પણ લોકસંસ્કૃતિ વિકસી છે.

દાંતા તાલુકાના અંબાજીની આસપાસ અને અમીરગઢ તાલુકામાં મુખ્યત્વે સોખલા ગરાસિયા વસે છે. જ્યારે દાંતા તાલુકાના શેષ ગામોમાં ડુંગરી ભીલો વસે છે. આ બંને જાતિ પ્રકૃતિના સંતાનો છે. અહીંનું જમીન તળ મુખ્યત્વે જળકૃતમાંથી બનેલા વિકૃત ખડકો અને આછી-પાતળી માટીનું બનેલું છે. જંગલો કાપવાને કારણે વરસાદથી જમીનનું ધોવાણ થવાથી મોટા ભાગની ફળદ્રૂપ જમીનનો નાશ થયો છે. પહેલાં આ પ્રદેશ અડાબીડ જંગલોથી ઘેરાયેલો હતો. આજે ખુબ ઓછા જંગલો જોવા મળે છે. એટલે આપણને કેટલાંક વિસ્તાર ઉજ્જડ જણાય છે, ઉનાળામાં ગરમી અને શિયાળામાં ઠંડી વધુ હોય છે. વરસાદ ઓછો પડે છે. પરિણામે બારેમાસ વહેતી નદીઓ સુકીભઠ દેખાય છે.

ભાષા:

ભીલોની ભાષા ભીલી અને ગરાસિયાઓની ભાષા ગરાસિયા કહેવાય છે. આ ભાષાઓનું લેખિત સ્વરૂપ ન હોવાથી તેને બોલી કહે છે, એનું લોકસાહિત્ય મૌખિક પરંપરામાંથી ઉતરી આવ્યું છે. ભીલી ગરાસિયા ભાષા પર ગુજરાતી, હિન્દી, રાજસ્થાની ભાષાની અસર જોવા મળે છે. ભીલી ભાષાનું સાહિત્ય સમૃદ્ધ છે. ગરાસિયામાં હવે સંશોધન શરૂ થયું છે. બંને પ્રજા પાસે પરંપરાનું સમૃદ્ધ કંઠસ્થ સાહિત્ય છે.

ઘર અને ઘરવખરી:

ભીલો પોતાના ઘરને ખોલરું કહે છે. જયારે ગરાસિયાઓ પોતાના ઘરને ઘેર કહે છે. ભીલો- ગરાસિયાઓ પોતે પોતાના ખેતરમાં, ડુંગરના ઢોળાવમાં કે ખીણમાં ખોલરા બાંધે છે. તેઓ સમૂહમાં રહેતા નથી એટલે તેમના ગામ ૮ થી ૧૨ કિ.મી.ના વિસ્તારમાં પથરાયેલાં જેવા મળે છે. લગ્ન કર્યા પછી થોડા સમયમાં આદિવાસી યુવક સંયુક્ત કુટુંબથી અલગ થઈ નવું ખોલરું બાંધે છે, તેનો ખર્ચ સંયુક્ત કુટુંબ ભોગવે છે. ઘર પૂરું થાય એટલે ઘરવાસો રવિવાર કે મંગળવારે કરે છે અને માતાને ભોગ ધરાવી આમંત્રિતોની હાજરીમાં ઘર પ્રવેશ કરે છે. ભીલો અને ગરાસિયાઓના ઘરના આગળ કુકડાનો પરિવાર ફરતો જોવા મળે છે. ઘરના આગળના ભાગે બાંધેલા ટોપલાને પાણશું કહે છે. રાતે કૂકડા તેમાં રહે છે. ઘરના આગળ મરઘા માટે પાણીની કુંડી હોય છે. ઘરના આગળના ભાગે ઢોર બંધાય છે. ગરીબ સ્થિતિના આદિવાસી પાસે સાવ ઓછી ઘરવખરી હોય છે. લાકડાની કથરોટ, ચાટવો, બે-ત્રણ હાંડલા, એલ્યુમિનિયમ-પિત્તળની તપેલી અને ચાર-પાંચ થાળીઓ હોય છે. વાટકીને સ્થાને કાંસાના બે-ત્રલ ગિરમાં (તાંસડા) હોય છે. કાથી કે ખજૂરની દોરડીના ખાટલા હોય છે. ફાટેલા-તૂટેલાં ચાર-પાંચ ગોદડા હોય છે. હવે સ્ટીલની થાળી/વાટકી/પ્યાલી જોવા મળે છે. ખાંડવા માટે લાકડાનો ખાંડણિયો-સાંબેલું હોય છે.

અલંકાર:

આદિવાસી સ્ત્રીઓ પાસે વારલી, હાંસડી , સેર(ચાંદીની) પાટિયું, બોરીયું, દામણી, કૂલરી (ચુની), કડલાં, છડા, અંગુઠીયા , છવેટિયાં, બંગડિયા, ચૂડ (હાથીના દાંતની કે ચાંદીની), બલોયા, ઝુમરા, વીંટી, કરડાં, કાંડીયુ, કડું, ટૂંપિયો (સોનાનો), ઝોલો વગેરે પહેરે પહેરે છે. તેમની પાસે સોનાના દાગીના ભાગ્યે જ જોવા મળે છે. ગરાસિયામાં ચાંદીના દાગીના વધુ જોવા મળે છે. હવે સુખી સંપન્ન વ્યક્તિઓને ત્યાં સોનાના દાગીના જોવા મળે છે.

કલાકારીગીરી:

કલા કોઈ પણ વ્યક્તિનો પોતીકો ઈજારો નથી. આમ, કલા એ કુદરતે બક્ષેલી અનોખી ભેટ છે. આદિવાસીઓનું જીવન ભલે સાદું રહ્યું પણ તેમની કલા-કારીગરી પ્રત્યેની સૂઝ-બૂઝ અનોખી હોય છે. તેમના પ્રત્યેક કાર્યમાં અને પ્રવૃત્તિમાં કલા-કારીગરી ઝબકી ઊઠે છે. ભીંત પરના ચિત્રો આકર્ષક હોય છે. લગ્ન સમયે વિવિધ જાતના ચિત્રો દોરે છે. સ્થાનિક રંગોનો ઉપયોગ કરે છે. લાકડા-પથ્થરમાંથી સુંદર પ્રતિમાઓ તૈયાર કરે છે. છોકરીઓ સળીઓ અને રેસામાંથી સુંદર ઢીંગલીઓ બનાવે છે. ઘઉંની કુંડીમાંથી કે વેલામાંથી કાનમાં પહેરવાના ઘરેણા પણ બનાવે છે. અંબાજીમાં માર્બલની ખાણોમાં કામ કરતાં મજૂરોમાંથી કેટલાક યુવાનો સારા શિલ્પકાર બન્યા છે અને ઉત્તમપ્રકારની શિલ્પકૃતિઓનું નિર્માણ કરે છે.


ફોટોગ્રાફર: એહમદ હાડા

લગ્ન:

ભીલો બહિંગોત્ર લગ્ન પ્રથાને વરેલા છે. ભીલોમાં પુરુષ માતાના ગોત્રમાં લગ્ન કરી શકે છે. ગોઠિયા-ગોઠણ લગ્ન કરી શકતાં નથી. ચાર-પાંચ દાયકા પહેલા યુવક-યુવતી મન મળતા ભાગી જઈ લગ્ન કરતાં, હવે લગ્ન વિધિ પણ માતા - પિતાની સંમતિથી કરે છે. તેમની લગ્ન વિધિમાં પણ વિવિધતા જોવા મળે છે. તેમના લગ્નમાં ગીત અને સંગીતનું ખૂબ મહત્વ છે.

પશુપાલન:

આદિવાસીઓ ગાય, ભેંસ, બળદ, બકરાં, ઘેટાં, ઊંટ, આખલા, પાડા, મરઘાં, બતકાં પાળે છે. દૂધ સ્થાનિક બજારમાંથી લાવે છે.



પાક અને વ્યવસાય:
મજૂરી અને ખેતી એ આદિવાસીઓનો મુખ્ય વ્યવસાય છે. મોટે ભાગે તેઓ આકાશી ખેતી પર નિર્ભર છે. હવે ટ્રાયબલ સબપ્લાનની સહાયથી જ્યાં કુવાઓ છે ત્યાં ઓઈલ એન્જિન, ઈલેક્ટ્રિક મોટરથી પાણી મેળવી શિયાળુ-ઉનાળુ ખેતી પકવે છે. તળાવમાંથી નહેર દ્વારા પણ ખેતી થાય છે. જ્યાં સુધી નદીમાં પાણી હોય ત્યા સુધી નદીના વહેણમાંથી હારણ યા પગપાવટરા દ્વારા પાણી મેળવાય છે. પહેલાં જંગલી ધાન્ય પકવતા હતા અને હવે મકાઈ, ઘઉં, બાજરી, જુવાર, કપાસ, અડદ, મગ, તુવેર, ચણા, તલ, એરંડા, રાયડો ઉપરાંત જુદા જુદા શાકભાજી પકવે છે. અંબાજી-વિરમપુર વિસ્તારમાં ચોમાસામાં મબલખ કંકોડા પાકે છે.

કેટલાંક જમીન વગરના આદિવાસીઓ મજૂરી કરીને જીવે છે. કેટલાંક મધ, મીણ, લાખ, મૂસળી વગેરે વીણીને તો કેટલાક ખાણ ઉદ્યોગ અને ખેતમજૂરી કરી જીવન ગુજારે છે. શિક્ષિતો જુદા જુદા વ્યવસાય કરે છે.

આરોગ્ય: પર્વતીય અને જંગલ વિસ્તારમાં ઊંડાણમાં વસતા આદિવાસીઓમાં દેશી વૈદું કરનાર સ્ત્રી - પુરુષો છે. દર્દીના દર્દને પારખીને સ્થાનિક વનસ્પતિનો ઉપયોગ કરી દવા કરે છે. અત્યારે મોટા ગામોમાં એલોપેથિક અને આયુર્વેદિક સરકારી દવાખાના આવેલા છે. ખાનગી દવાખાના પણ આવેલા છે. સામાજિક સેવાભાવી સંસ્થાઓ મેડિકલ સારવાર કેમ્પ યોજે છે, તેનો પણ લાભ મળે છે.

વાદ્ય: આદિવાસીઓ ઢોલ, નગારા, સારંગી, સાંગ, લગા, વાંસળી, શંખ, વાજું, કુંડી, તંબૂરો, કોરાયું (ઘોડાલિયું), ઝાલર, તાળિયા (મંજીરા), કુગરિયો (ઘુઘરિયો) વગેરે વાજિંત્રોનો ઉપયોગ કરે છે.

દેવ-દેવીઓ: આદિવાસીઓ જળુકાર ભગવાન, ઉમિયા, શિવ, વાસુકી નાગ, નવલાખ દેવીઓ, વેહ (ભૂત), રગતિયો વીર, દુધિયો વીર, નરસંગો વીર, કરતરિયો વીર, મેલાની મેલરી, અખત ઝાંપડી, ઝાંપઝાંપડી, લીંગ, રખી, કોબરીયો ઠાકોર, ગણપતિ, કાળકા માતા, જોગમાયા, માણેકનાથ વગેરેમાં માને છે.

ધાર્મિક પ્રસંગો: આદિવાસીઓના હગ, વધામણાં, દેવરો પુજવો, ધૂળાનો પાટ, રાતીજગો, કોબરિયાનો પાઠ, ગોર, નોરતું, દશેરો, ઉત્તરાયણ, દિવાસો, દિવાળી, હોળી, બળેવ વગેરે પ્રસંગો સામૂહિકરીતે મનાવે છે.

મરણોત્તર ક્રિયાઓ: ભીલોમાં કોઈનું મૃત્યુ થાય તો તેના શબને જમીન પર સુવાડી વારી ઢોલ વગાડે છે. એટલે દૂરદૂરથી સ્ત્રી-પુરુષો એકઠાં થાય છે. મરનાર પરણિત સ્ત્રી હોય તો પિયર પક્ષના કોઈપણ સભ્યને અવશ્ય હાજર રાખવો પડે છે. ભીલો શબને નવડાવતા નથી. નનામીને નાળિયેર બાંધતા નથી કે જમીન પર ચોકો કરતા નથી. શબને બાળે છે અને કેટલાક દફન પણ કરે છે. લોકાઈ ન થાય ત્યાં સુધી સ્વજનો ભોય પર બેસે છે અને સૂએ છે. કાણ બારમાં પછી નાની ન્યાત પણ કરે છે. મોટી ન્યાતમાં ભોજન અને ધાર્મિક ક્રિયાઓ કરવામાં આવે છે. ભીલો ચિત્ર-વિચિત્રના મેળામાં અસ્થિ વિસર્જન કરે છે, જ્યારે ગરાસિયાઓ કોટેશ્વરમાં અસ્થિ વિસર્જન કરે છે. મુખી, આગેવાન, ભોપો કે સાધ મરે તો તેની સમાધિ (દેરી) કરે છે.

લોકસંસ્કૃતિ: સુખ-દુ:ખના પ્રસંગોમાં આદિવાસીઓની એકતા અતૂટ છે. કોઈ એક વ્યક્તિની ખુશી કે શોકનો પ્રસંગ સમગ્ર ગામકે જાતિનો બની રહે છે. આદિવાસીનું જીવન સાદું, સરળ અને સુંદર છે. ગમે તેવી અગવડ કે અસુવિધા વચ્ચે પણ નિજાનંદમાં રહે છે. આર્થિક મુશ્કેલીઓ વચ્ચે જીવતા હોવા છતાં તેમના સામાજિક, ધાર્મિક પ્રસંગો આનંદપૂર્વક મનાવે છે. ઋતુચક્ર પ્રમાણે આવતા પ્રસંગો જેવા કે નોરતું, દિવાળી, કાતોક, હગ, ગોર, બળેવ વગેરેને ખૂબ સારી રીતે ઉજવે છે. તેમના કેટલાક તહેવારો મનુષ્યોની સુખાકારી જળવાય તે માટે છે.

આદિવાસીઓ ખોટા દંભ કે ડોળમાં માનતા નથી. લગ્ન પહેલાં ગોઠિયા - ગોઠણની પ્રથા છે. પરંતુ લગ્ન થતાં તેમના સંબંધો પર ઘૃણા કે ઈર્ષ્યાભાવ જોવા મળતો નથી. તેમનાં પ્રણય ગીતો હૃદય સ્પર્શી છે. લગ્ન ગીતો પણ માણવા જેવા છે. હગ, દેવરા, હોળી કે ગોર પ્રસંગના ગીતો ધાર્મિકભાવ પેદા કરે છે. પુનલગ્નની પ્રથા છે. પતિ મરી જાય તો મૂળ પતિના ઘેર જ બીજો ગજ્જૂભાઈ (ઘર જમાઈ) લાવવાની પ્રથા છે.

આ વિસ્તારના ભીલો રાજપૂતોમાં પ્રચલિત રાઠોડ, પરમાર, સોલંકી, ચૌહાણ જેવા ગોત્રો ધરાવે છે. રાજપૂતોની માફક સ્થાનિક લોકો પર સત્તા ભોગવવાની પરંપરા દેશ આઝાદ થયો ત્યાં સુધી ચાલુ રહી છે. આદિવાસીઓ પ્રકૃતિપૂજકો, ગૂઢ અધ્યાત્મવાદી, પૂર્વ પૂજકો અને જાદુ ટોણામાં આસ્થા ધરાવનાર હિન્દુ ધર્મ પાળનાર પ્રજા છે. તેમની ધાર્મિક વિધિઓ ભૂવા કે ભોપા કરે છે. બીમાર વ્યક્તિ માટે બાધા કે માનતા રાખે છે. ભૂવા તાંત્રિક વિધિ કરે છે. આદિવાસીઓને માણેકનાથ બાવજી પર અતૂટ શ્રદ્ધા છે. દવાથી કે ભોપથી દર્દ ન મટે તો માણેકનાથની બાધા રાખે છે અને ગમે તેવું દર્દ દૂર થાય છે તેવું માને છે.

ઉત્તરાયણને દિવસે દેવ ચકલી પકડી ગીતો ગાઈ નચાવી છોડી મુકે છે. તે જો લીલા ઝાડ કે ડાળ પર બેસે તો સુકાળ થશે ને સૂકા ઝાડ પર બેસે તો દુકાળ પડશે તેમ માને છે. હોળી સમયે પણ વરસાદના શુકન જોવામાં આવે છે. ધનતેરસના દિવસે ઢોરોને તળાવમાં નવરાવવામાં આવે છે. તેમાં તે સફેદ ગાય પડેલી નીકળે તો વર્ષ સારું પાકશે તેવું દૃઢપણે માને છે. દેવચકલી-ચીબરી-નોળિયા-શબને શુભ શુકન માને છે. સાપ, વિધવા કે લાકડાનો ભારો મળે તો બહારગામ જતાં નથી. આદિજાતિ પેટા યોજના તળે અન્ય-યોજનાઓની સહાયથી હવે પાકાં મકાનો બન્યાં છે. આધુનિક ખેતી કરવા લાગ્યા છે. બાળકો શિક્ષણ મેળવીને વિવિધ વ્યવસાયોમાં જોડાયા છે. કન્યાઓ ઓ શિક્ષણ મેળવીને નોકરી ધંધો કરે છે. માર્બલની ખાણોમાં મજુરી જ નહિ સારા શિલ્પકાર કારીગર બન્યા છે. આદિવાસી સ્ત્રીઓએ પણ પગભર થવા સ્વરોજગાર વિકસાવ્યો છે.

***સંદર્ભ: માહિતી વિભાગ, બનાસકાંઠા**

सत्यमेव जयते

ક્લાઇમેટ ચેન્જ વિભાગ
ગુજરાત સરકાર

आज़ादी का अमृत महोत्सव





બેટરી સંચાલિત વાહન અપનાવીએ, પર્યાવરણનું જતન કરીએ...





ધોરણ-૯ થી ૧૨ તથા કોલેજના વિદ્યાર્થીઓ માટે **દ્વિ ચક્રી વાહન યોજના**	વ્યક્તિ / સંસ્થા માટે **ત્રિ ચક્રી વાહન યોજના**
રાજ્ય સરકાર દ્વારા પ્રતિ વાહન **રૂ. ૧૨,૦૦૦/-** ની સહાય	રાજ્ય સરકાર દ્વારા પ્રતિ વાહન **રૂ. ૪૮,૦૦૦/-** ની સહાય

યોજનાકીય માહિતી તેમજ વાહનોના અધિકૃત ઉત્પાદક, મોડેલ તથા ભાવ GEDA ની વેબસાઈટ www.geda.gujarat.gov.in ઉપર ઉપલબ્ધ છે.

અરજીપત્રક ઉત્પાદક તથા મોડેલની પસંદગી કરીને પસંદ કરેલ ઉત્પાદકોના ડીલર્સ / જેડા કચેરીમાં જમા કરાવવાનાં રહેશે.



GEDA
ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી
GUJARAT ENERGY DEVELOPMENT AGENCY

ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી,
ચોથો માળ, બ્લોક નં. ૧૧-૧૨, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર.
સંપર્ક : ફોન : ૦૭૯-૨૩૨૫૭૨૫૧, ૫૩ ● ઈ-મેલ : director@geda.org.in
વેબ સાઈટ : www.geda.gujarat.gov.in

ઇતિહાસની દ્રષ્ટિએ આરાસુર

- વિષ્ણુસિંહ ચાવડા



અરવલ્લી પર્વતોની હારમાળા સાથે ચારે તરફ લીલોતરી ધરાવતા ડુંગરોની હારમાળા ખૂબ જ સુંદર લાગે છે. સૃષ્ટિસૌંદર્ય અને અનેક પૌરાણિક સ્થળો, જૈન મંદિરો પ્રવાસીઓને માટે મોટું આકર્ષણ છે. ગુજરાતમાં આરાસુરથી અરવલ્લીની પર્વતમાળાનો એક ફાંટો જૈસોર થઈ બનાસકાંઠા, સાબરકાંઠા અને મહેસાણામાં છેક તારંગાની ટેકરીઓ સુધી વિસ્તરેલો છે.

તે આરસપહાણ, સીસું, ચિરોડી અને ઍસ્બેસ્ટૉસ જેવાં અનેક કીમતી ખનિજો પૂરાં પાડે છે. રાજસ્થાન અને ગુજરાતની ઘણી નદીઓનું ઉત્પત્તિસ્થાન આ પર્વત છે. સાબરમતી, બનાસ, મહી, રૂપેણ અને સરસ્વતી જેવી અનેક નદીઓ અરવલ્લી પર્વતમાંથી નીકળીને ગુજરાતમાં વહે છે.

અરવલ્લી પર્વતોની ગિરિમાળા ઉત્તરે દિલ્હીથી શરૂ કરીને મધ્યમાં રાજસ્થાનની સળંગ લંબાઈમાં થઈને જનોઈવઢ પસાર થતી, દક્ષિણ ઈડર સુધી વિસ્તરેલી આશરે ૮૦૦ કિમી. લંબાઈવાળી અને જુદાં જુદાં સ્થળોએ જુદી જુદી પહોળાઈવાળી છે., ઈશાન-નૈર્ઋત્ય ઉપસ્થિતિ ધરાવતી અરવલ્લીની ગિરિમાળા ભારતની તો અતિ પ્રાચીન (અંદાજે દોઢ અબજ વર્ષ જૂની - ૧૬૦ કરોડ વર્ષ) પર્વતમાળા છે જ, પરંતુ દુનિયાની પણ અતિપ્રાચીન પર્વતમાળાઓ પૈકીની એક ગણાય છે. તેનાં ૧૨૦૦થી ૧૫૦૦ મીટર ઊંચાઈ ધરાવતાં શિખરો પૈકી માઉન્ટ આબુનું ૭૨૨ મીટર ઊંચું ગુરુશિખર આ ગિરિમાળાનું સૌથી ઊંચું શિખર છે.

અરવલ્લીની ગિરિમાળામાં વચ્ચે આવેલું આરાસુર ગામ અને ગબ્બર પર્વત પર મા ભગવતી અંબાજીનું પૌરાણિક મંદિર આવેલું છે. આ મંદિર ખૂબ જ સુંદર છે અને પ્રાકૃતિક દ્રષ્ટિએ આસ્થા-શ્રદ્ધાના સ્થાનક તરીકે જગપ્રસિદ્ધ છે.

આરાસુર કે આરાસણ અર્બુદાચલનો જ એક ભાગ હોવા છતાં તેને સ્વતંત્ર અભિધાન તે નગરની જાહોજલાલીને કારણે પ્રાપ્ત થયું હોવાનું સમજાય છે. સકળ બ્રહ્માંડની અધિષ્ઠાત્રી ભગવતી જગત જનની ત્રૈલોક્ય સુંદરી અંબાભવાની આરાસુર નગરમાં બિરાજમાન હોવાથી આરાસુરી અંબાજી તરીકે આજે પણ વિખ્યાત છે. ત્યાં આરસના પથ્થરોની ખાણો હોવાથી આરાસુર કે આરાસણ નામ પડ્યું છે, એમ સ્વ. ડૉ. ડી.આર ભંડારકર અને બીજા કેટલાક વિદ્વાનોએ જણાવ્યું છે. એ સિવાય પણ કેટલાક ગર્ભિત આશયો રહ્યા હોય એવી કલ્પના છે.

સ્કંદપુરાણમાં તો આ બધા પ્રદેશને અર્બુદાચલ નામ આપ્યું છે. એટલે સ્કંદપુરાણના આયોજન પછી અંબાજી નજીકના પર્વતનું આરાસણ નામ અસ્તિત્વમાં આવ્યું હતું, એમ ચોક્કસ લાગે છે. આરાસુર કે આરાસણ નગરની સ્થાપના ક્યારે થઈ તેની ચોક્કસ તવારીખ ઐતિહાસિક દ્રષ્ટિએ હજી સુધી મળી નથી. પરંતુ સૌથી પહેલો ઉલ્લેખ કુંભારિયાના મંદિરો પૈકી શાંતિનાથના મંદિરમાંથી એક જૈન પ્રતિમાના સંવત ૧૦૮૭ ના શિલાલેખમાંથી મળે છે. આ સમયે ગુર્જરેશ્વર રાજા ભીમદેવ સોલંકી ગુજરાતના રાજસિંહાસન પર રાજ્ય કરતા હતા.

માં અંબાનું આ મહાપીઠ પુરાણ પ્રાચીન હોવાના કેટલાક પ્રમાણો મળ્યા છે. રાજા દક્ષના યજ્ઞ પ્રસંગે ભગવતી સતી મા (પાર્વતીજી)એ પ્રાણ ત્યાગ કર્યો. ત્યારે સતીમાના શબને લઈને મહાદેવજી અનેક સ્થળે ફર્યા હતા. તે વખતે સતીમાના અવયવો જ્યાં-જ્યાં પડ્યા ત્યાં-ત્યાં દેવીપીઠો (શક્તિપીઠ) રચાઈ. તેની વિસ્તૃત નોંધ કાલિકા પુરાણ, દેવીગીતા, દેવી ભાગવત, તંત્ર ચૂડામણી, શિવ ચરિત્ર, કુલાર્ણવ વગેરે ગ્રંથોમાંથી મળે છે. કેટલાક ગ્રંથકારો આવી શક્તિપીઠોની સંખ્યા ૧૦૮ જણાવે છે, જ્યારે કેટલાક ૫૨ કે ૭૨ શક્તિપીઠો ભારતમાં હોવાનું સૂચવે છે. આવા શક્તિપીઠો પૈકીની અર્બુદાચલની પર્વતમાળા આરાસણમાં ભગવતી સતીમાના હૃદયનો ભાગ અહીં પડયો હોવાનું પુરાણાંન્તરમાં જણાવ્યું છે.

ઐતિહાસિક પુરાવાઓ તપાસ કરતાં માનસરોવરના કિનારા ઉપરના મંદિરમાં મહારાણા માલદેવનો વિક્રમ સવંત ૧૪૧૫ (ઈ.સ.૧૩૫૯) નો શિલાલેખ જોવા મળે છે. અંબાજી મંદિરના મંડપના દ્વારમાં સંવત ૧૬૦૧નો શિલાલેખ છે, જેમાં રાવ ભારમલની રાણીએ માતાજીને કેટલીક વસ્તુઓ અર્પણ કર્યાની નોંધ છે. તે સિવાય પણ મંદિરમાં ઘણા શિલાલેખો છે, જે ૧૬મી સદીના છે. સંવત ૧૭૭૯ના એક બીજા શિલાલેખમાં એક ધર્મશાળા બંધાયાની વિગત છે. ઈ.સ.૧૪મા શતકથી તો આરાસુરની અંબાજીની માનતા સતત ચાલી આવે છે. તે પહેલાના બસો-ત્રણસો વર્ષથી આ સ્થાનનો મહિમા હશે એમ જણાય છે, કારણકે અંબાજી નજીક કુંભારિયાજીના વિમળશાહે બંધાવેલા આરસપહાણના જૈન દેરાસરો છે. આરાસુર ગામ ઈ.સ.૧૨૦૦ પહેલાંનું હોય તેવું લાગે છે. વળી આરાસુર અંબાજી દાંતા ના પરમાર રાણાના કુળદેવી છે. આમ એક માન્યતા પ્રમાણે અંબાજીનું પ્રાચીન મંદિર ૧૩મી કે ૧૪મી સદીની શરૂઆતમાં બંધાયું હશે.

આ મંદિર ક્યારે અને કોણે બંધાવ્યું તેનો પૂર્વ ઈતિહાસ અંધારામાં જ છે. તે નાગર બ્રાહ્મણોએ બંધાવ્યું હતું એમ બોમ્બે ગેઝેટિયરમાં જણાવેલ છે. મંદિરના સ્તંભો ઉપર કોતરેલા શિલાલેખોમાં કેટલાંક પંદરમી સદીના પણ જોવામાં આવે છે. આથી મંદિરનું સ્થાપત્ય તે અગાઉ હશે એ તો નિર્વિવાદ છે. એટલે મંદિરનો સ્થાપત્યકાળ તેરમા ચૌદમા સૈકા સુધી લઈ જઈ શકાય તેમ છે. પણ ચોક્કસ માહિતી હજુ સુધી મળી નથી. ગભારાના દ્વારની એક બાજુએ બે હાથ જોડીને ઊભા રહેલા કોઈ રાજવીની આરસની મૂર્તિ છે. તેની નીચે શિલાલેખ પણ કોતરેલો જણાય છે, પરંતુ તે ખરાબ હાલતમાં છે. આથી તે મૂર્તિ કોની છે તે જાણી શકાતું નથી. તે કોઈ ભક્તની કે મંદિર બંધાવનારની પ્રતિમા હશે. મધ્યકાળમાં મંદિરોમાં મંદિર બંધાવનાર કે જીર્ણોદ્ધાર કરાવનાર ભક્તોની પ્રતિમાઓ મૂકવાની પ્રથા પ્રચલિત હતી. દેલવાડાના મંદિરોમાં આવી પ્રતિમા મોજૂદ છે. મંદિર સ્થાપત્ય પર આરસપથ્થર જડી દીધેલા હોવાથી મૂળ સ્થાપત્ય ઢંકાઈ ગયું છે. મંડપ ઉપર આગળના ભાગે ત્રણ મોટા ત્રિશૂલ મૂકેલાં છે. મંદિરની સામે મહાદેવનું મંદિર છે, જ્યારે જમણી બાજુએ વારાહી મંદિર અને ડાબી બાજુએ ગણપતિનું મંદિર આવેલું છે. મંડપમાં એક બાજુ બેસવાના કક્ષાસન ઉપર કેટલીક ખંડિત પ્રતિમાઓ છે, જેમાં નવગ્રહ, ૧૪ હાથવાળા વિષ્ણુ ભગવાન વગેરે મુખ્ય છે. આ સિવાય ગણપતિના મંદિરમાં એક ભીંતની અંદર રેવંતની પ્રતિમા મૂકેલી છે.

મંદિરના આગળના ભાગનો ખુલ્લો ચોક ચાચર ચોકના નામે ઓળખાય છે. આ ચોકમાં હોમહવન, ગરબા તેમજ ભવાઈ વગેરે થાય છે. આજુબાજુ ધર્મશાળાઓ આવેલી છે. પાછળની બાજુએ બીજો દરવાજો છે ત્યાંથી માનસરોવર કુંડ બાજુએ જવાય છે.

ગર્ભગૃહમાં માતાજીની મૂર્તિ નથી પણ માતાજીનું વિશાયંત્ર છે. આ વિશાયંત્રનો શ્રૃંગાર એવી રીતે કરવામાં આવે છે કે જાણે તેમાં સાક્ષાત મા ભગવતી જગદંબાની પ્રતિમા બેસાડેલી હોય એવું લાગે છે.

યંત્રની પાછળ કાળા પથ્થરની અલ્પમૂર્તિ પ્રતિમા પણ છે. પાસે અખંડ ઘીના બે બે જ્યોત ઝળહળે છે.

દિવસમાં ત્રણ વખતે જુદાં-જુદાં અલંકારો અને વસ્ત્રો ધરાવવામાં આવે છે. શ્રૃંગાર કરવામાં પ્રભાતે બાલા સ્વરૂપ, મધ્યાહ્ને યુવાન સ્વરૂપ અને સાંજે પ્રૌઢ સ્વરૂપ વ્યક્ત કરવામાં આવે છે. આ અવસ્થાને અનુરૂપ વેશ પરિધાન અને અલંકારો ધરાવવામાં આવે છે. તેવી જ રીતે સવારી (વાહન) પણ હંમેશા જુદી-જુદી મુકાય છે. જેમાં સોમવારે નંદિની, મંગળવારે સિંહની, બુધવારે ઐરાવતની, ગુરુવારે ગરુડની, શુક્રવારે હંસની, શનિવારે હાથીની અને રવિવારે વાઘની સવારી હોય છે.

માનસરોવર કુંડઃ માતાજીના મંદિરના પાછળના બીજા દરવાજાથી થોડા અંતરે માનસરોવર કુંડ આવેલો છે. આ કુંડ અમદાવાદના તાપીશંકર નામના નાગર બ્રાહ્મણે સવંત ૧૬૪૦ થી ૫૦ સુધીમાં બંધાવ્યો છે. માનસરોવરની પાસે અજાઈ માતાનું મંદિર આવેલું છે. અજાઈ માતા અંબાજી માતાના બહેન હોવાની લોકવાયકા છે. તેમાં મહારાણા માલદેવનો સંવત ૧૪૧૫ નો એક શિલાલેખ છે. આ મંદિર નાનું અને બેઠાં ઘાટનું છે.

ગબ્બર પર્વતઃ દાતાના મહારાણા મૂળપુરુષ જસરાજસિંહજીને ગબ્બર પરથી પુષ્કળ સંપત્તિ મળી હતી. બાદમાં તેઓએ ગબ્બર પાસે મોટો દુર્ગ બંધાવ્યો હતો. આ ડુંગરને ભંડારાનો ડુંગર પણ કહેવાય છે. વિમલશાહને પણ અહીંથી પુષ્કળ દ્રવ્ય મળ્યું હોવાનું જાણવા મળે છે. અહીં હાલ તો થોડાઘણા પગથિયાં અને કિલ્લો તેમજ રાજ મહેલના અવશેષો જેવું જોવા મળે છે. ભગવાન શ્રીકૃષ્ણની બાબરી ગબ્બર પર્વત ઉપર મા ભગવતીના સ્થાનકે ઉતારી હોવાનું લોકકથાઓમાં છે. આ જગ્યાએ નાના ગોખમાં અખંડ જ્યોત ઝળહળે છે, જે અંબાજી મંદિરમાંથી પણ જોઈ શકાય છે. તે જગદંબાનું આદ્યસ્થાન મનાય છે. આ સિવાય એક પારસ પીપળાનું ઝાડ છે જેની લોકો ભક્તિપૂર્વક પ્રદક્ષિણા કરી પુણ્યનું ભાથું બાંધે છે.

અન્ય મંદિરોઃ અંબાજીના દિવ્ય ધામની નજીકમાં બીજા પણ પવિત્ર તીર્થધામો આવેલા છે. તેમાં રીંછડિયા મહાદેવ, કોટેશ્વર, કુંભારિયા, ગબ્બર પર્વત, નાગતીર્થ, ગૌતમેશ્વર અને ચામુંડા ભવાનીનું મંદિર વગેરે મુખ્ય છે. આમાં કુંભારિયા તીર્થ ખૂબ જ સુંદર અને જોવાલાયક છે.

***લેખક ચિત્રકાર છે અને સ્વતંત્ર વ્યવસાય કરે છે.**

ડિજિટલ અંબાજી

- આશિષ કે. રાવલ



શક્તિપીઠ અંબાજી ખાતે દરવર્ષે સવા કરોડથી વધારે યાત્રાળુઓ મા અંબાના ચરણોમાં શિષ ઝુકાવી ધન્યતા અનુભવે છે.રાજય સરકારશ્રી, જિલ્લા વહીવટી તંત્ર બનાસકાંઠા અને શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ ધ્વારા યોગ્ય અને સુચારૂ વ્યવસ્થાઓ ઉપલબ્ધ કરવામાં આવેલ છે. આજના ડીઝીટલ અને ટેકનોલોજીના આધુનિક યુગમાં સંસ્કૃતિના ઉત્થાન અને રક્ષણ માટે યાત્રાધામોમાં પણ ટેકનોલોજીનો ઉપયોગ ખુબ જ જરૂરી બની રહયો છે. દેવસ્થાન ટ્રસ્ટ ધ્વારા વિવિધ ટેકનીકલ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. અંબાજી મંદિરના મુખ્ય ઉત્સવો ભાદરવી પૂનમ, પોષી પૂનમ, નવરાત્રી, દિવાળી વગેરેમા આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી મા અંબાના ભાવિક ભકતો ઘરે બેઠા દર્શન કરી શકે તે માટે ઓનલાઈન લાઈવ દર્શન, વિવિધ પ્લેટફોર્મ ઉપર ઉપલબ્ધ કરાવવામાં આવે છે. દેવસ્થાન ટ્રસ્ટના રોજબરોજના કાર્યક્રમો, દર્શનના સમય પત્રકો, ન્યુઝ અને ઈવેન્ટની માહિતી, લાઈવદર્શન ટ્રસ્ટના ઓફીશીયલ સોશીયલ મીડિયા **(Facebook : www.facebook.com/ambajitempleofficial, youtube : Channel : ambajitempleofficial, Tweeter handle : @templeambaji)** તેમજ દેવસ્થાન ટ્રસ્ટની વેબસાઈટ **(www.ambajitemple.in)** પર ઉપલબ્ધ કરાવવામાં આવે છે. તથા ગુગલ પ્લેસ્ટોર અને આઈ સ્ટોર પર દેવસ્થાન ટ્રસ્ટની મોબાઈલ એપ્લીકેશન પણ ઉપલબ્ધ છે.

યાત્રિકોની સલામતી અને સુરક્ષા માટે અદ્યતન સી.સી.ટી.વી. સર્વેલન્સ સીસ્ટમ અને આધુનિક ઉપકરણો ઉપલબ્ધ છે. જેનાથી યાત્રાળુઓની સુરક્ષા અને સલામતિમાં વધારો થયેલ છે. વિશ્વભરમાં વસતા માં અંબાના ભકતો ઘરે બેઠા જ ઓનલાઈન વિવિધ પ્રકારે દાન અને સુર્વણ શિખર માટે દાન કરી શકે તેવી સુવ્યવસ્થા ઉપલબ્ધ કરાવેલ છે. નવરાત્રી અને વિવિધ પ્રસંગોએ ટેકનોલોજીનો ઉપયોગ કરી કોન્સેપ્ચ્યુલ લાઈટીંગથી સુશોભિત કરવામાં આવે છે. રાજયસરકારશ્રી, જિલ્લા વહીવટી તંત્ર બનાસકાંઠા અને શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ઉમદા પ્રયત્નોથી ટ્રસ્ટને ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ, ઈન્ડીયાબુક,ISO સીર્ટીફીકેશન જેવા બિતાબોથી નવાજવામાં આવ્યુ છે. શકિતપીઠ અંબાજીએ ભારતભરમાં સુપ્રસિધ્ધ છે અને સમગ્ર ગુજરાત માટે ગૌરવશાળી યાત્રાધામ તરીકે પ્રસ્થાપિત થઈ રહયુ છે.

***લેખક શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજીનાં જન સંપર્ક અધિકારી અને સીસ્ટમ ઓફિસર છે.**



સરસ્વતી નદીનું ઉદ્ગમ સ્થાન : કોટેશ્વર મહાદેવ

– વિષ્ણુભાઈ જોશી




અરવલ્લીની ગિરિમાળામાં અંબાજીથી ૬ થી ૭ કિલોમીટર હિંમતનગર હાઈવે ઉપર કૈલાસ પર્વત સમાન ભગવાન કોટેશ્વર મહાદેવનું અતિ પૌરાણિક સ્વયંભૂ મહાદેવનું અતિ પ્રાચીન મંદિર આવેલું છે. એવું કહેવાય છે કે ભગવાન મહાદેવ અહીં સ્વયં પ્રગટ થયેલા છે. કોટેશ્વર યાની કોટિ દેવતાઓના ઈશ્વર, એટલે કોટિ દેવતાઓ જેનું ધ્યાન ધરે છે તે. ભગવાન કોટેશ્વરનો મહિમા અતિ ગૂઢ છે, જેને દેવતાઓ પણ નથી જાણી શક્યા એવું કહેવાય છે.

એક લોકવાયકા પ્રમાણે કોટેશ્વર મહાદેવ મંદિરનો જીર્ણોદ્ધાર મંદિર પર આવેલ કોતરણી જોતાં ખ્યાલ આવે છે કે, સન ૧૫૨૨નાં રોજ કરવામાં આવ્યો એટલે કે ૫૫૦ વર્ષ પહેલા જીર્ણોધ્ધાર કરવામાં આવ્યો હશે. દેલવાડાના જૈન દેરાસરો કુંભારિયાનાં જૈન દેરાસરો જેમણે બનાવ્યા, તેજ કાર્યકરો દ્વારા આ મંદિર બનાવવામાં આવ્યું હશે એવો લોકોનો મત છે. ભગવાન કોટેશ્વરનું મંદિર શિલ્પશાસ્ત્ર અને વાસ્તુશાસ્ત્ર મુજબનુ બનેલું છે. અને મંદિરને મોટા મોટા પત્થર પર ખૂબ જ કલાત્મક કોતરણીકામ કરીને બનાવવામાં આવેલું છે, જે મંદિરની શોભામાં વધારો કરે છે.

કોટેશ્વર મંદિરના નૃત્ય મંડપમાં બ્રહ્મા અને વિષ્ણુની અતિ પ્રાચીન મૂર્તિઓ બિરાજમાન છે, આમ જોતા શિવમંદિરમાં બ્રહ્મા વિષ્ણુ અને મહેશનો સંયોગ જોવા મળે છે. ભગવાન કોટેશ્વર મહાદેવ નો ઉલ્લેખ શાસ્ત્રોમાં પણ જોવા મળે છે. ભગવાન કોટેશ્વરના નામ ઉપરથી ગામનું નામ કોટેશ્વર પાડવામાં આવ્યું છે. એવું કહેવાય છે કે મંદિરની આજુબાજુ ભીલ આદિવાસી લોકો રહે છે કે જેમને ભગવાન કોટેશ્વર મહાદેવ પ્રત્યે ખૂબ જ શ્રદ્ધા છે અને વર્ષોથી ભગવાનના સેવાકીય કાર્યો કરતા આવ્યા છે. અહીં તેઓ ભગવાન કોટેશ્વર પ્રત્યે અનન્ય શ્રદ્ધા રાખે છે અને એવું કહેવાય છે કે કોઈ પણ ક્યારેય ચોરી વગેરે ખોટા કામ કરે ત્યારે તેમને કોટેશ્વરના સોગંદ ખવડાવવામાં આવે છે. આજે પણ આદિવાસી લોકો ખોટા સોગંદ ખાતા નથી એવો કોટેશ્વર મહાદેવનો મહિમા છે. ભગવાન કોટેશ્વરનું મંદિર જ્યારે અંબાજી મંદિર ટ્રસ્ટ ના કબ્જા હેઠળ આવ્યું ત્યારથી ભગવાનની વિવિધ પ્રકારની પૂજા કરવામાં આવે છે. સવારે પ્રાતઃ આરતી કરવામાં આવે છે, પ્રાતઃ ભગવાનની રુદ્રાભિષેક પૂજા પણ કરવામાં આવે છે. મહાદેવને પ્રસન્ન કરવા માટે હરિ અને હર એટલે કે મહાદેવને પ્રિય છે એવી ત્રિશોપચાર પૂજન કરવામાં આવે છે. મધ્યાહને ભગવાનને રુદ્ર ભોગ ચઢાવવામાં આવે છે અને સાંજે ભગવાનની સાયમ આરતી પણ કરવામાં આવે છે. વિશેષમાં જોઈએતો ભગવાનની પ્રદોષ પૂજા પણ કરવામાં આવે છે જેના દ્વારા મહાદેવ અતિ પ્રસન્ન થાય છે. કોટેશ્વર મહાદેવની શિવરાત્રીની ચાર પ્રહરની મહાપૂજા પણ કરવામાં આવે છે. શિવરાત્રીના દિવસે શિવ ભક્તોથી મંદિરનું પ્રાંગણ ઉભરાઈ જાય છે. અહીં શ્રાવણ માસમાં મેળો ભરાય છે. આ દરમિયાન ભગવાન કોટેશ્વરનું પ્રાંગણમાં શ્રદ્ધા ભક્તિથી પુરા દેશ વિદેશમાંથી લોકો આવે છે અને ભગવાન કોટેશ્વરના દર્શન કરી પાવન બને છે. શ્રાવણમાસમાં શિવભક્તો દ્વારા રુદ્ર અભિષેક લઘુરુદ્ર મહામૃત્યુંજયના જાપ પણ વિદ્વાન બ્રાહ્મણો દ્વારા કરવામાં આવે છે.

ભગવાન કોટેશ્વર મહાદેવને અનેક રસોથી અભિષેક કરવામાં આવે છે, જેનું અલગ અલગ ફળ મળતું હોય છે. જેવી રીતે કે દૂધનો અભિષેક કરવાથી આરોગ્યની પ્રાપ્તિ થાય છે, મધનો અભિષેક કરવાથી લક્ષ્મી પ્રાપ્તિ થાય છે, એવા અનેક પ્રકારના રસથી અભિષેક કરવામાં આવે છે. જેને પુત્ર પ્રાપ્તિ ન થતી હોય તે ભગવાનને રોજ ધતુરાનાં પુષ્પથી અર્ચન કરે તો તેને મહાદેવની કૃપાથી અવશ્ય પુત્ર પ્રાપ્તિ થાય છે. જો કોઈને મસા થયા હોય તો ગોળ માનવામાં આવે છે, તો મહાદેવની કૃપાથી એ પણ મટી જાય છે. જ્યારથી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ હસ્તક મંદિર લેવામાં આવ્યું છે, ત્યારથી ભગવાન કોટેશ્વર મહાદેવ મંદિર માં પુજારી દ્વારા શાસ્ત્રોક્ત રીતે પૂજા-પાઠ વિધિ-વિધાન કરવામાં આવે છે.

કોટેશ્વર મહાદેવના મંદિર પરિસરથી ૧૦૦ મીટરની દૂરી પર મા સરસ્વતી નું ઉદગમ સ્થાન આવેલું છે, જ્યાં સરસ્વતીનો અવિચળ પ્રવાહ ગૌમુખમાંથી આદિ-અનાદિ કાળથી વહે છે. એવું કહેવાય છે કે જ્યારે છપ્પનીયો કાળ પૃથ્વી ઉપર પડતો હતો ત્યારે પણ મા સરસ્વતીના વહેણ ચાલુ હતા.



કોટેશ્વરમાં સરસ્વતીનું ઉદ્‌ગમ સ્થાન છે એવું પુરાતત્વ વિભાગ અને વૈજ્ઞાનિકોએ સ્વીકાર્યું છે. એવું કહેવાય છે કે, શાસ્ત્રોમાં સરસ્વતીના અનેક મુખ બતાવ્યા છે તેના પૈકી એક મુખ અંબાજી કોટેશ્વર મહાદેવ. મંદિરથી થોડાક અંતરે મા સરસ્વતીના મુખમાંથી અખંડ ધારા વહી રહી છે, જે ભગવાન કોટેશ્વર મહાદેવને સ્પર્શ અભિષેક કરી નીકળે છે. જેથી સરસ્વતીને ગુપ્ત ગામીની કહેવાય છે.

એવું કહેવાય છે કે ઉત્તરાખંડ બદ્રીનાથની આગળ ભીમપુર માણાગામ પાસે વ્યાસજી મહાભારત લખતા હતા ત્યારે સરસ્વતીના ધોધના અવાજના કારણે ગણેશજીને ખલેલ પડતી હોવાના કારણે વ્યાસજીએ સરસ્વતીને શ્રાપ આપ્યો હતો ત્યારથી સરસ્વતી ભૂગર્ભમાં વહેવા માંડી એવું શાસ્ત્રનો મત છે.

અહીં કોટેશ્વરમાં પણ સરસ્વતી નદી આગળ જતા ગુપ્ત ગામિની બની જાય છે. શાસ્ત્રો અનુસાર અહીં ઘણા બધા ઋષિમુનિઓ એ ભગવાન કોટેશ્વર અને સરસ્વતીની ઉપાસના કરી હતી આજે પણ તેના પુરાવાઓ પ્રાપ્ત છે અને અને અનેક સમાધિ સ્થળો આવેલા છે.

એક લોકવાયકા મુજબ ઝાંસીની રાણી લક્ષ્મીબાઈના સેનાપતિ જે ગુપ્ત વેશમાં અહીં રહીને માત્ર દૂધ આરોગીને અનેક વર્ષો સુધી તપસ્યા કરેલી જેથી તેમને દુધાધારી મહારાજ તરીકે ઓળખવામાં આવે છે. તેમની પણ અહીં કોટેશ્વરમાં સમાધિ આવેલ છે. મા સરસ્વતીની અતિ પ્રાચીન ગુફાઓ પણ અહીં આવેલ છે અહીં સરસ્વતીની સાથે એક શ્રદ્ધા જોડાયેલી છે કે જ્યારે અહીં કોઈનું મૃત્યુ થાય છે ત્યારે દસમું, અગિયારમું બારમું વગેરે ક્રિયાઓ અને તર્પણ કરવા માટે પૂરા ભારતમાંથી લોકો અહીં આવે છે અને શ્રાદ્ધ ક્રિયા કરી આત્મસંતોષ પામે છે. શ્રદ્ધાળુઓ પોતાના પિતૃઓના ઉદ્ધાર માટે નારાયણ બલી, કાગબલી, નાગબલી વગેરે અહીં સરસ્વતીના ઉદ્‌ગમ સ્થાન ઉપર કરવામાં આવે છે, જેના કારણે સમસ્ત પિતૃઓના ઉદ્ધાર થાય છે. આમ જોવા જઈએ તો શિવ, સ્મશાન અને સરસ્વતીનો ત્રિવેણી સંગમ કોટેશ્વરમાં જોવા મળે છે. કોટેશ્વર મહાદેવ મંદિર ના નીચેના ભાગમાં સ્મશાન પણ આવેલું છે. અંબાજીની આજુબાજુના ગામના લોકોના સ્વજનો જ્યારે મૃત્યુ પામે ત્યારે તેમની અંતિમક્રિયા કરવા માટે અહીં આવે છે. જેના પિતૃઓના ઉદ્ધાર માં સરસ્વતી કરે છે.

એવું કહેવાય છે માં સરસ્વતીના જળથી ભગવતી અંબાજી શક્તિપીઠ નિજમંદિરમાં માં નો અભિષેક વગેરે કરવામાં આવે છે. કોટેશ્વર મહાદેવ નીચે ગામમાં વાલ્મીકિ મુનિનો (ઋષિ) આશ્રમ આવેલો છે, એક લોકવાયકા પ્રમાણે વાલ્મીકિ મુનિએ અનેક વર્ષો સુધી તપસ્યા કરી હતી તેમની પ્રાચીન ગુફાઓ પણ આવેલી છે. અહીં એક પ્રાચીન વાવ આવેલી છે, જે તે સમયમાં જનાર્દન મહારાજ દ્વારા ઉપરથી બંધ કરવામાં આવેલી છે. અહીં સીતા માતાનું મંદિર પણ આવેલું છે. અને મેવાડના રાજા મહારાણા પ્રતાપે આ પવિત્ર મંદિરનું નવીનીકરણ કરાવ્યું હતું. એવુ કહેવામાં આવે છે કે, ૧૮૫૭ માં સ્વાતંત્રતા વિદ્રોહ દરમ્યાન નાના સાહેબ પેશ્વાએ મંદિરની ગુફામાં પોતાનો વાસ લીધો હતો. આ સ્થાન કુદરતના સાંનિધ્યમાં આવેલું એક સુંદર અને આહલાદક સ્થાનક છે.

***લેખક કોટેશ્વર મહાદેવ મંદિરના પૂજારી છે.**

"માં સરસ્વતી ના જળ માટે શ્રાવણ માસમાં અનેક કાવડિયા સરસ્વતીનું જળ અભિષેક કરવા માટે લઈ જાય છે. જ્યારથી કોટેશ્વર મહાદેવ મંદિર અંબાજી ટ્રસ્ટ હસ્તક આવ્યું ત્યારથી શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અને ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા મા સરસ્વતીનો મહિમા, પ્રચાર-પ્રસાર વધે તેવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. અને અહીં યાત્રિક સવલતો વધારવા માટે ગુજરાત સરકાર દ્વારા સૂચારૂ આયોજન હાથ ધરવામાં આવ્યું છે. ત્યારથી જેમ ગંગા મૈયાની આરતી થાય છે તેવી જ રીતે મા સરસ્વતીની આરતી, પૂજન-અર્ચન વગેરે કરવામાં આવે છે. અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા કોટેશ્વર મંદિરની આજુબાજુ ઘણા બધા વિકાસના કાર્ય પણ હાથ ધરવામાં આવ્યા છે, જેથી આવનાર સમયમાં ભક્તોને કોઈ તકલીફ ન પડે અને તેમની શ્રદ્ધા અખૂટ જળવાઈ રહે તેવી વ્યવસ્થા હાથ ધરવામાં આવશે."

ગુજરાતમાં આવેલ અન્ય શક્તિપીઠ

- કિર્તી ઠાકર



ભારત વર્ષની બાવન અગ્રણી 'શક્તિપીઠો' માં પાવાગઢ પણ પ્રમુખ શક્તિપીઠ તરીકે પ્રસ્થાપિત થયેલું છે, કારણ કે મહાશક્તિ એવી સતીદેવીના નશ્વર દેહના જમણા પગની આંગળીઓ, આ પવિત્ર સ્થળ પર પડવાથી... પાવાગઢ પણ સમગ્ર ભારતમાં અગ્રણી 'શક્તિપીઠ' તરીકે પ્રસિદ્ધિ પામ્યું છે. જેથી આદ્યાશક્તિ શ્રી કાલિકા માતાજીની પૂજા-અર્ચના/આરાધના કે દર્શનાર્થે, પ્રતિવર્ષ લાખો યાત્રિકો ભક્તિભાવપૂર્વક આ પવિત્રધામની મુલાકાત લઈને આધ્યાત્મિક આનંદનો લ્હાવો માણે છે. 'પીઠ નિર્ણય'નામના ગ્રંથમાં ઉપરોકત રહસ્ય રજુ થવા પામ્યું છે.

પાવાગઢ ખાતે આદ્યશક્તિ શ્રી કાલિકા દેવીની સ્થાપના વિશે પણ, છેક રામાયણના પ્રાચીન યુગ સુધી નજર દોડાવવી પડે છે... હજારો વર્ષ અગાઉ 'પુરાણકાળ' દરમ્યાન મહાન ઋષિઆત્મા શ્રી વિશ્વામિત્રજીએ આ પવિત્ર અને રમણિય પર્વત (પાવકાચલ પંચવક્ર) મહદંશે હિમાલયની સમાન પ્રકૃતિ ધરાવતો હોઈને... તેને પર્વતાધિરાજ હિમાલયનો પુત્ર માનવામાં આવે છે.

મહામાનવ વિશ્વામિત્ર ઋષિએ આ પહાડની પવિત્ર ભૂમિ પર લાંબા સમય સુધી ઉગ્ર તપશ્ચર્યા/આરાધના આદરીને 'બ્રહ્મર્ષિ' નું શ્રેષ્ઠતમપદ હાંસલ કર્યુ હતું. અને આ શ્રેષ્ઠપદની સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે... શ્રી કાલિકા દેવીએ અર્પેલા નવાર્ણ મંત્રના અનુષ્ઠાન દ્વારા શ્રી વિશ્વામિત્ર ઋષિ ઉચ્ચત્તમ પદને પામી શક્યા હોવાથી તેની ચિરંજીવ સ્મૃતિરૂપે, ઋષિ વિશ્વામિત્રજીએ આ પવિત્ર પર્વતની છેક ટોચ પર પોતાના સ્વહસ્તે, મહામાયા માઁ ભવાની શ્રી કાલિકાની સ્થાપના કરવાથી... આ પવિત્રતમ સ્થળ લાખો-કરોડો શ્રદ્ધાળુ ભક્તજનો માટે આધ્યાત્મિક વિશ્રાંતી માટેનું પ્રમુખ તીર્થક્ષેત્ર બની રહેવા પામ્યું છે. જેથી પ્રતિવર્ષ લાખોની સંખ્યામાં ભાવિકજનો પૂર્ણ શ્રદ્ધા અને વંદનીય ભાવના સહ.. આ પવિત્ર સ્થાનની મુલાકાત લઈને, પોતાની શ્રદ્ધાની અનુભૂતિ દ્વારા જીવનને વધુ ઉન્નત કક્ષાનું બનાવવા પ્રત્યે સતત પ્રયત્નશીલ રહેતાં હોય છે.

કુદરતી રીતે જ આ પહાડની રચના એવા વિશિષ્ટ આકારની છે કે... અમુક ભાવિ ચોક્કસ દિશાએથી નિરિક્ષણ કરવાથી, આ પર્વતના અલૌકિક સ્વરૂપની અનુભૂતિ થવા પામે છે ખાસ કરીને આ પવિત્ર પહાડનું વધુ ઊંચાઈએથી વિહંગાવલોકન કરતાં, નવાર્ણમંત્ર અંગેન યંત્રાકારે, આ પર્વતની કુદરત સર્જિત અલૌકિક આકૃતિ નજરે પડે છે.

પાવાગઢ (પાવકાચલ-પાવકદુર્ગ-પંચવત્ર) પર્વતની રચના... બિંદુ, પંચત્રિકોણ, અષ્ટદળવૃત્ત અને ચતુરાસાત્મક છે અને એવા પંચ ત્રિકોણાત્મક શિખરની છેક ટોચે... ભગવતી શ્રી કાલિકા સ્વયં બિંદુસ્થાને બિરાજ્યાં છે.

પરિણામે મંત્ર-તંત્ર, જાપ-અનુષ્ઠાન પદ્ધતિએ મનવાંચ્છિત ઉચ્ચપદની પ્રાપ્તિ માટેનું તે ઉત્તમોત્તમ સ્થાન બની રહેવા પામ્યું છે. આ હકીકતની અનુભૂતિ કરનાર અનેક સંતો-મહંતો આજે પણ આ પવિત્ર પર્વતની વિવિધ ટૂંક ઉપર કાંતો ગિરિકંદરાઓમાંનાં યોગ્ય સ્થાન પસંદ કરીને... પોતાના સિદ્ધિ પ્રાપ્તિ અંગેના ઉચ્ચતમ માર્ગે પૂર્ણ શ્રદ્ધાપૂર્વક આગળ વધી રહ્યાં છે, પરિણામ સ્વરૂપ અત્યારે પણ સંતો-મહંતોના અનેક આશ્રમ સ્થળ, આ પવિત્ર પહાડની પરિધમાં સ્થપાયેલાં નજરે પડે છે. જગતજનની શ્રી કાલિકા ભવાનીનું આ પવિત્ર સ્થાન શ્રદ્ધાળુ ભક્તોની મનોકામના પૂર્ણ કરવા માટે ખૂબ જાણીતું છે. માનવ જીવનમાં કોઈપણ પ્રકારની સિદ્ધિ માટે તેમજ ઝડપી સફળતા પ્રાપ્ત કરવા માટે શ્રી કાલી મંત્રને શ્રેષ્ઠ ગણવામાં આવ્યો છે.

જેથી દર વર્ષે લાખો યાત્રિકો, પૂર્ણ આસ્થા સહિત આ સ્થળની મુલાકાત લઈને આધ્યાત્મિક ઉન્નતિ હાંસલ કર્યાની લાગણી અનુભવે છે.

બેચરાજી :

જે શક્તિ વિવિધ (બહ) રૂપે ચરાચરમાં વ્યાપ્ત રહી છે. તે શક્તિનું નામ શ્રી બહુચરા છે. કુમારી સ્વરૂપ શ્રી બહુચરાજી તેમના વાહન કૂકડા પર સવારી કરે છે, જે નિદ્રામાંથી જાગૃત કરે છે. શ્રી બાળાદેવી પણ ભક્તોને અજ્ઞાનમાંથી જાગૃત કરે છે, અને સાચો રાહ ચીંધે છે. બહુચરમાનું આ કુંવારિકા સ્વરૂપ દાનવોનો નાશ કરનારૂં છે. આ શક્તિ પુરુષાતન પ્રેરે છે અને શૌર્ય, તેજ અને શક્તિનું ઉદ્‌ગમસ્થાન મનાય છે.

બેચરાજીમાં માતાજીના ચાર પ્રાગટ્ય થયા હતા એવું માનવામાં આવે છે, જેમાં પ્રથમ પ્રાગટ્યમાં શ્રી બાલા સુંદરીએ દંઢાસુર નામના રાક્ષસનો વધ કર્યો, બીજા પ્રાગટ્યમાં કપિલ ભગવાનના હસ્તે વરખડીના ઝાડ નીચે માતાજીના ગોખની સ્થાપના કરી તેમની પૂજા અર્ચના શરુ કરવામાં આવી હતી. ત્રીજું પ્રાગટ્ય તરીકે માતા બાળગોપાલ સમક્ષ પ્રગટ થયા હતા. અને સોલંકી કાળમાં તેજપાલને સ્ત્રી મટી નર બનવાનો સાક્ષાત્કાર કરાવી તેમનું આ સ્થાનક પ્રસિદ્ધિ પામ્યું હતું.

અહીં ચૈત્રી પૂનમે માતાજીના પ્રાગટ્યના દિવસે ચુંવાળ પંથક બહુચરાજીમાં માતાજીનો મેળો ભરાય છે ગુજરાતની ત્રણ શક્તિપીઠ પૈકી બહુચરાજીમાં શ્રદ્ધા,ભક્તિ અને શક્તિનો ત્રિવેણી સંગમ રચાય છે. પર શક્તિપીઠ પૈકી બાલા ત્રિપુરાસુંદરી બહુચરાજીના સ્થાનક મહેસાણા જિલ્લાના અનેક શ્રદ્ધા સ્થાનોમાં શિરમોર છે જ્યાં દક્ષ કન્યા માં ભગવતી સતીના હાથ પડેલા છે તે સ્થળે આ સ્થાન આવેલું છે, જેથી આ સ્થળ એક સિદ્ધ શક્તિપીઠ છે.

આ યાત્રાધામ માતાજીના સંકુલમાં મુખ્યત્વે ત્રણ મંદિરો આધ સ્થાન, મધ્યસ્થ અને મુખ્ય મંદિર આવેલું છે જેમાં નિર્મિત સુવર્ણજડિત બાલાયંત્રની પૂજા કરવામાં આવે છે. ચૈત્રી પૂનમના દિવસે મા બહુચરના ચાર પ્રાગટ્ય સ્વરૂપે મેળાની ઉજવણી થાય છે માતાજીને ચૈત્રી પૂનમ ની રાત્રે ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવે છે. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા યોજાતા મેળામાં લાખોની સંખ્યામાં લોકો ઉમટી પડે છે.

***લેખક ગુજરાત પ્રવાસન નિગમના પૂર્વ અધિકારી છે.**

ખેડબ્રહ્મા અંબિકા માતાજીના મંદિરનું વર્ણન :

- લેખકઃ જગદીશ ભટ્ટ

માતાજીના મંદિરના ખોદકામ વખતે બંને બાજુએથી બે મૂર્તિ નીકળેલી જે નવદુર્ગાની મૂર્તિઓ પૈકીની બે છે, મહિષાસુર મર્દિની તથા બ્રહ્માણી દેવીની મૂર્તિ. માતાજીના મંદિરની રચના મૂળથી જ યંત્ર આકારે છે. તે યંત્રમાં માતાજીનું તેજોમય રૂપ બિરાજે છે. માતાજીના ચોકમાંથી નીકળેલી બંને મૂર્તિઓ ખૂબ જ પ્રાચિન હોવાનું મનાય છે. માતાજીનો ચાચર ચોક મંદિરના અવશેષોથી ભરેલો હોવાનું મનાય છે. મુખ્ય મંદિરમાં પ્રવેશદ્વાર પાસે ગણેશજીની મૂર્તિ છે, જે દસમી શતાબ્દીની મનાય છે. દરવાજાના ડાબા હાથે ભૈરવની મૂર્તિ છે. એ કદાચ પહેલી શતાબ્દીની હોઈ શકે. આગળ જતાં પૂર્વ દિશાએ શિવાલય છે. તેના ગોખમાં ૩ ફૂટ ઉંચી શિવજીની મૂર્તિ છે. એક પગ સહેજ છૂટો છે. આ મૂર્તિ તંત્ર યુગની એટલે કે પ્રથમ કે દ્વિતીય શતાબ્દીની હોઈ શકે. મંદિરની બાંધણી સાદી છે, પણ તેનો આકાર યંત્ર સ્વરૂપે છે. મંદિરમાં ગર્ભગૃહ તથા ગૂઢ મંડપનો ભાગ આવેલો છે. જ્યાં મૂર્તિ બિરાજે તે ગર્ભગૃહ કહેવાય. ગર્ભગૃહ પછી દ્વારશાખ પછીનો બે કે ત્રણેક ફૂટનો ભાગ અંતરાલ કહેવાય. પછી જે ભાગમાં ઉભા રહી શકો તેને ગૂઢ મંડપ કહેવાય. અંબિકા માતાજીના મંદિરનો ગૂઢ મંડપનો ભાગ વિશાળ નથી. તેથી બહારના ભાગે ઉભા રહીને દર્શન કરી શકાય છે. ગૂઢ મંડપમાં સિંહનું સ્થાપન કરેલ છે. ગૂઢ મંડપમાં માત્ર પૂજારી જ પ્રવેશ કરી શકે છે. માતાજીની મૂર્તિ ઉંચી હોવાથી વેદી પર છે. ત્યાં શ્રીયંત્રનું સ્થાપન કરેલ છે. તેની આગળ માતાજીની પાદુકાઓ બિરાજે છે. ગૂઢ મંડપની અંદર બે ઉંચા ગોખ આવેલા છે, જેમાં પૂર્વ બાજુએ બહુચર માતાજીની મૂર્તિ બિરાજે છે. તે તથા ગૂઢ મંડપમાં જ ગણપતિનું સ્થાપન કરેલ છે. પશ્ચિમે ભૈરવનું સ્થાપન કરેલ છે. માતાજીનું મંદિર ઉત્તરાભિમુખ છે. માતાજીનો પ્રાગટ્ય દિન પોષ સુદ-પૂનમ છે.

ગુજરાતનું સર્વપ્રથમ સુવર્ણ મંદિર અંબાજી


– આશિષ કે. રાવલ

સુવર્ણ એ સૌથી કિંમતી ધાતુ ગણાય છે. પરંતુ સાથે સાથે સુવર્ણનો આધ્યાત્મિક મહિમા પણ અનેરો છે. સોનુ ક્યારેય કટાતું નથી તેથી તે શાશ્વતતાનું, અખંડતાનું પ્રતિક છે. સુવર્ણ એ શુદ્ધતા, ભવ્યતા અને ઐશ્વર્યનું પ્રતિનિધિત્વ કરે છે. મંદિરના નૃત્ય મંડપ પર ૨૮૮ જેટલા સુવર્ણ કળશો છે. આમ, અંબાજી માતાનું મંદિર ગુજરાતના પ્રથમ સુવર્ણજડિત મંદિર હોવાનું બહુમાન ધરાવે છે. ભારત વર્ષમાં અમૃતસર ગોલ્ડન ટેમ્પલ, કાશી વિશ્વનાથના મંદિરનું શિખર, તિરુપતિ મંદિરનું શિખર તથા બોધ ગયા ખાતેના બોધિસત્વના મંદિરો સુવર્ણજડિત છે.

ગુજરાતનું અંબાજીનું મંદિર પણ આજે ભારતના સુવર્ણ મંદિરોની યાદીમાં સ્થાન પામ્યું છે તે બાબત આપણે સૌ ગુજરાતીઓ માટે ગર્વ લેવા જેવી છે. અંબાજી માતાના મંદિરના ગર્ભગૃહના દ્વાર શાખ પર પણ શુદ્ધ સોનું જડેલું છે. પરમ તત્વ પ્રત્યેની આસ્થાને ક્યારેય સુવર્ણ કે બીજી ધન-સંપત્તિ થી માપવી શક્ય નથી. ઘણા લોકોને એવો પ્રશ્ન થતો હોય છે કે, ધર્મસ્થાનકોમાં સુવર્ણનો આટલો ઉપયોગ કેમ? તેનો જવાબ એ છે કે, સોનું જેમ શુદ્ધ છે, ઐશ્વર્ય અને ભવ્યતાથી યુક્ત છે. તેવું જ સોના જેવું મન, હૃદય અને આત્મા માના દર્શનાર્થીઓના પણ બને. પરમ તત્વની પ્રાપ્તિ માટે હૃદય અને મનની સોના જેવી શુદ્ધતા અનિવાર્ય છે.

મા અંબાનું મંદિર અંબાજી, જેનું શિખર ૧૦૩ ફૂટ ઊંચું છે, તેનો કળશથી લઈને જંઘા સુધીનો ૬૧ ફુટનો ભાગ લોકભાગીદારીથી સુવર્ણમય બનાવાયો છે. જેમાં કુલ ૧૪૦ કિલો સોનું ઉપયોગમાં લેવાયું છે. આ સાથે અંબાજી એ ગુજરાતનું સર્વપ્રથમ સુવર્ણ મંદિર બન્યું છે. મંદિરના શિખર પર જે સોનુ લગાવાયું છે, તેમાં દેશી પારા પદ્ધતિનો ઉપયોગ થયો છે. જે અંતર્ગત તાંબાની શીટો ઉપર સોનાના વરખને લગાવી મંદિરના શિખરની ડિઝાઈન મુજબ આકાર આપી સ્ક્રુ અને નટ બોલ્ટથી જડવામાં આવેલ છે. આ સમગ્ર કામગીરી માં ૧૫૭૧૧ કિલોગ્રામ તાંબાનો ઉપયોગ થયો છે.

સાંજના સમયે જ્યારે પશ્ચિમમાં સૂર્ય આથમતો હોય છે, ત્યારે સૂર્યકિરણોના અંબાજીના સુવર્ણ મંદિરના શિખર પરના પરાવર્તનથી જે અદભૂત આભા સર્જાય છે, તે જોવાનો લ્હાવો ચૂકવા જેવો નથી. અંબાજી મંદિર પ્રાંગણનો સૂર્યોદય અને સૂર્યાસ્ત તેના સૂવર્ણ શિખરની શોભાને વધુ જાજવલ્યમાન બનાવી મૂકે છે. માં અંબાના ભક્તોના નું હૃદય-મન સુવર્ણ જેવું શુદ્ધ અને તેજોમય બને તેવી અભ્યર્થના.






માતાજીના પગની એડીના દર્શન



ગબ્બર સ્થિત પવિત્ર જ્યોત



સૌભાગ્ય પ્રદાન પારસ પીપળી




મા અંબાના મૂળ સ્થાનક ગબ્બરનો મહિમા

અંબાજી ગામથી બે કિલોમીટર પશ્ચિમમાં સમુદ્ર સપાટીથી ૪૦૦ મીટરની ઉંચાઈ ધરાવતો ગબ્બર પહાડ અરવલ્લીની ગિરિમાળાના અવશિષ્ટ ભાગરૂપ મા અંબાના મૂળ સ્થાનક તરીકે ઓળખાય છે. ગબ્બર પર્વતની છેક ટોચે માતાજીનો ગોખ છે, જેમાં અખંડ જ્યોત વર્ષોથી પ્રજ્વલિત છે. કહેવાય છે કે માતાજીના પગની એડીઓ અને રથના પૈડાના નિશાન ગબ્બર પર્વતની ટોચે વર્તમાન સમયમાં પણ હયાત છે. ગબ્બર પર્વતને જ માતાજી નો મહેલ ગણવામાં આવે છે. ગોવાળિયાની પેલી લોક ચર્ચિત વાર્તામાં ગોવાળીયો તેનું ચરામણ માતાજી પાસે લેવા માટે આ જગ્યાએ જ આવ્યો હતો, જ્યાં તેને રાજપાટના દર્શન થયા હતા. પ્રાચીન સમયમાં આ વિસ્તાર ગબ્બર ગઢ તરીકે ઓળખાતો હતો, જ્યાંથી નજીકના જંગલોમાં ખંડિત કિલ્લાના અવશેષો આજે પણ જોઈ શકાય છે. ગબ્બર પર્વત અને અંબાજીના મુખ્ય મંદિરનું સ્થાન પૂર્વ-પશ્ચિમ સીધી લીટીમાં હોઈ, મંદિરના સભાગૃહમાં ઊભા રહીને પાછળની પશ્ચિમ બાજુએ નજર કરશો, તો રાત્રિના સમયે અંબાજીના મંદિર માંથી નરી આંખે ગબ્બરની જ્યોતના દર્શન થશે. કેટલો અદભૂત નજારો ! ગબ્બરની પર્વતની મધ્યમાં માતાજીના ઝૂલા સ્થાનક છે, જ્યાં માતાજીનો હીચકો છે. પવિત્ર હૃદય, શુદ્ધ મન અને અતૂટ આસ્થા ધરાવનારા માતાજીના ભક્તો ને ઘણીવાર એક અદભુત અનુભવ થતા જાય છે, જ્યારે તેઓ માતાજીના ઝૂલા પાસે રહેલા ખડક પર કાન મુકીને સાંભળે છે, ત્યારે હીંચકાનો કિચૂડ કિચૂડ નો અવાજ સંભળાય છે.

દેવી ભાગવતમાં ઉલ્લેખ છે કે નંદ અને યશોદા શ્રીકૃષ્ણની બાબરી ઉતારવા માટે ગબ્બર આવેલા. વર્તમાન સમયમાં ગબ્બરની ચારેકોરે ૫૧ શક્તિપીઠોનું નિર્માણ કરવામાં આવ્યું છે. ગબ્બર પર્વત સીધા ખડક વાળો ગુંબજ આકાર પહાડ છે, જે પર્વતારોહણ માટે પણ શ્રેષ્ઠ છે. રાત્રિના સમયે ગબ્બરની ટોચે ઉભા રહીને વાયવ્ય દિશા તરફ નજર કરશો તો માઉન્ટ આબુના પહાડી માર્ગે આવન-જાવન કરી રહેલા વાહનોની હેડલાઈટ દેખી શકશો. વાતાવરણ સાફ હોય ત્યારે ગબ્બરની ટોચે થી જેસોર અને ગુરુ શિખરને પણ નરી આંખે નિહાળી શકાય છે.

ગબ્બર એ તો માતાજીની સાક્ષાત માંડવી છે. પેલા ગરબા ની પંક્તિઓ છે ને! "ગબ્બરની લઈ માંડવી માથે ઘુમતી મોરી માં",ગબ્બર રૂપી માંડવી ઉપર ગગન ગોખ રૂપી ગરબો લઈને માં સમસ્ત બ્રહ્માંડનું ચક્ર ચલાવી રહી છે. ગબ્બર એ મા નું હૃદય સ્થાનક છે. ગબ્બર ગોખમાં અખંડ જ્યોત ચોવીસે કલાક પ્રગટેલી રહેતી હોઈ કાળી મેષને દર્શનાર્થીઓ માના પ્રસાદ સ્વરૂપે સાથે લઈ જાય છે. ગબ્બરની અખંડ જ્યોત પ્રતીક છે; પરમાત્માની શાશ્વતતાનું અને તેના સર્વ વ્યાપી પણાનું.

***લેખક શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજીના જનસંપર્ક અધિકારી અને સીસ્ટમ ઓફિસર છે.**





ગબ્બર ખાતે પરિક્રમા પથમાં

અનેરો સંગમ





વિશ્વભરના

૫૧

શક્તિપીઠના

એક સાથે દર્શનનો મહાલાભ





પધારો....શ્રી ૫૧ શક્તિપીઠ દર્શન પરિક્રમા કરીએ

શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજી જિ.બનાસકાંઠા (ગુજરાત)

Web Site :- www.ambajitemple.in
Web Site :- www.51shaktipeethambaji.org
Ph. No. : 02749-262136, 262636

Follow on us Facebook :- www.facebook.com/51shaktipeethambaji
Follow on us Facebook :- www.facebook.com/ambajitempleofficial
E-mail : jayambe_ad1@rediffmail.com